થીઑસૉફીકલ કુસુમમાળા
કુસુમ ૨ જું.

મનુષ્યમાંથી મહાત્મા.

લેખક.
હરજીવન કાલિદાસ મહેતા.

મુંબઇ.

જુલાઈ ૧૯૨૨. કીંમત આના દશ.

ઑર્ડર ઑફ ધી સ્ટાર ઈન ધી ઇસ્ટ.

(તારક સંઘ)

ના

સિદ્ધાન્તો.

૧. અમે માનીએ છીએ કે કોઇએક મહાન્ગુરૂ થોડા વખતમાં જગત્માં પધારશે, અને તેઓ પધારે ત્યારે તેમને ઓળખવાને અમે લાયક થઇએ તેવું જીવન હમણાંથીજ ગાળવાની અમારી ઇચ્છા છે.

૨. તેટલા માટે, અમે તેમને હમેશાં સ્મરણમાં રાખવા અને અમારા હમેશના વ્યવહારમાં જે કાર્ય કરવાનું હશે તે તેમને નામે કરવા અને તેથી અમારાથી જેટલું સારૂં થઇ શકે તેટલું સારૂં કરવા પ્રયત્ન કરીશું.

૩. અમારાં હમેશનાં કાર્યક્રમમાં આડે ન આવે તેવી રીતે, દિવસનો અમુક ભાગ, તેમના આગમનની તૈયારી કરવામાં સહાયભૂત થાય તેવું કોઇ ચોકસ કાર્ય કરવામાં હમેશાં રોકાશું.

૪. **ભક્તિ, દૃઢતા** અને **નમ્રતાને** અમે અમારા નિત્યજીવનના મુખ્ય સદ્ગુણો બનાવીશું.

૫. તેમના નામે અને તેમને અર્થે જે કંઇ કાર્ય કરવા અમે પ્રયત્ન કરીએ તેમાં તેમના આશીર્વાદ ઉતારવા માટે સવારસાંજ થોડો વખત તેમનું ધ્યાન અગર તેમની પ્રાર્થના કરવા પ્રયત્ન કરીશું

૬. જે કોઇમાં મહત્તા હોય તેનામાં તે મહત્તાને પિછાણવા અને તેને માન આપવા અને જેઓ આધ્યાત્મિક વિષયમાં અમારાથી આગળ વધેલા હોય તેઓની સાથે બની શકે તેટલો સહકાર કરવા પ્રયત્ન કરવો એને અમે અમારો ખાસ ધર્મ સમજીશું.

આ સંસ્થાના સભ્ય થવા માટે કશી ફી રાખવામાં આવી નથી. વિશેષ માહીતી જોઇતી હોય તેમણે નીચેને શીરનામે લખવું.

રા. મગનલાલ ત્રિભોવનદાસ વ્યાસ. બી. એ. બી. ટી.

મંત્રી, **તારકસંઘ.**

શુકલતીર્થ, જીલ્લે ભરૂચ,

થીઑસૉફીકલ કુસુમમાળા
કુસુમ ૨ જું.

મનુષ્યમાંથી મહાત્મા.

લેખક.
હરજીવન કાલિદાસ મહેતા.

મુંબઇ.

જુલાઈ ૧૯૨૨. કીમત આના દશ.

પ્રસ્તાવના.

થીઑસૉફીકલ સોસાઇટીમાં ભ્રાતૃભાવ સિવાય કોઇપણ માન્યતા ફરજીયાત નથી. તેનો દરેક સભ્ય પોતાના અભ્યાસ અને માન્યતાને માટે તદ્દન સ્વતંત્ર છે. એકની માન્યતા તે આખી સોસાઇટીની માન્યતા નથી. જેમ જેમ કોઇ મનુષ્ય થીઑસૉફીનાં પુસ્તકોનો અભ્યાસ નિષ્પક્ષપાતપણે કરે છે અને તેના શિક્ષણ પ્રમાણે નીતિમય જીવન ગુજારવાનો પ્રયત્ન કરે છે, તેમ તેમ તેની જ્ઞાનદૃષ્ટિની મર્યાદા વિશાળ થતી જાય છે. જ્યારે તે વિશ્વના નિયમો: કર્મ, પુનર્જન્મ, વિકાસક્રમ આદિનો સમજપૂર્વક અભ્યાસ કરે છે ત્યારે તેને જીવનના ઘણા પ્રશ્નોનું નિરાકરણ થઇ જાય છે, અને જગત્ના ધર્મોમાં વિશ્વાસ ઉપર માની લેવામાં આવતી કેટલીક બાબતો તેને અનુભવ સિદ્ધ થઇ જાય છે. પછી તે પોતાના અભ્યાસનું પરિણામ પોતાના માનવબંધુઓ આગળ રજુ કરે છે. આમ કરવામાં કેટલીક વખત તે લોકોનો ટિકાપાત્ર થાય છે. પરંતુ જો તેને પોતાના વિચારની સત્યતાની ખાત્રી હોય છે તો તે બહારની ટિકાથી કદિ દુ:ખી થતો નથી.

આ પુસ્તકમાં પ્રગટ થયેલા વિચારો એ લેખકના હિંદુધર્મ અને થીઑસૉફીના યથાશકિત અભ્યાસના પરિણામરૂપ અને હડાળા થીઑસૉફીકલ અભ્યાસવર્ગમાં ગયા બે માસમાં દીક્ષામાર્ગ ઉપર લેખકે સાત વ્યાખ્યાનો આપ્યાં હતાં તેના ટુક સારરૂપક છે. તે વિચારો માટે લેખક પોતે જવાબદાર છે; થીઑસૉફીકલ સોસાઇટી કે તેનો બીજો કોઇ સભ્ય જવાબદાર નથી.

આ પુસ્તકમાં ભગવાન્ શ્રીકૃષ્ણ ભગવાન્ શંકરાચાર્ય તથા ભગવાન્ બુદ્ધના વચનોનો તથા સોસાઇટીના નેતા ડૉ. એની બેસન્ટ. બીશપ સી. ડબલ્યુ. લેડબીટર અને શ્રીયુત જીનરાજદાસના લેખોનો ઘણો ઉપયોગ કરેલો છે આને માટે લેખક તે સૌનો અન્તઃકરણપૂર્વક ઉપકાર માને છે.

મુંબઇ.
વ્યાસપૂર્ણિમા ૧૯૭૮.

હરજીવન કાલિદાસ મહેતા.

વિષયાનુક્રમ.

સિદ્ધસંઘ અને તેના મહાપુરૂષોને

ભક્તિપુરઃસર

અર્પણ.

વિકાસક્રમ.

કોઇપણ વસ્તુ પોતાની મેળે એકાએક બની જતી નથી. દરેક વસ્તુનો વિચારક, યોજક અને રક્ષક હોય છે, નહિ તો તે હોઇ શકતી નથી, ટકી શકતી નથી. જો એક સામાન્ય વસ્તુની આ સ્થિતિ છે તો જેમાં મનુષ્યની બુદ્ધિ કામ કરી શકતી નથી એવું આ મહાન્ વિશ્વ અકસ્માત્ રીતે ઉત્પન્ન થયું હોય, તેનો કોઇ વિચારક યોજક કે રક્ષક ન હોય એવું તો બની શકે જ નહિ. સદ્દભાગ્યે હવે જડવાદના દિવસો પૂર્ણ થવા આવ્યા છે અને ચૈતન્યવાદ-આસ્તિકવાદના દિવસો શરૂ થઇ ગયા છે. વિજ્ઞાનશાસ્ત્ર કે જે આશરે ત્રીશ ચાલીશ વર્ષ પહેલાં જડવાદનો સાથી થઇ બેઠું હતું તે પણ હવે બદલાતું જાય છે અને તે પણ હવે જીવનમાં, જીવમાં, પરમાત્મશક્તિમાં માનવા લાગ્યું છે તથા કુદરતના-પરમાત્માના વિશ્વવ્યાપક નિયમો પૈકી કેટલાક નિયમોની શોધ કરી રહયું છે. થોડાં વર્ષોમાં કદાચ એવો સમય આવશે કે જ્યારે વિજ્ઞાનશાસ્ત્ર ધાર્મિક બનશે-ધર્મોમાં કહેલાં સત્યોને માનતું થશે અને ધર્મો વિજ્ઞાનવાદી બનશે એટલે કે ધર્મો પણ પોતાનાં સત્યો માત્ર વિશ્વાસ ઉપર માની લેવાનું નહિ કહે પણ વિજ્ઞાનિક રીતે તેની ખાત્રી કરી આપવા તૈયાર થશે.

જગતના સઘળા ધર્મો, સઘળી તત્ત્વવિદ્યાઓ અને શાસ્ત્રો અત્યારે એટલું તો કબુલ કરી રહયાં છે કે વિશ્વમાં કોઇ એક એવી શકિત છે કે જે સર્વવ્યાપક છે, સર્વજ્ઞ છે અને સર્વ શકિતમાન છે, અને તે શકિતના હાથમાં આખા વિશ્વનું તંત્ર છે. એક સામાન્ય મનુષ્ય, જો કંઇ વસ્તુ બનાવે છે તો તેને માટે કંઇને કંઇ હેતુ પોતાના મનમાં રાખે છે તો પછી આવું વિશાળ વિશ્વ, હેતુ વગરનું હોય એમ તો કદિ સંભવેજ નહિ. જગતના ધર્મો જમાનાથી કહી રહ્યા છે

અને હાલનું વિજ્ઞાન શાસ્ત્ર હવે કહેવા શિખ્યું છે કે વિશ્વમાં અમુક અમુક નિયમો કાર્ય કરી રહ્યા છે અને તે નિયમને આધારે આ વિશ્વ ચાલી રહ્યું છે. અત્યાર સુધીમાં સુપ્રસિદ્ધ થયેલા વિશ્વનિયમો–કુદરતના નિયમો–પૈકી વિકાસક્રમનો નિયમ એક મુખ્ય નિયમ છે. દરેક અણુથી માંડીને મોટામાં મોટા ગ્રહ પર્યન્ત અને એક નાનામાં નાના જીવ (Amœba) થી માંડીને મોટામાં મોટા નામ રૂપવાળા દેવ સુધી સૌ કોઇ આ નિયમને તાબે છે અને સૌ કોઇ પ્રગતિ કરી રહ્યું છે. આ નિયમને લીધે પ્રકૃતિ ક્ષણે ક્ષણે વિશુદ્ધ થતી જાય છે અને જીવન ક્ષણે ક્ષણે વધારે સચેત થતું જાય છે. ટુંકામાં આ નિયમ સૌ કોઇ પ્રાણીને પ્રગતિને માર્ગે ધકકેલી રહ્યો છે. જીવન પ્રવાહ અજીવસત્વ (Elemental Kingdoms)–ખનીજ પહેલાની ભિન્ન ભિન્ન સ્થિતિ–માંથી પસાર થઇને ખનીજ વર્ગમાં આવે છે. લાખો વર્ષ સુધી ખનીજનો અનુભવ લઇ, તે વનસ્પતિવર્ગમાં પ્રવેશ કરે છે. લાખો વર્ષ તેમાં ગાળી, તે ધોરણનું શિક્ષણ લઈ તે પશુવર્ગમાં દાખલ થાય છે. લાખો વર્ષો સુધી તે સ્થિતિનો અનુભવ મેળવી તે માનવવર્ગમાં આવે છે. આ પ્રમાણે સામાન્ય ચૈતન્ય–Life–માંથી રફતે રફતે વિશેષ ચૈતન્ય–Individual Consciousness–બને છે, જીવનમાંથી જીવ થાય છે, અને માનવવર્ગમાં આવ્યા પછી વિશેષચૈતન્ય રફતે રફતે મહાચૈતન્ય–Universal Consciousness બનવા માંડે છે. પરમાત્માનો આ નિયમ બહુ સુંદર છે. તે દરેકને પ્રભુતા તરફ લઇ જાય છે. ગમે તેવા જડવાદી, ગમે તેવા નાસ્તિકને પણ તે ચૈતન્યવાદી, આસ્તિક બનાવી રહ્યો છે.

કોઇ પણ મનુષ્ય એકાએક માનવ શરીરમાં આવેલો નથી પણ તે નીચેની ખનીજ, વનસ્પતિ અને પશુ સ્થિતિમાંથી પસાર થયેલો છે અને તેના વારસા તરીકે તેનામાં હાડકાં જેવો ખનીજપદાર્થ, વાળ અને રૂંવા જેવો વનસ્પતિપદાર્થ અને લોહી અને માંસ જેવો પશુપદાર્થ

રહેલો છે. બીજા શબ્દોમાં કહીએ તો ખનીજવર્ગનો તમોગુણ, વનસ્પતિવર્ગનો તમોરજોગુણ અને પશુવર્ગનો રજોગુણ હજી તેનામાં છે. અત્યારે આ પૃથ્વી ઉપર માનવદેહધારી મનુષ્યો તો ઘણા છે. પણ ખરી મનુષ્યતા–માણસાઇ–સાત્વિક ગુણ બહુજ થોડા મનુષ્યોમાં છે. કારણ કે માનવદેહમાં જન્મવાથીજ માનવવર્ગની પૂર્ણતા પ્રાપ્ત થતી નથી; પણ મનુષ્યત્વને પૂર્ણ રીતે ખીલવવાથીજ થાય છે. એટલાજ માટે ભગવાન્ શંકરાચાર્યે પોતાના વિવેકચૂડામણિ નામના ગ્રંથમાં કહ્યું છે કે;—

जन्तूनां नरजन्मदुर्लभमतः, पुंस्त्वं ततो विप्रता
तस्माद्वैदिकधर्ममार्गपरता, विद्वत्वमस्मात्परम् ।
नित्यानित्यविवेचनं, स्वनुभवो, ब्रह्मात्मना संस्थितिः
मुक्तिर्नो शतजन्मकोटि सुकृतैः पुण्यर्विना लभ्यते ॥

"સઘળી જાતના જીવોમાં નરજન્મ પ્રાપ્ત કરવો ઘણો કઠીન છે. માનવ દેહમાં જન્મ્યા પછી માણસાઇ પ્રાપ્ત કરવી તે ઘણી કઠીન છે. માણસાઇ પ્રાપ્ત કર્યા પછી વિપ્રતા–શમ, દમ તપ, શૌચ, ક્ષમા, સરલતા જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિકયવાળા થવું એ ઘણું દુર્લભ છે. વિપ્રતા મેળવ્યા પછી વૈદિકધર્મમાર્ગ પરાયણ થવું–સત્ય શોધક થવું, જ્યાં જ્યાં સત્ય હોય ત્યાંથી ગ્રહણ કરવાને તૈયાર રહેવું તે બહુ કઠીન કામ છે. એ સ્થિતિએ પહોંચ્યા પછી વિદ્વાન્ થવું અને બીજાને સત્ય વિદ્યાનું ભાન કરાવવું તે બહુ મુશ્કેલ છે. વિદ્વાન્ થયા પછી નિત્ય અને અનિત્ય વસ્તુનો વિચાર કરીને વિવેક પુરઃસર જીવન ગુજારવું તે બહુ ભારે કામ છે. વિવેકી થયા પછી આત્મસાક્ષાત્કાર કરવો અને બ્રહ્માત્મરૂપે–મહા ચૈતન્ય સાથે એકતાર થઇને રહેવું એ વળી વિશેષ કઠીન કાર્ય છે. (ટુંકમાં) કરોડો જન્મોના પુણ્યકર્મો વિના (માત્ર બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે એવી વાતો કરવાથી) મુક્તિ મળતી નથી."

વિકાસક્રમના નિયમની દ્રષ્ટિએ વિચાર કરતાં માનવ જીવનની પૂર્ણતાએ પહોંચતા પહેલાં જીવને માનવ વર્ગની જુદી જુદી સ્થિતિમાંથી પસાર થવું પડે છે. માનવજીવનની આવી સ્થિતિને આપણે હાલ તુરત ધોરણ નામ આપીશું અને તે જીવનને બારીકીથી તપાસીશું તો જણાશે કે તેને આપણે મનુષ્ય શરીરમાં રહેલાં તત્ત્વો મુજબ સાત ધોરણમાં વહેંચી શકીશું. કોઈ પણ જીવ મનુષ્ય દેહમાં જન્મવાની સાથે પૂર્ણપુરૂષ થઈ જતો નથી, પણ પ્રથમ તો તે માનવજાતિના પહેલા ધોરણમાં એટલે કે જંગલી સ્થિતિમાં દાખલ થાય છે. આ ધોરણનું નામ આપણે **દેહાત્મા** પાડીશું. આ સ્થિતિમાં તે માત્ર દેહને ખાતરજ જીવે છે અને દેહનીજ તૃપ્તિ કરવા પ્રયત્ન કરે છે, પોતાના સીવાય બીજા કોઇની તે પરવા કરતો નથી. તેનામાં અને પશુમાં બહુ વધારે ફરક હોતો નથી. બલકે કેટલાંક પશુઓના કરતાં તે વધારે ભયંકર અને હિંસક હોય છે. આવી સ્થિતિનો અનુભવ અમુક જન્મો સુધી લીધા પછી, આવી સ્થિતિની મુશ્કેલીઓ અને દુ:ખો સહન કર્યાં પછી તે, જંગલમાં વસતી ભીલ, ભરવાડ, વાઘરી, જેવી પહાડી અને અર્ધ જંગલી જાતોમાં જન્મ લે છે. ત્યાં તે જગતનાં પાળી શકાય તેવાં ઉપયોગી જાનવરો અને ગામો તથા શહેરમાં વસતી માનવજાતિના સંબંધમાં આવે છે અને બને ત્યાંસુધી પોતાના પ્રાણનું રક્ષણ કરવું અને બીજાનો પ્રાણ ન લેવો એવું સામાન્ય રીતે માનવા શિખે છે માટે આ ધોરણને **પ્રાણાત્મા** એવું નામ આપી શકાય છે. આવી સ્થિતિનો કેટલાક જન્મો સુધી અનુભવ લીધા પછી તે જીવ જંગલી અને અર્ધ જંગલી સ્થિતિમાંથી બહાર આવી—અતિ શુદ્રની સ્થિતિમાંથી નીકળી—કહે તેટલુંજ કરે તેવી મજુર કોટિ—શુદ્રકોટિ—માં જન્મ લે છે. આવે સ્થળે જન્મ થતાં તે માનવજાતિના સંબંધમાં વધારેને વધારે આવે છે અને પોતાનાથી ઉંચી સ્થિતિના લોકોના વૈભવ જોઇ તેવા વૈભવનો થોડો અંશ પણ પ્રાપ્ત કરવાની કામના તેનામાં

ઉત્પન્ન થાય છે, તેને પણ લગ્ન કરવાની, ઘરેણાં પહેરવાની, નાનું સરખું ઘર બાંધવાની, રંગિત કપડાં પહેરવાની, થોડુ ઘણું સુખી જીવન ગુજારવાની વાસના જાગ્રત થાય છે અને પછી તે પોતાની કામનાની તૃપ્તિને અર્થે પૈસા મેળવવા માટે શરીરથી સહન થઇ શકે તેટલો ત્રાસ ભોગવે છે. શરીરથી તે સખત મજુરી કરે છે. ગમે તેવું અપમાન સહન કરે છે અને પોતાની કામના સંતોષવા માટે પોતાના શરીરને પોતાનું હથીયાર બનાવે છે. આવી સ્થિતિમાં તેને **કામાત્મા** કહી શકાય છે. અહિં તેનો આત્મા માત્ર કામનારૂપજ થઇ રહ્યો હોય છે. આવું જીવન કેટલાક જન્મો સુધી જીવ્યા પછી અને તેનો પાઠ શિખ્યા પછી તે જીવ શુદ્ર કોટિનો ત્યાગ કરી પ્રાચીન કાળમાં મનુ ભગવાને કહેલી વૈશ્ય કોટિમાં પ્રવેશ કરે છે. આ સ્થિતિમાં તે વસુ અને વૈભવ વધારવા પાછળ મચી રહે છે. તેને માટે અનેક પ્રકારની યુકિત પ્રયુકિતઓ રચે છે, અનેક પ્રકારના વિચાર કરે છે, અનેક પ્રકારની શકિત ખીલવે છે, અનેક પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, પોતાનાં શરીર, પ્રાણ, વૃત્તિ, અને વિચારોનો ઉપયોગ માત્ર ઉપરની એજ વસ્તુ મેળવવામાં કરે છે. આવો પ્રયત્ન કરતાં તે પોતાની મનશકિત ખીલવે છે માટે તેને **જ્ઞાનાત્મા**–જગતનું સ્વાર્થને લગતું જ્ઞાન ધરાવનાર આત્મા–એવું નામ આપી શકાય છે. પણ જ્યારે આ સ્થિતિનો ઘણા જન્મો સુધી અનુભવ લે છે ત્યારે અને જ્યારે કોઇ એક જન્મમાં પોતે પ્રાપ્ત કરેલા મહાન વૈભવ અને અતુલ સંપતિ છોડીને જવાનો સમય આવે છે, અગર તો કોઇ જન્મમાં જ્યારે પોતાનાં વસ્તુ અને વૈભવ પોતાને છોડીને ચાલ્યાં જાય છે ત્યારે તેની આંખો ઉઘડે છે અને તેને માલુમ પડે છે કે માણસે માત્ર વસુ અને વૈભવનેજ માટે જીવવાનું નથી પણ કોઇ તેના કરતાં પણ વધારે કીંમતી વસ્તુને ખાતર જીવવાની જરૂર છે. તે વધારે કીંમતી વસ્તુ તે પોતાનો જીવાત્મા અને તેના જીવ તરીકેના સદગુણો છે. મરણ પછી જો કોઇપણ કીમતી

ચીજ જીવાત્માની સાથે જતી હોય તો તે તેના સદ્દગુણો અને શક્તિઓ છે. બાકીનું સઘળું નાશવંત છે. આ જ્ઞાન થતાં તે ઉચ્ચ ધોરણમાં એટલે કે પ્રાચીનકાળની ક્ષત્રિયકોટિમાં જન્મ લે છે. અહિયાં તે વસુ અને વૈભવના કરતાં અશક્તનું રક્ષણ કરવું, બીજાનો બચાવ કરતાં પોતાના શરીરનો ત્યાગ કરવો પડે તો તે કરવો, નીતિને માર્ગે ચાલવું, અનીતિને માર્ગે જનારને શિક્ષા કરવી, યુદ્ધમાંથી નાશી જવા કરતાં સામે પગલે મરવું, ઘણાં લોકોનું રક્ષણ કરનારૂં ઐશ્વર્ય પ્રાપ્ત કરવું, પોતે જ્યાં જ્યાં હોય ત્યાં નિયમ અને સુવ્યવસ્થા જાળવવી, મરણથી કદી ન ડરવું, વગેરે વગેરે પસંદ કરે છે અને રફતે રફતે જીવાત્મા તરીકે વધારે જીવવા લાગે છે. એટલા માટે આ ધોરણનું નામ **વિજ્ઞાનાત્મા** કહેવાય છે. અહિંયા તેને જગતના જ્ઞાન ઉપરાંત જીવાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય છે અને તે રફતે રફતે આખા માનવ જાતિનો બંધુ બનવા પ્રયત્ન કરે છે. આ ધોરણનો અભ્યાસ પૂરો થતાં તે આગળની બ્રાહ્મણકોટિમાં જન્મ લે છે. (અહિંઆ આગળની શુદ્ર કોટિ, આગળની વૈશ્ય કોટિ, આગળની ક્ષત્રિય કોટિ, આગળની બ્રાહ્મણ કોટિ એવા શબ્દોનો પ્રયોગ કર્યો છે તેનું કારણ એજ કે આજે કહેવાતી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર જાતિઓમાં તે તે જાતના ગુણ કર્મો રહયાં નથી.)

બ્રાહ્મણકોટિમાં જન્મ થતાં તે સઘળા નીચેના વર્ણોનો ગુરૂ થાય છે કારણ કે તે માનવ વર્ગના નીચેના ધોરણમાંથી પસાર થઇ ગયો છે તેથી નીચેના ધોરણોના ધર્મો તે સારી રીતે જાણે છે અને નીચેના ધોરણોમાંથી જલદી પસાર થવા માટે કેવું જીવન ગુજારવું જોઇએ તે તે સારી રીતે સમજે છે માટે તે બીજાને શિખવી શકે છે. ભગવાન્ મનુના કહેવા મુજબ:—

उत्पत्तिरेव विप्रस्य मूर्तिर्धर्मस्य शाश्वतिः
स हि धर्मार्थमुत्पन्नो ब्रह्म भूयाय कल्पते ॥

'બ્રાહ્મણ એ ધર્મની જીવતી જાગતી મૂર્તિજ છે. તે લોકોને ધમનો બોધ કરવા માટેજ જન્મે છે અને પછી બ્રહ્મમય બની જાય છે.' બ્રાહ્મણ સ્થિતિએ પહોંચતાં તેને ખાત્રી થાય છે કે 'જગત્ મારે માટે નથી પણ હું જગતને માટે છું. મારૂં તેટલુંજ સારૂં એ માનવું ભૂલ ભરેલું છે પણ જે કંઇ સારૂં હોય તેજ મારૂં. માટે જ્યાં જ્યાં સત્ય હોય ત્યાંથી ગ્રહણ કરવાની જરૂર છે.' પછી તે આખી માનવ જાતિના ભ્રાતૃભાવમાં માને છે એટલું જ નહિ પણ માનવ જાતિના ઉદ્ધાર માટે જેટલાં દુઃખો સહન કરવા પડે તેટલાં સહન કરવાં અને સઘળાં ભૂતપ્રાણીમાં વસી રહેલા પરમાત્માને પ્રગટાવવા બનતો પ્રયાસ કરે છે. તેનો આનંદ બીજાને સત્ય જ્ઞાન આપવામાં અને બીજાને પ્રગતિમાં આગળ વધારવામાં જે મુશ્કેલીઓ ભોગવવી પડે, જે સંકટો સહેવાં પડે તેમાં અને સૌ કોઇમાં માત્ર જીવ ભાવના નહિ પણ પરમાત્મભાવના દર્શન કરવામાંજ રહેલો છે માટે તે ધોરણનું નામ **આનંદાત્મા** છે. આ ધોરણ વધારે ઉંચું છે અને તેમાં બહુ થોડાજ જીવો હોય છે. પણ કોઇપણ માણસ જો જગતમાં દૃષ્ટિ કરશે તો આવા જીવો પણ નજરે પડશે ખરા. પછી ભલે તે 'સૌ લાખન મેં એક' હોય. આનંદાત્માના ધોરણમાં અમુક કાળ સુધી અનુભવ લીધા પછી તેને પોતાને જ પ્રશ્ન ઉત્પન્ન થશે કે જ્યારે સૌ કોઇ પ્રાણીમાં પરમાત્મા વસી રહયા છે અને તેનેજ લીધે સૌકોઇ પ્રાણીની સ્થિતિ છે તો પછી મારામાં પણ તે કેમ નહોય ? આ પ્રશ્નનો અંદરથીજ તેને ઉત્તર મળશે કે ખરી રીતે આ આખું વિશ્વ પરમાત્માની શક્તિથીજ ચાલી રહયું છે, **ईशावास्यमिदं सर्वं यत्किंचिज्जगत्यां जगत्** । આ બદલાતી દુનીયામાં જે કંઇ છે તેમાં

સવમાં નહિ બદલાય તેવી એકજ વસ્તુ છે અને તે પરમાત્મા જ છે. માટે પરમ સત્ય શું છે તે જાણવા ઇચ્છનાર માણસે સૌમાં પરમાત્માનેજ જોવા જોઇએ. તેને ખાત્રી થશે કે અત્યાર સુધી તે જેને 'હું' કહેતો હતો, માનતો હતો તે ખરો 'હું' નહોતો. તે તો માત્ર પરમાત્માની યોજના પૂર્ણ કરવાનું એક હથીયારજ હતો. ખરો 'હું' તો દુનીયામાં એકજ છે. આ સ્થિતિએ પહોંચતાં **सोऽहम्**—તેજ હું, હું, તે હું નહિ, નિસ્ત હસ્તિ મગર યજદાં—યજદા (પરમાત્મ) સીવાય બીજું કંઇ છેજ નહિ, અનલ હક્ક—ખરૂં સત્ય તેજ હું છું, I and my Father are one—હું અને મારો પિતા એકજ છીએ, આવા જુદા જુદા ધર્મોનાં પરમ સત્યો તેને સમજાઇ જાય છે. હવે તે જાણે છે કે:—

श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद्वाचोह
वाचं स उ प्राणस्य प्राणश्चक्षुश्चक्षुः ।

કાનને સાંભળવાની, મનને વિચાર કરવાની, વાણીને બોલવાની, પ્રાણ ને પ્રાણ લેવાની અને ચક્ષુને જોવાની શકિત આપનાર સર્વ હૃદયવાસી પરમાત્માજ છે, મનુષ્ય નથી. તેને ભાન થાય છે કે "અરે ! હું તો જમાના સુધી પ્રભુ સાથે રહ્યો તોય મને અત્યાર સુધી પ્રભુનું ભાન ન થયું તે અજાયબી છે. પ્રભુએ મારા શરીરમાં વસી મારા મોમાં અમી પેદા કર્યું છે, હૃદય ચલાવી લોહી શુદ્ધિ કરી છે, ફેફસાં ચલાવી લોહીનો વિકાર દુર કર્યો છે, જઠરમાં, લીવરમાં, કીડનીમાં જુદા જુદા રસો ઉત્પન્ન કરી શરીરને ટકાવી રાખ્યું છે. સઘળી ઇન્દ્રીયોને તેનું કામ કરવાની શકિત આપી છે. છતાં મને તેનું ભાન થયું નહોતું. હવે તો મને ભાન થયું છે કે **सहि वृक्षस्य रेरिवा**. ઝાડની ડાખળીને હલાવનાર પણ એજ પ્રભુ છે. તે ખનીજમાં ખનીજ રૂપે, વૃક્ષમાં વૃક્ષરૂપે, પશુમાં પશુરૂપે, મનુષ્યમાં મનુષ્યરૂપે, દેવમાં દેવરૂપે રહેલા છે અને આખા વિશ્વના વિકાસક્રમને

આગળ ચલાવી, સૌ કોઇને પોતાની પ્રભૂતા બક્ષી રહ્યા છે, સૌ કોઇને પોતા રૂપ બનાવી રહ્યા છે" આવું અનુભવપૂર્ણું જ્ઞાન થતાં તે માનવજાતિની પૂર્ણતાએ પહોંચે છે–માનવકોટિના છેલ્લા ધોરણમાં પ્રવેશ કરે છે અને પછી તે **મહાત્મા** કહેવાય છે. અહિં તે મહત્ એટલે પરમાત્માના મનની સાથે એક થઇ જાય છે. પછીથી તે આ બ્રહ્માંડને લગતી ઇશ્વરી યોજના અને તેના ઘણા નિયમો બરાબર સમજે છે અને પછીથી જો તે જગતમાં રહે છે તો તે માત્ર યોજનાની પૂર્ણતા કરવા માટે જ રહે છે. પછીથી તેને પોતાના જેવું કંઇ જુદું જીવન રહેતું નથી. માનવ કોટિમાં આવ્યા પછી. દેહાત્માની સ્થિતિમાં જીવાત્મા સ્થુલ શરીરને જાગ્રત કરે છે, પ્રાણાત્મા રૂપે પ્રાણનુ જ્ઞાન મેળવે છે, કામાત્મારૂપે વાસનાને ખીલવે છે, જ્ઞાનાત્મા થતાં મનશકિતનો વિકાસ કરે છે, વિજ્ઞાનાત્મા બની શરીર, વાસના અને વિચાર પર કાબુ મેળવી સન્મન રૂપે જીવે છે, પછી તે આનંદાત્મા થઇ આખા વિશ્વનો બંધુ, વિશ્વ સેવક બની પોતાની બુદ્ધિને વિકસિત કરે છે અને છેવટે મહાત્મા બની પોતાના ખરા આત્માનો–પોતાનામાં વસેલા પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. આ સ્થિતિએ પહોંચતાં માનવકોટિનો વિકાસક્રમ પૂર્ણ થાય છે અને દૈવિ વિકાસક્રમ શરૂ થાય છે, પરંતુ અત્યારે તો આપણે માત્ર મનુષ્યજાતિની સાથે વિકાસક્રમના નિયમનો શું સંબંધ છે અને મનુષ્ય દેહમાં જન્મીને જીવે કઇ સ્થિતિએ પહોંચવા પ્રયત્ન કરવાનો છે અગર તો મનુષ્ય જીવનનો અન્તિમ હેતુ શું છે તેજ જોવાનું છે.

જો આપણે વિકાસક્રમનો નિયમ તપાસીશું તો જણાશે કે મહાત્મા એ કંઇ જગતની આકસ્માતિક પેદાશ નથી પણ વિશ્વના વિકાસક્રમનુંજ એક ફળ છે. મહાત્માની સ્થિતિના જીવો જગતમાં ભલે થોડા હોય પરંતુ હોવા તો જોઇએજ. મહાત્માની માન્યતા માત્ર કપોલ કલ્પિત નથી પણ તે વિકાસક્રમના નિયમ ઉપર રચાયેલી છે. માનવજાતિનો દરેક જીવ મહાત્માના પદ તરફ ગતિ કરી રહ્યો છે અને તે ઉપર જણાવેલા સાત ધોરણો પૈકી એકમાં અભ્યાસ કરી રહ્યો છે. વિકાસક્રમનો નિયમજ સૌ કોઇ જીવને મનુષ્ય સ્થિતિમાં લાવી મહાત્માની સ્થિતિએ પહોંચાડવા માટે કાર્ય કરી રહ્યો છે; માટે મહાત્માની માન્યતામાં વહેમ જેવું કંઇ નથી.

પિંડાંડ અને બ્રહ્માંડ.

જીવાત્માના વિકાસને ખાતર આ વિશ્વની અને વિશ્વમાં આવેલાં અનન્ત બ્રહ્માંડોની રચના છે. જે મુખ્ય તત્ત્વો બ્રહ્માંડમાં છે તે સઘળાં માનવજાતિના પિંડમાં–શરીરમાં છે. દરેક મનુષ્ય ખરી રીતે તો આખા બ્રહ્માંડમાં વસે છે, બ્રહ્માંડના સઘળા લોકો (ભુવનો)માં વસે છે, સઘળા લોકો ઉપર તે અસર કરે છે અને સઘળાં લોકો (ભુવનો) ની અસર તેના ઉપર પણ થાય છે. આ સિદ્ધાન્ત સમજવા માટે નિચેનો કોઠો ઉપયોગી થશે:–

મહાભૂતનાં નામો.	ભુવનોનાં નામો.	તન્માત્રા અને ઇન્દ્રિય	શરીરનાં તત્વો.	પૂર્ણતાનાં ધોરણ	કોષો
આકાશ	સત્યલોક	શબ્દ–કાન	આત્મા	મહાત્મા	હિરણ્ય મયકોષ
વાયુ	તપલોક જનલોક	સ્પર્શ— ત્વચા	બુદ્ધિ	આનંદાત્મા	આનંદ મયકોષ
અગ્નિ	મહર્લોક સ્વર્ગલોક	રૂપ–આંખ	સન્મન અસન્મન	વિજ્ઞાત્મા જ્ઞાનાત્મા	વિજ્ઞાન મયકોષ
પાણી	ભુવર્લોક	રસ–જીભ	કામના	કામાત્મા	મનો મયકોષ
પૃથ્વી	ભૂર્લોક	ગંધ–નાક	પ્રાણ શરીર	પ્રાણાત્મા દેહાત્મા	પ્રાણમય કોષ, અન્ન મયકોષ

આ કોઠા ઉપરથી જણાશે કે જેમ આ બ્રહ્માંડ પંચ મહાભૂતોથી બનેલું છે તેમ આપણું શરીર પણ પંચ મહા ભૂતોથી બનેલું છે અને તે પંચમહાભૂતોનો અનુભવ લેવા માટે આપણા શરીરમાં પાંચ ઇન્દ્રિયો છે અને ઇન્દ્રિયોદ્વારા આપણુને તે તત્ત્વોનું ભાન થાય છે. આ પંચ મહાભૂતોમાંથી જેમ બ્રહ્માંડમાં સાત લોક છે તેમ તે તે લોકની સાથે સંબંધમાં આવવા માટે આપણા શરીરમાં સાત જુદાં જુદાં તત્ત્વો છે. તે દરેક તત્ત્વથી આપણે તે તે લોકની પ્રકૃતિમાં અમુક જાતનાં આંદોલનો કરીએ છીએ અને તે તે તત્ત્વદ્વારાએ તેને લગતા લોકમાં ઉત્પન્ન થતાં આંદોલનોની અસર આપણા ઉપર, જાણતાં અજાણતાં પણ, થયા કરે છે. આપણી સ્થૂલ પ્રકૃતિના કરતાં સૂક્ષ્મ તર પ્રકૃતિના જુદાં જુદાં શરીરો આપણી અંદર રહેલાં છે. તેને હિંદુ શાસ્ત્રોમાં કોષો કહે છે જેમ જેમ જીવાત્મા વિકાસક્રમમાં આગળ વધતો જાય છે તેમ તેમ આ કોષો વધારે વિશુદ્ધ અને શરીરના જેવી આકૃતિવાળા થાય છે અને યોગના અભ્યાસીઓ આવા શરીરો દ્વારા બીજા ભુવનો ઉપર કાર્ય કરી શકે છે. આજનુ વિજ્ઞાનશાસ્ત્ર પણ હવે સુક્ષ્મ તર પ્રકૃતિનો સ્વીકાર કરવા લાગ્યું છે અને તેને જુદા જુદા નામો આપી રહ્યુંછે. સુક્ષ્મ અને સૂક્ષ્મતર પ્રકૃતિને તે Etheric અને Meta-Etheric કહેછે. આજનું માનસશાસ્ત્ર આપણા સૂક્ષ્મતર કોષોને-શરીરોને-પણ અમુક અંશે સ્વીકારે છે. દાખલા તરીકે પ્રો. જેમ્સ તેમના Principles of Psychology નામના પુસ્તકમાં સ્થૂલ શરીરને Material Me, વાસના શરીરને (કામનાને) Social Me અને વિચાર શરીરને (મનને) Spiritual Me કહે છે.

આપણે અત્યારે સ્થૂલ શરીરમાં હોવાથી તથા આપણુને સ્થૂલ ભૂવનનો અનુભવ લેવાનો હોવાથી આપણું ખાસ ધ્યાન સ્થૂલ શરીર અને સ્થૂલ ભુવન તરફજ ખેંચાયેલું છે છતાં ખરૂં સત્ય તો એજ છે

કે આપણે આત્માથી હમેશાં સત્ય લોકમાંજ છીએ, બુદ્ધિથી જન અને તપ લોકોમાં છીએ, સન્મનથી (abstract mind) મહર્લોકમાં, અસન્મનથી (concrete mind) સ્વર્ગ લોકમાં, વાસના-કામનાથી ભુવર્લોકમાં અને પ્રાણથી અને સ્થૂલ શરીરથી ભૂર્લોકમાં-આ પૃથ્વીપર છીએ. જો આ વાત આપણે સમજીએ તો આપણું જીવન જરૂર જીવવા જેવું થાય. આપણને સમજાય કે આપણે માત્ર વસુ અને વૈભવ માટે જ આ લોકમાં જીવવાનું નથી પણ આપણે તો આ લોક કરતાં વધારે સૂક્ષ્મ, વધારે વિશાળ અને વધારે ઉપયોગી લોકોમાં જીવવાનું છે. આ લોકનું જીવન તો માત્ર શરીર અને પ્રાણ તત્ત્વદ્વારાજ જીવાય છે જ્યારે ઉચ્ચ ભુવનોનું જીવન જીવવાના સાધનો તેથી જુદાં છે અને તે દ્વારા તેને ભૂમિકામાં આપણે જઇ શકીએ છીએ. યોગીઓ સમાધિ અવસ્થામાં આ ભુવનનો વ્યવહાર બંધ કરી શકે છે અને પોતાના ઉચ્ચ તત્ત્વોદ્વારા ઉચ્ચ લોકોમાં ગતિ કરી શકે છે. જેમ જેમ માણસ પોતાના એક એક તત્વને વિશુદ્ધ કરતો જાય છે અને તેના ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપતો જાય છે તેમ તેમ તે પોતાના ઉચ્ચતર તત્વોને વધારે પ્રકાશિત બનાવે છે અને પોતાનું જીવન, ઉચ્ચ ભુમિકામાં, વધારે ને વધારે ગાળતો જાય છે. જ્યારે કોઇ પુરૂષ પોતાનાં સાતે તત્વોને વિશુદ્ધ કરે છે, આત્મારૂપે જીવી બાકીના સઘળાં તત્ત્વો ઉપર પોતાનો નિગ્રહ રાખી શકે છે, જુદા જુદા શરીરો-કોષો-દ્વારા તે તે ભુવન ઉપર કાર્ય કરી શકે છે, તે તે ભુવનનો અનુભવ લઇ શકે છે અને આ બ્રહ્માંડમાં તેને કંઇ શિખવાનું બાકી રહેતું નથી ત્યારે તે **મહાત્મા** કહેવાય છે. પછી જો તે આ જગત્‌માં રહે છે તો માત્ર બીજા જીવોને મહાત્માની સ્થિતિએ પહોંચવામાં મદદ કરવા માટે અથવા તો બ્રહ્માંડની ઇશ્વરી યોજનામાં કોઇ અધિકારી તરીકે રહે છે. નહિ તો તે આ બ્રહ્માંડની બહાર કોઇ વિશાળ બ્રહ્માંડનો અનુભવ લેવા માટે જાય છે. પરંતુ પછી તેને આ બ્રહ્માંડમાં

કશું બંધનકારક રહેતું નથી. જે મહાપુરૂષે યોગનો અભ્યાસ કરીને, જુદી જુદી યોગ દીક્ષાઓ લઇને પોતાનું સ્વજ્ઞાન સ્થૂલ ભુવનથી લઇ સત્યલોક પર્યન્ત પહોંચાડેલું છે એટલે કે જેની જાગ્રત અવસ્થા માત્ર આ લોકમાંજ નહિ પણ સાતે લોકમાં ચાહે ત્યારે કાર્ય કરી શકે છે જેણે સાતે તત્ત્વોના ઉપર પૂર્ણ કાબુ મેળવેલો છે તે **મહાત્મા.** આવી સ્થિતિના જીવાત્મા માટે છાંદોગ્ય ઉપનિષદ કહે છે કે स सर्वलोकचारो भवति। આવો પુરૂષ ચાહે તે લોકમાં જઇ શકે છે. આવા મહાત્માપુરૂષ થવાનાં બીજો દરેક મનુષ્યમાં છે. માત્ર તેને પોષવા અને ખીલવવાં એજ મોટી મુશ્કેલીની વાત છે. પરંતુ જગતનો વિકાસક્રમ આપણી સાથે છે. આપણને સૌને, તે પૂર્ણપુરૂષ બનાવવા માટે મથી રહ્યો છે. માત્ર તે નિયમ કેમ કામ કરે છે અને આપણે આખા બ્રહ્માંડની સાથે કેવી રીતે સંબંધિત થયા છીએ એ બરાબર સમજી લેવાની અને તે પ્રમાણે જીવન ગુજારવાની જરૂર છે.

કદાચ કોઇ એવો પ્રશ્ન કરે કે આતો બધી જુના જમાનાની વાતો છે, આપણામાં શરીર સીવાય બીજા સૂક્ષ્મ તત્ત્વો છે તેનો સ્વાનુભવ થઇ શકે તેવો પૂરાવો છે કે? આપણે હિમ્મતથી કહીશું કે હા પૂરાવો છે અને ચાહે તેને તેનો અનુભવ કરાવી શકાય તેમ છે. ધારો કે અત્યારે આપણી પાસે એક अ નામના ગૃહસ્થ આવીને કહે છે કે હુ આ સ્થૂલ શરીર સિવાય બીજા કશામાં માનતો નથી. તો આપણે તેમને કહીશું કે ઠીક છે. જ્યાં સુધી તમારી પોતાની ખાત્રી ન થાય ત્યાં સુધી તમારે સ્થૂલ શરીર સિવાય બીજા કશામાં માનવાની બીલકુલ જરૂર નથી. પરંતુ તમે ત્રણ ચાર મીનીટ સુધી જરા તમારૂં મોં અને નાક બંધ રાખો અને જુઓ જોઇએ, તમારૂં આ અઢી, સાડાત્રણ કે સાડાચાર મણનું શરીર કેવી સ્થિતિમાં આવે છે વારૂ? જો તે ગૃહસ્થ આ પ્રયોગ કરશે તો તેમને અનુભવ થશે કે માત્ર સ્થૂલ શરીરથીજ તેઓ જીવતા નથી પણ પ્રાણને

આધારે તેમનું સ્થૂલ શરીર ટકી રહ્યું છે અને તે પ્રાણ તત્ત્વ તેઓ આંખથી જોઇ શકતા નથી છતાં તેનો અનુભવ તો કરી શકે છે. પછી તે ગૃહસ્થને કબુલ કરવું પડશે કે તેમની અંદર પ્રાણ જેવું એક સૂક્ષ્મ તત્ત્વ છે અને તેને લીધેજ તેઓ જીવી રહયા છે. પછી આપણે કહીશું કે હવે તમે તમારૂં શરીર પણ સંભાળો અને ખુશીથી અને સંપૂર્ણ છૂટથી જોઇએ તેટલો પ્રાણ લો, પણ મહેરબાની કરીને કોઇ પણ વૃત્તિ, વાસના–કામના ઉત્પન્ન નહિ કરશો. થોડીજ મીનીટમાં તેમને જણાશે કે કોઇને કોઇ પ્રકારની કામના સિવાય જીવન ટકી શકતું નથી પણ તે જંગલ જેવું બની જાય છે. આનેજ લીધે કેટલાક લોકો નિરાશ થતાં નિર્જીવ જેવા થઇ જાય છે અને કોઇ કોઇ તો આશાહીન જીવન ગાળવા કરતાં આપઘાત કરવો વધારે પસંદ કરે છે. આપણા રા. અને પણ એમજ કહેવું પડશે કેઃ જોઇએ તો શરીરનો કોઇ ભાગ કાપી લ્યો પરંતુ મને મારી સઘળી કામના વિના જીવવાનું નહિ કહો. મતલબમાં તેમને ખાત્રી થશે કે આપણામાં શરીર અને પ્રાણના કરતાં પણ કંઇક વધારે સૂક્ષ્મ તત્ત્વ છે જેનાથી આપણે કામનાઓ ઉત્પન્ન કરી શકીએ છીએ અને જેના વિના જીવન વેરાન જેવું થઇ પડે છે. એટલે સુધી પહોંચતાં આપણે રા. અ ને કહીશું કે હવે તમને કામનાઓ ઉત્પન્ન કરવાની સંપૂર્ણ છૂટ છે. પરંતુ કૃપા કરીને તે કામનાઓની સિદ્ધિને માટે કશો વિચાર કરશો નહિ. આ પ્રતિબંધ થતાં તેમને જણાશે કે મનુષ્યમાં કામના કરનાર તત્ત્વના કરતાં કંઇક વધારે ઉત્તમ તત્ત્વ છે કે જે કામનાઓને જોઇ શકે છે, તેની તુલના કરી શકે છે અને તેની સિદ્ધિ માટે યુક્તિ પ્રયુક્તિ રચી શકે છે અને તે તત્ત્વ તે મન છે. પછી રા. અ ને કહેવું પડશે કે જો તમે મને વિચાર કરવાની છૂટ ન આપો તો પછી માત્ર કામનાઓનો જપ કરવાથી શું વળવાનું છે? આપણે તેમને કહી શું કે જો તમે તમારામાં મન તત્ત્વનું અસ્તિત્વ કબુલ કરતા હો તો તમને

વિચાર કરવાની છૂટ છે. પરંતુ એટલું યાદ રાખશો કે માત્ર વિચારજ કરજો, એ વિચારોમાં વિશેષ સારો વિચાર કયો છે એવો વિવેક કરશો નહિ. કારણ કે વિવેક કરનાર તત્ત્વ તે, સન્મન છે, અને તે માત્ર, યુક્તિ પ્રયુક્તિ રચનાર અસન્મનના કરતાં વધારે ઉચ્ચતર છે. આ મનાઇ હુકમથી રા. અ ને ભાન થશે કે તેમની અંદર બીજું કંઇ તત્ત્વ છે કે જે વિચારોને પણ જોઇ શકે છે, તેની તુલના કરી શકે છે અને તેના અસ્તિત્ત્વનું ભાન પણ આપણને કરાવી શકે છે. પછી તેઓ જ્યારે આ તત્ત્વ સ્વીકારશે ત્યારે આપણે તેમને વિવેક કરવાની છૂટ આપીશું. અને કહીશું કે હવેથી તમને વિવેક કરતા રહેવાની છૂટ છે, પરંતુ તમારી અંદર રહેલા જન્મ જન્માંતરના જ્ઞાનના ભંડાર રૂપ બુદ્ધિનો ઉપયોગ ન કરતા. એટલે પાછી તેમને મુસ્કેલી નડશે. કારણ કે જ્ઞાન તત્ત્વનો ઉપયોગ કર્યા સિવાય વિવેક કરવો શેનાથી? પછી રા. અ. બુદ્ધિ તત્ત્વને પણ માનશે. એટલે સુધી આવતાં આપણે તેમને તેઓની બુદ્ધિનો ઉપયોગ કરવાની છૂટ આપીશું પણ કહીશું કે તમે તમારાં શરીર, પ્રાણ, કામના, અસન્મન, સન્મન, બુદ્ધિ સૌ કોઇનો નિરંકુશપણે ઉપયોગ કરો પણ ' હવે હું આમ કરીશ ' એવો સંકલ્પ કે નિશ્ચય ન કરતા. કારણ કે તેવો સંકલ્પ કરવો એ કંઇ બુદ્ધિ, સન્મન કે બીજાં કોઇ તત્ત્વનું કામ નથી પણ તે તો આત્માની ઇચ્છા શક્તિનું કામ છે, માટે જ્યાં સુધી તમે તમારામાં, આ સઘળા તત્ત્વનું તત્ત્વ—સૌ તત્ત્વના માલેક એવા આત્મતત્ત્વનું અસ્તિત્વ ન સ્વીકારો ત્યાં સુધી કોઇ પણ જાતનો નિશ્ચય કરવાનો તમને હક નથી. અત્રે રા. અને આત્મતત્ત્વનું જરૂર ભાન થશે અને પોતાના અંદરની ક્રિયાઓ તપાસતાં તેમને માનવ શરીરનાં સાતે તત્ત્વોને સ્વીકારવાં પડશે.

દરેક મનુષ્યમાં આ સાતે તત્ત્વો છે પરંતુ તે તેના વિકાસના પ્રમાણમાં ખીલેલાં હોય છે. જેઓ વિકાસક્રમમાં માત્ર બાલકની સ્થિતિમાં છે તેમનામાં ઉચ્ચ તત્ત્વો માત્ર બીજરૂપે હોય છે. યુવક કોટિના

જીવમાં તે નાના છોડ રૂપે હોય છે, પ્રૌઢ કોટના જીવમાં તે ખીલતાં વૃક્ષરૂપે થાય છે અને વૃદ્ધ–અનુભવી કોટિના જીવમાં તે સંપૂર્ણ અંશે ખીલી રહેલાં અને ફળ લાવેલા વૃક્ષ જેવાં બને છે. જ્યારે સઘળાં તત્ત્વ તેની પૂર્ણતાએ પહોંચે છે ત્યારે તેવાં તત્ત્વોવાળો જીવ **મહાત્મા** કહેવાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સાતને બદલે પાંચ તત્ત્વો કહ્યાં છે. પ્રાણ ઇંદ્રિયોની સાથે તથા અસન્મન અને સન્મનને સાથે લઇને ત્રીજા અધ્યાયમાં કહેલું છે કેઃ–

इन्द्रियेभ्यः पराह्यथा अर्थेभ्यश्च परं मनः।

मनसस्तु परात्बुद्धि र्योबुद्धेः परतस्तु सः ॥ ३-४२

ઇન્દ્રિયોના કરતાં તેની કામનાઓ વધારે સૂક્ષ્મ છે. કામનાઓના કરતાં મન વધારે પર છે. મનના કરતાં બુદ્ધિ પર છે અને બુદ્ધિના કરતાં આત્મા પર છે.

કઠોપનિષદ્‌માં સાત તત્ત્વો કહેલાં છે. માત્ર કોઇ કોઇને માટે જુદાં નામો આપેલાં છેઃ–

इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः।

मनसस्तु पराबुद्धिर्बुद्धेरात्मा महान्परः॥

महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः।

पुरुषान्न परं किंचित्सा काष्ठा सा परागतिः॥

ઇન્દ્રિયોના કરતાં તેના અર્થો–વિષયો–પર છે. અર્થના કરતાં મન પર છે. મનના કરતાં બુદ્ધિ પર છે. બુદ્ધિના કરતાં મહત્‌પર છે. મહત્‌ના કરતાં અવ્યકત પર છે અને અવ્યકતના કરતાં પુરૂષ પર છે અને (એજ પિંડમાં તથા બ્રહ્માંડમાં) છેલ્લામાં છેલ્લી ગતિ છે.

ઉપનિષદ્ તથા ગીતાનાં ઉપરનાં વાકયો ઋષિ મુનિઓના સ્વાનુભવ ઉપર રચાયેલાં છે અને તેનો અનુભવ, આપણે ઉપર જણાવેલા

રા. અના કલ્પિત દૃષ્ટાન્તરૂપે, કરી શકીએ તેમ છીએ.ઇંગ્લંડના એક પ્રસિદ્ધ વિજ્ઞાન શાસ્ત્રી, બોટેનીના પ્રોફેસર ડબ્લ્યુ. બી બોટેમલીએ પોતાના એક વ્યાખ્યાનમાં કહેલું હતું કે આપણામાં માત્ર પ્રકૃતિ–Matter જ છે એવું નથી પણ પ્રકૃતિના પરમાણુને જ્યારે વધારે ઉચ્ચતર સ્થિતિમાં લઇ જવામાં આવે છે ત્યારે માત્ર આકાર રહીત શકિત Formless Energy જ રહે છે. આ શકિત તે Biotic Energy છે કે જેને લીધે આપણામાં કાર્ય કરવાની શકિત રહેલી છે. પણ કાર્ય કરવા ઉપરાંત આપણે વિચાર કરી શકીએ છીએ તેનું કારણ એ છે કે આ Biotic Energy ની પછવાડે બીજી શકિત રહેલી છે કે જે Psychic Energy માનસ શકિત છે. પરતુ આપણે માત્ર વિચારજ કરીએ છીએ એટલુંજ નહિ પણ વિચારની પછવાડે દયા, ક્ષમા, સત્ય, પ્રેમ, ભકિત એવા મહાન્ ગુણો છે કે જે આ વિચાર શકિતના કરતાં વધારે મહત્ત્વના છે. આ ગુણો બતાવી આપે છે કે Psychic Energy માનસ શકિતની પછવાડે Spiritual Energy આધ્યાત્મિક શકિત છે. અને આ આધ્યામિક શકિતનું મૂળ Infinite Energy અનંત શકિતમાં છે અને તે અનંત શકિત એજ સર્વવ્યાપક પરમાત્મા છે. (જુઓ પુસ્તક Science and Religion ભાષણ ૩ જું) આપણા પ્રાચીન રૂષીઓએ, તૈત્તિરીય ઉપનિષદ્‌માં ભૃગુવલ્લીમાં જેને **अन्नं ब्रह्मेति व्यजानात् । અન્ન એ બ્રહ્મ છે. प्राणो ब्रह्मेति व्यजानात् । પ્રાણ એ બ્રહ્મ છે. मनोब्रह्मेति व्यजानात् મન એ બ્રહ્મ છે. विज्ञानं ब्रह्मेति व्यजानात् । વિજ્ઞાન એ બ્રહ્મ છે. आनंदो ब्रह्मेति व्यजानात् । આનંદ એ બ્રહ્મ છે.** એમ કહેલ છે તેનેજ પશ્ચિમના વિજ્ઞાનપંડિતે Matter, Biotic Energy, Psychic Energy, Spiritual Energy, Infinite Energy કહેલ છે.

ઉપર મુજબ વિચાર કરતાં જણાશે કે માત્ર શરીર એજ મનુષ્ય નથી પણ શરીર તો માત્ર આ લોકનો અનુભવ લેવાનું એક સાધન છે

અને તેમાં આત્માની જે રશ્મિ દેખાય છે તે તો બીજા પાંચ તત્ત્વોથી ઢંકાયેલી છે. આત્માની શુદ્ધ રશ્મિ તો બહુ પર છે. મનુષ્યના સાતે તત્ત્વોને સંપૂર્ણ રીતે ખીલવી આત્મા પરમાત્માનું ઐક્ય સાધવું એ કંઇ બે પાંચ કે પાંચ પચીશ જન્મનું કાર્ય નથી પણ ભગવાન્ શ્રીકૃષ્ણ કહે છે તેમઃ—

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।

वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥

ઘણા ઘણા જન્મોને અન્તે જ્ઞાનવાન પુરૂષ મને પામે છે અને આ આખું વિશ્વ પરમાત્મરૂપ છે એવી જેની ખાત્રી થયેલી છે અને એવું જેનું જીવન થયું છે તેવો મહાત્મા મળવો તો બહુ કઠીન છે.

આ પ્રકરણનો મુખ્ય મુદ્દો એજ છે કે પિંડ એ નાનકડું બ્રહ્માંડ છે. પિંડને બરોબર સમજનાર માણસ બ્રહ્માંડ સમજી શકે છે. બ્રહ્માંડનો નાયક પરમાત્મા કહેવાય છે ત્યારે પિંડનો નાયક, જ્યારે તે પોતાની પૂર્ણતા પ્રકાશે છે ત્યારે મહાત્મા કહેવાય છે. જુદા જુદા ધર્મોમાં મહાત્મા, જીવન્ મુકત, કેવલી, તીર્થંકર, બુધ્ધ, પેયગંબરની જે માન્યતા છે તે કપોલકલ્પિત નથી પણ વિજ્ઞાન અને યોગના પાયાપર રચાયેલી છે અને થીઑસૉફીકલ સોસાઇટીના સભ્યો ઉપર જણાવેલી પૂર્ણતાવાળા મહા પુરૂષોનેજ મહાત્મા કહે છે, ગમે તેને એ વિશેષણ આપી દેતા નથી.

काशीक्षेत्रं शरीरं त्रिभुवनजननी व्यापिनी ज्ञानगंगा
भक्तिश्रद्धा गयेयं निजगुरुचरणौ ध्यानयोगः प्रयागः ।
विश्वेशोऽयं तुरीयः सकलजन्मनः साक्षीभूतोऽन्तरात्मा
देहे सर्वं मदीये यदि वसति पुनस्तीर्थमन्यत्किमस्ति ॥

મનુષ્ય-મુમુક્ષુ-મહાત્મા.

दुर्लभं त्रयमेवैतद्दैवानुग्रह हेतुकम् ।
मनुष्यत्वं मुमुक्षुत्वं महापुरुषसंश्रयः ॥

મનુષ્યત્ત્વ, મુમુક્ષુત્વ અને મહા પુરૂષોનો સત્સંગ થવો–મહાપુરૂષની સ્થિતિએ પહોંચવું–એ ત્રણ બહુ દુર્લભ છે. પરમાત્માની કૃપા થાય ત્યારેજ તે ત્રણ વસ્તુ પ્રાપ્ત થઇ શકે છે એવું ભગવાન્ શંકરાચાર્યનું કથન યથાર્થ છે. કરોડો જાતિના નામ રૂપોમાંથી મનુષ્ય દેહમાં જન્મ થવો ઘણો કઠીન છે. મનુષ્ય જાતિમાં અત્યારે પરમાત્માની કૃપાથી આ પૃથ્વી ઉપરજ આશરે દોઢ અબજ માણસો છે. પરંતુ તેમાં ' હું કોણ ? કયાંથી આવ્યો ? કયાં જવાનો ? મારા જીવનનો હેતું શુ ? ' એવો વિચાર કરનારા મુમુક્ષુઓ તો બહુજ થોડા હશે, અને મુમુક્ષુઓને રસ્તો બતાવનાર મહાપુરૂષો તો દુનીયાની દૃષ્ટિએ બહુ દુર્લભ છે. પરંતુ મુમુક્ષુ અને મહાત્માની સ્થિતિ માનવ શરીરમાં શકય તો છેજ.

આગલા પ્રકરણમાં પિંડબ્રહ્માંડની સરખામણી લોકો, કોષો અને તત્ત્વોની દૃષ્ટિએ કરેલી હતી. અહિંયા આપણે બીજી સરખામણી આત્માની દૃષ્ટિએ કરીશું તો મનુષ્ય, મુમુક્ષુ અને મહાત્માની સ્થિતિ વધારે સારી રીતે સમજી શકીશું. આ માટે આપણે નીચે મુજબ કોઠો તૈયાર કરીશું:–

પુરૂષત્રય, આત્મત્રય, દેહત્રય.

બ્રહ્માંડપુરૂષ	પિંડપુરૂષ	પિંડાત્માનો સ્વભાવ	વેદાન્તના દેહત્રય	પદવિ
પુરૂષોત્તમ વા પરોભાવ	આત્મા	સત્ ચિત્ અને આનંદ	કારણ શરીર	મહાત્મા
અક્ષરપુરૂષ વા અવ્યક્ત	જીવાત્મા વા અન્તરાત્મા	જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા	સૂક્ષ્મ શરીર	મુમુક્ષુ
ક્ષરપુરૂષ વા અવ્યક્ત	ભૂતાત્મા	વિચાર, વૃત્તિ અને વર્તન	સ્થૂલ શરીર	મનુષ્ય

ભગવદ્‌ગીતાના પંદરમા અધ્યાયમા બ્રહ્માંડના ત્રણ પુરૂષો સંબંધે નીચે મુજબ કહેલું છેઃ—

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥१६॥
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।
या लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥१७॥
यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ॥१८॥

આ લોકોમાં ક્ષર અને અક્ષર એવા બે પુરૂષ છે. નામ રૂપવાળા સર્વ ભૂતો એ ક્ષરપુરૂષ છે. નામરૂપથી પર એવું કુટસ્થ સ્વરૂપ એ અક્ષર પુરૂષ છે. ઉતમ પુરૂષ તો આ બન્નેના કરતાં અન્ય છે, તેને પુરૂષોત્તમ કહેવામાં આવે છે કે જે પ્રભુ આ ત્રણે લોકોમાં વ્યાપીને ત્રણે

લોકોને નિભાવી રહ્યા છે. ક્ષરપુરૂષ અને અક્ષર પુરૂષનાથી પર હોવાથી મને લોકોમાં તથા વેદમાં પુરૂષોત્તમ નામથી ઓળખવામાં આવે છે. "

ભગવદ્ ગીતાના આઠમા અધ્યાયમાં આ ત્રણ નામો નીચે મુજબ આપેલાં છે.-

अव्यक्ताद् व्यक्तयः सर्वा प्रभवन्त्यहरागमे ।
रात्र्यागमे प्रलीयन्ते तत्रैवाव्यक्तसंज्ञके ॥ १८ ॥
भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
रात्र्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥१९॥
परस्तस्मात्तु भावोऽन्योऽव्यक्तोऽव्यक्तात्सनातनः ।
यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ २० ॥

"દિવસની-સૃષ્ટિની શરૂઆતમાં-સઘળી વ્યકિતઓ-નામ રૂપવાળાં ભૂતો-અવ્યકતની અંદરથી ઉત્પન્ન થાય છે અને રાત્રિ પડતાં-સૃષ્ટિના અન્તમાં-તે સઘળાં ભૂતો પાછાં અવ્યકતની અંદર લય પામે છે. આ પ્રમાણે સઘળાં ભૂતો રાત્રિ પડતાં ઉત્પન્ન થઇ થઇને પ્રલયને પામે છે અને પાછો દિવસ ઉગતાં-સૃષ્ટિની શરૂઆતમાં-પાછાં ઉત્પન્ન થાય છે. આ અવ્યકતથી પણ અવ્યકત એવો બીજો સનાતન ભાવ છે કે જે સઘળાં ભૂતો નાશ પામવા છતાં પોતે કદિ નાશ પામતો નથી."

અહિંયા એટલું યાદ રાખવાનું છે કે આ ત્રણ પુરૂષો જુદા જુદા નથી પણ એકજ છે. માત્ર જુદી જુદી સ્થિતિનાં જુદાં જુદાં નામો આપ્યાં છે. ક્ષરપુરૂષ નામ એ રૂપાત્મક સૃષ્ટિનું છે. અક્ષરપુરૂષ એ નામરૂપરહિત પણ કર્મના સંસ્કારવાળી સૃષ્ટિનુ છે અને પુરૂષોત્તમ એ સર્વમાં રહેલા પણ સર્વ ઉપાધિરહિત એવા ચૈતન્યનું નામ છે. આ ચૈતન્ય નામરૂપાત્મક સૃષ્ટિમાં તેમજ કર્મના સંસ્કારવાળી નામરૂપ રહિતની સૃષ્ટિમાં પણ છે. છતાં એનાથી તે લેપાતું નથી.

બીજા શબ્દમાં કહીએ તો સ્થૂલ જગતમાં કાર્ય કરતા ચૈતન્યનું નામ ક્ષર પુરૂષ, સૂક્ષ્મ જગતમાં કાય કરતા ચૈતન્યનું નામ અક્ષરપુરૂષ અને કારણ જગતમાં કાર્ય કરતા ચૈતન્યનું નામ પુરૂષોત્તમ અથવા ઇશ્વર છે. માત્ર ઉપાધિભેદથી જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. આવીજ રચના આપણા પિંડમાં (દેહમાં) પણ છે. વેદાન્તના કારણ શરીર અને થીઑસૉફીકલ સાહિત્યના આધ્યાત્મિકદેહ (Spiritual Body) માં કાર્ય કરનાર ચૈતન્યને આત્મા, વેદાન્તના સૂક્ષ્મ શરીર અને થીઑસૉફીકલ સાહિત્યના કારણ અથવા સન્માનસિક શરીરમાં કાર્ય કરનાર ચૈતન્યનું નામ જીવાત્મા છે અને વેદાન્તના સ્થુલ શરીર અને થીઑસૉફીકલ સાહિત્યના સ્થુલ, વાસના અને વિચાર શરીરમાં કાર્ય કરનાર ચૈતન્યનું નામ ભૂતાત્મા છે. દરેક જન્મે સ્થુલ શરીર એટલે કે બહારનું ભૌતિક શરીર ઉપરાંત સ્થુલ શરીરની આકૃતિવાળાં વાસના અને વિચાર શરીરોનો નાશ થાય છે અને દરેક નવે જન્મે તે ફરીથી નવાં બંધાય છે માટે તે આપણા પિંડબ્રહ્માંડના ક્ષરપુરૂષ છે. પરંતુ દરેક જન્મના સારા માઠા સંસ્કારો વેદાન્તના સૂક્ષ્મ શરીરસ્થ ચૈતન્યમાં સચવાઇ રહે છે અને તે સંસ્કાર દ્વારા જીવાત્માનો વિકાસ થયા કરે છે, માટે તે ચૈતન્ય તે આપણો અક્ષરપુરૂષ છે. જીવાત્મભાવની પાછળ રહેલું કારણ શરીરસ્થ ચૈતન્ય કે જે જીવાત્મા દ્વારા પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરી રહેલ છે–પોતાનો સચ્ચિદાનંદ સ્વભાવ પ્રકટાવી રહેલ છે તે શુધ્ધ આત્મા, તેજ સૌ કોઇના હૃદયમાં વસી રહેલો પરમાત્મા છે. મન, વાણી અને કાયાનો કાબુ જે ચૈતન્યની પાસે છે તેને ભૂતાત્મા–Personality કહેવામાં આવે છે. જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા એવી ત્રણ શક્તિઓ જેનામાં રહી છે તે જીવાત્મા–Ego કહેવાય છેઃ માટેજ નૈયાયિકો કહે છે કે जीवो जानाति, इच्छाति, यतते । જીવ તેજ કહેવાય કે જે જાણી શકે છે, ઇચ્છા કરી શકે છે અને પ્રયત્ન કરી શકે છે. જે

ઉપાધિમાં રહ્યા છતાં ઉપાધિહિન ચૈતન્ય છે અને જે પોતાના શુધ્ધ સ્વભાવ સત્‌ચિત્‌ અને આનંદ રૂપે રહે છે તેને આત્મા-Monad કહેવામાં આવે છે. ભૂતાત્મા અથવા દેહ બુદ્ધિ, જીવાત્મ અથવા જીવબુદ્ધિ અને આત્મા અથવા આત્મબુદ્ધિ એ ત્રણે એકજ ચૈતન્યનાં નામો છે પણ માત્ર ઉપાધિ ભેદને લીધે અને જુદી જુદી ઉપાધિમાં ચૈતન્ય શું કાર્ય કરે છે તે જાણવાને ખાતર જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. જ્યાંસુધી કોઇ પણ માણસ મન, વાણી અને કાયાનું અભિમાન ધરીને તે ત્રણેના ગુલામરૂપે રહે છે ત્યારે તે સામાન્ય મનુષ્ય કહેવાય છે. જ્યારે તે આ ત્રણને વશ કરી ત્રણેના અભિમાન રહિત પણ જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા શકિતના અભિમાન સાથે રહે છે ત્યારે તે મુમુક્ષુ કહેવાય છે અને જ્યારે તે સત્‌ચિત્‌ અને આનંદરૂપે વિચરે છે, પોતાનામાં તેમજ બીજાનામાં પરમાત્મ ભાવજ જુવે છે અને પરમાત્મ ભાવેજ જીવન ગુજારે છે ત્યારે તે મહાત્મા કહેવાય છે. આ પ્રમાણે વિચાર કરતાં પણ મહાત્મપદ દરેક જીવને માટે નિર્ણિત થયેલું છે. માત્ર, તેને પરમ પુરૂષાર્થ કરી, પોતાના ભૂતાત્મા અને જીવાત્માની શુદ્ધિ કરી, સ્થૂલ શરીરથી લઇને આત્મતત્ત્વ પર્યન્ત સત્‌ ચિત્‌ અને આનંદરૂપે શુદ્ધઆત્મભાવે રહેવાની શકિત મેળવવાની જરૂર છે. ભૂતાત્મા, જીવાત્મા અને આત્મા Personality, Ego or Individuality and Monad નો ભેદ વેદાન્ત સાહિત્યમાં અનેક સ્થળે બતાવવામાં આવ્યો છે. ભગવાન્‌ શંકરાચાર્યના નામથી વારંવાર સંભળાતા સ્તુતિના એક શ્લોકમાં કહ્યું છે કેઃ-

देहबुद्ध्या तु दासोऽहं, जीवबुद्ध्या त्वदंशकः।
आत्मबुद्ध्या त्वमेवाहमिति मे निश्चला मतिः॥

"હે પ્રભુ જ્યારે હું મને દેહ બુદ્ધિ-ભૂતાત્મા સમજું છું ત્યારે હું તમારો દાસ છું, જ્યારે હું મને એક જીવ માનું છું ત્યારે હું તમારો એક અંશ

છુ પરંતુ જ્યારે હું મને મારા શુધ્ધ સ્વરૂપે જોઉં છું ત્યારે તો હું તમ રૂપજ છું. આ મારો દૃઢ મત છે."

વિવેક ચુડામણિમાં આ ત્રણ ભાવનું જુદું જુદું સ્વરૂપ સમજાવતાં ભગવાન્ શંકરાચાર્યે કહેલું છે કે:–

देहोऽहमित्येव जडस्यबुद्धिः
देहे च जीवे च विदुषस्त्वहं धीः।
विवेकविज्ञानवतो महात्मनः
ब्रह्माहमित्येव मतिः सदात्मनि

"શરીર એજ હું છું એમ જડ પુરૂષની માન્યતા હોય છે. શરીરમાં તેમજ જીવભાવમાં વિદ્વાન પુરૂષોનો અહંકાર હોય છે. પરંતુ વિવેક અને વિજ્ઞાન જેણે પ્રાપ્ત કર્યાં છે એવો મહાત્મા પુરૂષ તો 'હું બ્રહ્મજ છુ' એવા ભાવે રહે છે."

દેહ ભાવની શુધ્ધિને અર્થે અને જડ પુરૂષ મટી એક સારા મનુષ્ય થવાને માટે ભગવાન્ શ્રીકૃષ્ણે ત્રણ પ્રકારનાં તપ કહેલાં છે.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम्।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते॥

દેવની, દ્વિજની ગુરૂની, વિદ્વાન પુરૂષની સેવા, શૌચ–પવિત્રતાના નિયમ પ્રમાણે વર્તન, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા એટલા ગુણવાળું જીવન એ શરીરનું તપ છે. એથી શરીરમાં રહેલો તમોગુણ રજોગુણ શુધ્ધ થાય છે.

अनुद्वेगकरंवाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वांगमयं तप उच्यते॥

સાંભળનારાના મનમાં ઉદ્વેગ ઉત્પન્ન ન કરે તેવી, સાચી, પ્રિય અને હિત કર વાણી અને પોતાના વર્ણ અને આશ્રમને ધ્યાનમાં રાખીને સ્વાધ્યાય

એ વાણીનું તપ છે. મિથ્યા બકવાદ બંધ કરી વાણીનો ઉપયોગ માત્ર ઉપર બતાવેલી રીતે કરવાથી વાણીની શુધ્ધિ થાય છે વાણીના તામસિક, રાજસિક, વિકારો દૂર થાય છે.

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानस उच्यते ॥

મનની પ્રસન્નવૃત્તિ, સૌમ્યતા, મૌન (એટલે ગમે તે વિચારને મનમાં દાખલ કરવાની મનાઇ) મન ઉપર સંયમ અને ભાવનાની શુદ્ધિ એટલે કે મન વાણી અને કર્મની એકતા, એ મનનું તપ છે. આવું ત્રિવિધતપ તપવાથી માણસ ખરેખરો મનુષ્ય થાય છે. જરથોસ્તી ધર્મમાં ભૂતાત્માની શુધ્ધિને અર્થે અને ખરા મનુષ્ય બનવા માટે **મનસ્ની** સદ્‌વિચાર, **ગવસ્ની** સદ્‌વચન અને **કુનસ્ની** સદ્‌વર્તન એ ત્રણ નિયમો આપવામાં આવ્યાં છે અને અશો નર જરથુસ્ત્ર સાહેબે આ ત્રણ નિયમ પ્રમાણે જીવન ગુજારવાની દરેક જરથોસ્તીને ભલામણ કરી છે.

જીવ ભાવનાની શુધ્ધિને અર્થે અને સાક્ષી સ્વરૂપે જીવન ગાળવા માટે તૈયારી કરવા માટે ભગવાન્ શંકરાચાર્યે નિચેના માર્ગ બતાવ્યા છેઃ—

विवेकिनो विरक्तस्य शमादिगुणशालिनः ।
मुमुक्षोरेव हि ब्रह्मजिज्ञासा योग्यता मता ॥

વિવેક, વૈરાગ્ય, શમાદિષટ્‌સંપત્તિ અને મુમુક્ષુતા પ્રાપ્ત કર્યા પછીજ બ્રહ્મજીજ્ઞાસા ધરાવવા માટે—આત્મ સ્વરૂપ સમજવા માટે—અધિકારી થવાય છે. એટલેકે ઉપરના ચાર સાધનો પ્રાપ્ત કરવાથી જીવભાવનાની શુધ્ધિ થાય છે અને મનુષ્ય મટી મુમુક્ષુ થવાય છે.

ભગવાન્ શ્રીકૃષ્ણે પણ ભગવદ્ ગીતામાં જીવભાવનાની વિશુધ્ધિ માટે અનેક ઉપાય બતાવ્યા છે તેમાંનો એક ઉપાય **મામનુસ્મર યુધ્ય ચ ।** મને ધ્યાનમાં રાખીને તારા દુશ્મનો—પ્રકૃતિના વિકારોની—સામે યુદ્ધમાં ઉતર એ છે. અને બીજો

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासियत् ।
यत्तपस्यासि कौंतेय तत्कुरुष्वमदर्पणम् ।

જે કંઇ તું કર, જે કંઇ ખા, જે કંઇ યજ્ઞયાગાદિક કર, જે કંઇ તપશ્ચર્ય કર તે સઘળું મને–પ્રભુને–અર્પણ કર. જરથોસ્તી ધર્મમાં જીવભાવનાની શુદ્ધિને અર્થે સ્પેન્તેમેન્યુસ સાથે રહીને અંગ્રે મેન્યુસની સાથે હમેશાં યુધ્ધ કરવાની આજ્ઞા આપવામાં આવી છે. મુસલમાનધર્મ, જૈનધર્મ, બૌધધર્મ, ખ્રીસ્તીધર્મ વગેરેમાં પણ આવી શુધ્ધિ માટે જુદા જુદા ઉપાયો બતાવવામાં આવ્યા છે. કર્મ, જ્ઞાન અને ભકિતથી શરીર, મન અને હૃદયની એટલે કે ભૂતાત્માની શુધ્ધિ થાય છે માટે આ ત્રણે માર્ગો દરેક ધર્મમાં બતાવવામાં આવ્યા છે. નિષ્કામ કર્મ કરવાથી, અહંમમત્વનો નાશ કરનારૂ જ્ઞાન પ્રાપ્ત કરવાથી અને આત્મનિવેદન ભકિત કરવાથી જીવભાવનાની શુધ્ધિ થાયછે. પછી સર્વત્ર પરમાત્મભાવ પ્રાપ્ત કરવાથી આત્મ સાક્ષાત્કાર થાય છે. वासुदेवः सर्वमिति । આ આખું વિશ્વ વાસુદેવ રૂપ છે, सर्वं कृष्णमयं जगत् આખું વિશ્વ કૃષ્ણમય છે, सर्वं खल्विदं ब्रह्म । ખરેખર આ સઘળું બ્રહ્મમય છે એવી પ્રતિતિ થાય છે. આવી પ્રતિતિ થતાં મનુષ્ય મુમુક્ષુ મટી મહાત્મા થાય છે. આ રીતે પણ માનવ વર્ગનો વિકાસક્રમ મનુષ્ય અને મુમુક્ષુની સ્થિતિમાંથી પસાર થઇ મહાત્માની સ્થિતિએ પહોંચે છે. માટે મહાત્માનુ પદ એ કપોલ કલ્પિત પદ નથી પણ વિકાસક્રમની એક ઉચ્ચ પાયરીનું અને માનવ જાતિની પૂર્ણતાનું નામ છે.

બીજા શબ્દમાં કહીએ તો **ભૂતાત્મા** (Personality) એટલે **અહંમમત્વ**, હુંપણું અને મારાપણું. **જીવાત્મા** (Ego) એટલે **મમત્વવગરનું અહંત્વ** અને **આત્મા** (Monad) એટલે **અનંતતા** Eternity સત્સ્વરૂપ, અહંતા રહિત અસ્તિત્વ. જ્યારે અહંમમત્વની

શુદ્ધિ થાય છે એટલે નીતિને માર્ગેજ અહંમમત્વ રખાય છે ત્યારે મનુષ્યતા પ્રાપ્ત થઇ કહેવાય છે. જ્યારે મમત્વનો નાશ થાય છે અહંત્વની શુદ્ધિ થાય છે, જ્યારે પોતાના જેવો જીવાત્મા સૌ કોઇમાં છે, એવું ભાન થાય છે, અને જ્યારે **आत्मनः प्रतिकुलानिपरेभ्यो न समाचरेत्** જે વર્તણુંક પોતાને પસંદ ન હોય તે બીજા કોઇ પ્રત્યે રાખવી જોઇએ નહિ એવી ખાત્રી થાય છે ત્યારે જીવ મનુષ્ય મટી મુમુક્ષુ થાય છે. પછી જ્યારે અહંત્વનો પણ નાશ થાય છે અને પ્રભુની અનંતતા પ્રાપ્ત થાય છે અને અનંતતારૂપે રહેવાય છે ત્યારે જીવ મુમુક્ષુ મટી મહાત્મા થાય છે. હું અને મારાપણું તે દેહ બુદ્ધિ છે, અહંભાવ તે જીવ બુદ્ધિ છે અને અનંતભાવ તે આત્મબુદ્ધિ છે. અનંતતા એજ ખરૂં **નિજરૂપ** છે. અહંતા અને અહંમમત્વ એ બે તો માત્ર નીચેના ભુવનોનો અનુભવ લેવા માટે છે. જ્યાંસુધી એ અનુભવ ન મળે ત્યાં સુધી એ બંને જરૂરનાં છે માટે તેનો સમજ્યા વગર કાચી અવસ્થામાં નાશ કરવો જોખમકારક છે. એટલા માટેજ ભગવાન્ મનુએ ચાર આશ્રમોની વ્યવસ્થા કરી છે. બ્રહ્મચર્યાશ્રમમાં અહંમમત્વનાં બીજો પોષાય, ગૃહસ્થાશ્રમમાં તેની વૃદ્ધિ થાય અને વાનપ્રસ્થાવસ્થમાં મમત્વનો નાશ થાય અને અહંત્વની શુદ્ધિ થાય ત્યારેજ અનંતતાનું ભાન કરાવનાર અને અહંત્વનો નાશ કરનાર સન્યાસાશ્રમ સ્વીકારવો એવી મનુ ભગવાનની સામાન્ય આજ્ઞા છે. ભગવાન્ શંકરાચાર્યે એક સ્થળે કહ્યું છે કેઃ—

अहंममेत्यं बंधो नाहंममेति मुक्तता।
बंधो मोक्षो गुणैर्भाति गुणाः प्रकृति संभवाः॥

'હું અને મારા પણું એ બંધ છે. હું અને મારાપણાનો નાશ એ મુક્તિ છે. બંધ અને મોક્ષ એ ત્રણ ગુણને લીધે ભાસે છે અને ગુણો એ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે—પ્રકૃતિના સ્વભાવરૂપ છે.'

પ્રકૃતિની શુદ્ધિ થતાં અને પ્રકૃતિ ઉપર સંપૂર્ણ કાબુ પ્રાપ્ત થતાં પુરૂષનું ખરૂં સ્વરૂપ–સચ્ચિદાનંદપણું–પ્રાપ્ત થાય છે. પછી જીવની ઇચ્છા શકિત આનંદમાં, જ્ઞાન શકિત ચિત્‌માં અને ક્રિયા શકિત સત્‌માં લય પામે છે. સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ અને સાક્ષાત્કાર થતાં અહંત્વ રહેતું નથી. આ આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. પરંતુ આપણી અત્યારની સ્થિતિમાં તે સમજી શકાતું નથી. સામાન્ય મનુષ્યને મમત્વ વગરનું અહંત્વ સમજવું જેટલું કઠીન લાગે છે તેટલુંજ કઠીન, અહંત્વ વગરનું અનંતત્વ (Eternity) લાગે છે, પણ સમય આવ્યે મનુષ્યને અનંતતાનો અનુભવ પણ જરૂર થશેજ અને મહાત્મપદનો મહિમા સમજાશે. તથાસ્તુ !

———:o:———

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवन्ति महात्मानः संसिद्धिं परमां गताः ॥

गीता. ८–१५

महात्मानस्तु मां पार्थ दैवीं प्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥

गीता. ९–१३

———:o:———

સિદ્ધસંઘ.

એક ગામનું તંત્ર ચલાવવું હોય તો ત્યાં પટેલ, તલાટી, પસાઇતો કે સીપાઇની જરૂર છે. એક તાલુકા માટે જુદા જુદા અધિકારીઓ રાખવા પડે છે. પ્રાન્ત માટે તેથી વધારે અધિકારીઓની જરૂર જણાય છે. એક દેશ કે પ્રજાના રાજ્યતંત્ર માટે તેથી વધારે વ્યવસ્થા કરવી પડે છે. તો પછી આખા બ્રહ્માંડના રાજ્યતંત્ર માટે, ઇશ્વરી યોજનાનો અમલ કરવા માટે જુદા જુદા અધિકારી ન હોય એમ સંભવેજ નહિ. કોઇ પણ રાજ્યસત્તા માત્ર કાયદો ઘડવાથી ચાલી શકતી નથી પણ તે કાયદાનો અમલ કરવા માટે તેને અધિકારીઓ રાખવા પડે છે. દરેક બ્રહ્માંડને પણ આજ નિયમ લાગુ પડે છે. એક બ્રહ્માંડમાં અમુક ભૂમંડળો (Globes) હોય છે. દરેક ભૂમંડળમાં **બ્રહ્માંડનાયક** (Solar Logos) ના પ્રતિનિધિ હોય છે. તેને તેના **પરમેષ્ઠી** (Planetary Logos) કહેવામાં આવે છે. આ પરમેષ્ઠીની નીચે બીજા બીજા અધિકારીઓ હોય છે. આવા અધિકારીઓ આપણા ભૂમંડળમાં પણ છે. તે અધિકારી વર્ગને **સિદ્ધસંઘ** (Occult Hierarchy) કહેવામાં આવે છે. આ સિદ્ધસંઘનું મુખ્ય કાર્ય એજ છે કે તેણે આ ભૂમંડળને લગતી ઇશ્વરી યોજનાનો અમલ કરવો અને ઇશ્વરના સઘળા નિયમોની સાથે કાર્ય કરવું. જ્યારે કોઇ પણ જીવાત્મા, મહાત્માની સ્થિતિએ પહોંચે છે ત્યારે તે કાંતો આ સિદ્ધસંઘમાં જોડાય છે અથવા તો આ ભૂમંડળ છોડી બ્રહ્માંડના બીજા કોઇ ભાગમાં જાય છે અને ત્યાંની ઇશ્વરી યોજનામાં સહાય કરે છે અને પોતાનો વિકાસ આગળ ચલાવે છે. જે લોકો સિદ્ધસંઘ સંબંધી વધારે જાણે છે તેઓ કહે છે કે આપણા ભૂમંડળના પરમેષ્ઠી (Planetary Logos) ની દેખરેખ નીચે આપણો સિદ્ધસંઘ કાર્ય કરી રહ્યો છે. સંઘના મુખ્ય નાયક ભગવાન

સનતકુમાર છે. તેની નીચે બીજા ત્રણ **કુમારો** છે. આ કુમારોની નીચે ત્રણ મહાન્ વ્યકિતઓ છે. તેમાંની એકને **મનુ**, બીજીને **વ્યાસ** અથવા **બોધિસત્વ** અથવા **ક્રાઈસ્ટ** કહેવામાં આવે છે અને ત્રિજી વ્યકિતને **મહ** અથવા **મહાચોહાણ** કહેવામાં આવે છે. મનુનું કાર્ય ભૂમંડળની પ્રજાના રાજ્યતંત્ર અને તેના વિકાસની સાથે છે. બોધિસત્ત્વનું કાર્ય ભૂમંડળની પ્રજાઓની ધર્મભાવના અને શિક્ષણભાવનાની સાથે છે અને મહાચોહાણનું કાર્ય આ બંનેની યોજનાનો અમલ થતો જોવાનું અને જગતમાં કાર્ય કરતી જુદી જુદી અધ્યાત્મિક શકિતઓના ઉપર દેખરેખ રાખવાનું છે.

આ ત્રણે મહાન્ વ્યકિતઓની નીચે **ચોહાણ** અને ચોહાણની નિચે મહાત્માની દીક્ષા લીધેલા મહાપુરૂષો કામ કરે છે. મહાત્માથી તે ભગવાન્ સનત્કુમાર સુધીની સ્થિતિના મહાપુરૂષોનો સિદ્ધસંઘ બનેલો છે. મહા પુરૂષોની નીચે જુદી જુદી દીક્ષા લીધેલા તેઓના શિષ્યો હોય છે. તેઓ પણ સિદ્ધસંઘના કાર્યમાં યથાશકિત સહાય કરી રહયા હોય છે પરંતુ તેઓ સિધ્ધસંઘના સભ્યો નથી. સિધ્ધસંઘ ઉપરાંત એક બીજી સંસ્થા છે કે જેમાં ઉપરના સઘળા અધિકારીઓ ઉપરાંત મહાત્મપદ નીચેની અધ્યાત્મ માર્ગની ચાર દીક્ષા પૈકી કોઇપણ દીક્ષા પ્રાપ્ત કરેલા જીવો પણ તેના સભ્ય હોય છે. આ મંડળને **શ્વેતસંઘ** (The Great White Lodge or The White Brotherhood) કહેવામાં આવે છે.

જેમ માનવ શરીરમાં સાત તત્ત્વો છે તેમ માનવ જાતિમાં સાત મુખ્ય સ્વભાવ (Seven Chief Rays or Seven Chief Temperaments) ના જીવો છે. આ દરેકના પાછા સાત સાત ઉપ સ્વભાવ હોય છે. પણ તેમાં વધારે ઉંડા નહિ જતા આપણે માત્ર સાત

મુખ્ય સ્વભાવનોજ વિચાર કરીશું. આ સ્વભાવવાળા જીવોને મદદ કરવા માટે સિદ્ધ સંઘમાં અમુક પ્રકારની વ્યવસ્થા રાખવામાં આવેલી છે.

પહેલો સ્વભાવ **ઇચ્છાપ્રધાન** છે. આ સ્વભાવના જીવો, દરેક કાર્ય પોતાની સંકલ્પશક્તિના બળથી કરે છે. આવા જીવો મોટે ભાગે રાજ્યતંત્ર, અને સુવ્યવસ્થાના કાર્યમાં વધારે ઉત્સાહ લેતા હોય છે અને તેઓ પોતાના આત્મબળ ઉપરજ વધારે આધાર રાખતા હોય છે. બીજો સ્વભાવ **અધ્યાત્મજ્ઞાનપ્રધાન** છે. આ સ્વભાવના જીવો મોટે ભાગે જ્ઞાન અને ક્રિયાત્મક ભક્તિના બળથી કાર્ય કરે છે. તેઓને ધર્મ અને શિક્ષણનું કાર્ય બીજા કાર્યો કરતાં વધારે પસંદ હોય છે. ત્રીજો સ્વભાવ **કળા અને કૌશલ્યપ્રધાન** છે. આવા જીવો મોટે ભાગે આદર્શવાદી કલાપ્રિય, અને મીલનસાર સ્વભાવના હોય છે. ચોથો સ્વભાવ **સૌંદર્ય અને શાન્તિપ્રધાન** છે. આવા જીવોને સૃષ્ટિનિરક્ષણ કરવાનો અને કુદરતના સૌદર્ય સાથે એકતાર થવાનો ખાસ શોખ હોય છે. પાંચમો સ્વભાવ **વિજ્ઞાનપ્રધાન** છે. આ સ્વભાવવા લોકોને દરેક બાબતનું સંપૂર્ણ વિસ્તાર પૂર્વક જ્ઞાન મેળવવાનો અને પોતાની ખાત્રી પછીજ કોઇ પણ વાત માનવાનો શોખ હોય છે. છઠ્ઠો સ્વભાવ **ભક્તિપ્રધાન છે.** આ સ્વભાવના લોકોને ખાસ કરીને ભગવાન્ રામાનુજચાર્ય કે મહાત્મા જીસસનો શરણાગતિ માર્ગ વધારે પસંદ પડે છે. તેઓને પ્રાર્થના કરવી વધારે ગમે છે. સાતમો સ્વભાવ **કર્મકાંડપ્રધાન** છે. આ સ્વભાવના જીવોને જુદા જુદા પ્રકારના ક્રિયા કાંડોમાં વધારે શ્રદ્ધા હોય છે. બીજા શબ્દમાં કહીએ તો પહેલો સ્વભાવ આત્મપ્રધાન બીજો બુદ્ધિપ્રધાન, ત્રીજો સન્મન પ્રધાન ચોથો અંતઃકરણપ્રધાન પાંચમો અસન્મન પ્રધાન, છઠ્ઠો વૃત્તિ પ્રધાન અને સાતમો ક્રિયાપ્રધાન છે. આ દરેક માર્ગે પૂર્ણતા પ્રાપ્ત કરી શકાય છે. આ જુદા જુદા સાત સ્વભાવના જીવોને પૂર્ણતાને માર્ગે સહાય કરવા માટે સિદ્ધસંઘમાં આ સાત સ્વભાવ પૈકી

એકેકની સંપૂર્ણતા બતાવનાર મહાપુરૂષો છે. આનેજ લીધે અમુક જીવ અમુક મહાપુરૂષ તરફ ખેંચાય છે, અમુક મહાપુરૂષની તત્ત્વવિદ્યા તેને વધારે પસંદ પડે છે. આત્મબળ સ્વભાવવાળા જીવો **મનુ**ના નેતૃત્વ નિચે હોય છે. અધ્યાત્મજ્ઞાનપ્રધાન જીવો હિંદુધર્મમાં જેમને **વ્યાસ** કહેવામાં આવે છે, બૌધધર્મમાં જેમને **બોધિસત્વ** કહેવામાં આવે છે અને ખ્રીસ્તીધર્મમા જેમને **ક્રાઈસ્ટ** કહેવામા આવે છે તેમના નેતૃત્વ નીચે હોય છે અને બાકીના પાંચે સ્વભાવના જીવોનું નેતૃત્વ ભગવાન **મહુ** અથવા **મહાચોહાણ**નું છે. આ ત્રણ મહાન વ્યકિતઓના હાથ નીચે **ચોહાણ** અને **મહાત્મા**—અશેખ—જીવનમુકત—ની દીક્ષાવાળા મહાપુરૂષો ઉપર મુજબની સ્વભાવ વિશિષ્ઠતા પ્રમાણે જગતમાં ઇશ્વરી યોજનાનું કાર્ય કરી રહ્યા છે.

આ સિધ્ધ સંઘ આપણા આખા ભૂમંડળના જીવોના વિકાસ-ક્રમને સહાય કરવા અને આખા ભૂમંડળનું રાજ્યતંત્ર ચલાવવા માટે સ્થપાયેલો હોવાથી તેમાં દુનીયાની જુદી જુદી પ્રજાના શરીરો ધરાવનારા મહાપુરૂષો છે. ચાર કુમારોના શરીરો તો યોગ અને ક્રિયા શકિતના બળથી બનાવેલાં છે અને તે ઘણા વર્ષો થવા છતાં નવ-યૌવન જ રહે છે. આવા શરીર માટે શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે કે:—

पृथ्व्यापतेजोऽनिलखे समुत्थिते
पंचात्मके योगगुणे प्रवृत्ते ।
न तस्य रोगो न जरा न मृत्युः
प्राप्तस्य योगाग्निमयं शरीरम् ॥ २–१२.

પૃથ્વી, પાણી, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વને જો યોગ્ય યોગથી હંમેશાં ચાલુ રાખવામાં આવે તો તેવા યોગાગ્નિથી પરિપકવ થયેલા શરીરને કોઇ જાતનો રોગ થતો નથી, વૃધ્ધાવસ્થા અને

મૃત્યુ પાસે આવતાં નથી. જુદા જુદા તત્ત્વોના અધિષ્ઠાતા દેવરાજાઓના શરીરો પણ આવા પ્રકારનાં હોય એમ જણાય છે. બીજા અધિકારીઓ પૈકી કેટલાક મહાત્મા હિંદુ શરીરમાં છે, એક ટીબેટીઅન શરીરમાં છે, એક ચીના દેહમાં છે, બે અંગ્રેજ શરીરમાં છે, એક ઇટાલીઅન દેહમાં છે, એક હંગેરીઅન શરીર ધરાવે છે, બીજા એક સીરીઅન છે. એક વળી સૈપ્રસના ટાપુમાં દેહ ધારી રહેલ છે. એક આઇરીશ છે તો બેનું ફ્લેંડરનું શરીર પણ છે. હિંદુ મહાત્માઓમાં કોઇનું શરીર કાશ્મીરી બ્રાહ્મણનું છે તો એકનું ઉત્તર હિંદુસ્થાનનું ક્ષત્રિય શરીર છે તો એકનું દક્ષિણ હિંદનું દ્રાવિડીઅન શરીર છે. બીજા એક મહાત્મા દક્ષિણ હિંદમાં ક્ષત્રિય શરીરમાં છે. એક મહાત્મા ક્રેટન શરીરમાં તો એક ઇજીપ્શીઅન શરીરમાં છે. સિદ્ધસંઘના આવા મહાપુરૂષો, ભાગવત પુરાણના છઠ્ઠા સ્કંધના પંદરમા અધ્યાયમાં કહ્યું છે તેમ **एते परे च सिद्धेशाश्चरन्तिज्ञानहेतवः ।** 'જગતના જીવોને માર્ગે ચઢાવવા માટે જગતના જુદા જુદા ભાગમાં વસેલા છે.' આવા મહાપુરૂષો માટે ભગવાન્ શંકરાચાર્યે વિવેક ચુડામણિમાં કહ્યું છે કેઃ—

> **शान्ता महान्तो निवसन्ति सन्तो**
> **वसन्तवल्लोकहितं चरन्तः ।**
> **तीर्णाः स्वयं भीमभवार्णवं जना-**
> **नहेतु नान्यानपितारयन्तः ॥**

'વસંત ઋતુની માફક લોકહિત કરતા શાન્તિને પામેલા મહાત્માઓ, જેઓ પોતે આ ભયંકર સંસારસાગરને તરી ગયા છે, અને જેઓને સંસારમાં પોતાના સ્વાર્થને લગતો કોઇ પણ હેતુ નહિ હોવા છતાં, તેઓ બીજા જીવોને આ સંસારસાગરમાંથી તારવા માટે આ જગતમાં વિચરી રહ્યા છે.' આ મહાપુરૂષો પોતપોતાના નિર્ણિત કરેલા સ્થાનમાં રહી કાંતો શિષ્યો

સ્વીકારે છે અથવા તો કોઇ પ્રજાની કે કોઇ ધર્મની દેખરેખ રાખે છે. ભારતવર્ષની દેખરેખ રાખનાર મહાત્મા નીલગિરિ પહાડમાં પોતાનો આશ્રમ જમાવી રહ્યા છે. હિંદનુ ભવિષ્ય કોઇ અમુક મહારાજાધિરાજ, કે કોઇ મહાપ્રધાન કે કોઇ કેબીનેટ કે કોઇ વાયસરૉય કે કોઇ ધારાસભા કે કોઇ મહાસભા કે કોઇ લીગ કે કોઇ રાજ્યદ્વારી અસહકારી કે સહકારી નેતાના હાથમાં નથી પણ આ પૂર્ણપુરૂષના હાથમાં છે. અને તે સંપૂર્ણ રીતે સહિસલામત છે. તેઓ હિંદની પ્રજાનાં કર્મો પ્રમાણે તેને આગળ વધારે જાય છે અને ભારતવર્ષને ભાવી આર્યસંસ્કૃતિનું કેંદ્ર બનવા માટે તૈયાર કરી રહ્યા છે. પ્રાચીન ઋષિમુનિઓનો અધ્યાત્મ સંદેશ તેઓ ભારતના બાલકો દ્વારા જગતની અન્ય પ્રજાને આપશે અને ભારતને જગતનો ગુરૂ બનાવશે. ભારતનું આધિભૌતિક અને આધ્યાત્મિક સ્વાતંત્ર્ય બ્રીટીશ પ્રજાના હાથમાં નથી પણ સિદ્ધસંઘના એક પ્રબળ અધિકારી મહાત્માના હાથમાં છે. અત્યારે ગમે તેવી નિરાશા જણાતાં છતાં આ મહાત્માની શકિત અને આશીર્વાદથી અન્તે ભારતવર્ષનું કલ્યાણજ થવાનું છે. આજ નિયમ બીજી પ્રજાઓ માટે પણ છે.

દુનીયાના જુદા જુદા ભાગમાં ગુપ્તપણે રહીને આ મહાપુરૂષો જગતનું તંત્ર ચલાવી રહ્યા છે. કદાચ આ ચાલુ સદી પૂરી થયા પહેલાં આમાંના કેટલાક મહાપુરૂષો પોતાના અસ્તિત્વની ખાત્રી જગતને કરી આપશે અને લોક કલ્યાણનાં ઘણાં કાર્યો વધારે પ્રસિદ્ધપણે કરશે. અત્યારના જમાનામાં આવો લેખ કદાચ વહેમરૂપ અથવા હાસ્યસ્પદ મનાશે પરંતુ યોગ્ય વખત આવતાં સત્યનો જય થશે અને અત્યારે જે વાત ‘ અસંભવિત ’ લાગે છે તે પરમાત્માની કૃપાથી આ સદીની અંદરજ ‘ સંભવિત ’ બની જશે.

સિદ્ધસંઘનો દરેક મહાપુરૂષ ઇશ્વરી યોજનામાં કેટલું મહાન કાર્ય કરી રહેલ છે તેનું પૂરેપૂર જ્ઞાન તો આપણને અત્યારની સ્થિતિએ થવાનું નથી. પરંતુ આપણે એટલું તો સહેલાઇથી કહી શકીએ કે દરેક મહાપુરૂષ

પોતાના આત્માથી જગતના સઘળા આત્માઓ સાથે ઐક્ય સાધી સૌના તરફ આત્મ શકિતનો પ્રવાહ વર્ષાવે છે. પોતાની બુધ્ધિદ્વારા તેઓ જગતના જીવોની બુધ્ધિનો વિકાસ કરી લોકોની ધર્મ ભાવનાને પોષી રહ્યા છે. પોતાના સન્મનદ્વારા તેઓ ઉચ્ચ વિચારો, ઉચ્ચ ભાવનાઓ, ઉચ્ચ પ્રકારની સ્ફુરણાઓ જગતમાં મોકલ્યા કરે છે. આવા વિચારો, ભાવનાઓ, સ્ફુરણાઓને દુનીયાના સત્યશોધકો, વિજ્ઞાન શાસ્ત્રીઓ, તત્ત્વવેત્તાઓ, પારમાર્થિક વકતાઓ, લેખકો અને લોક નાયકો ઘણી વખત જાણે અજાણે ગ્રહણ કરે છે, અને પોતપોતાના સેવાના કાર્યમાં તેનો ઉપયોગ કરે છે. નવીન શોધ કરનારા લોકોને આ રીતે ઘણી મદદ મળે છે. તેઓ સ્થૂલ શરીરથી ગમે તેટલા દૂર હોવા છતાં આ તત્ત્વદ્વારા પોતાના જગતમાં વસતા શિષ્યોને જરૂર પડે તો સંદેશા મોકલી શકે છે અથવા અમુક કાર્ય કરવાની સૂચના કરી શકે છે. આવી શકિત દરેક મનુષ્યમાં રહેલી છે પરંતુ તે સૌ કોઇમાં ખીલેલી નથી. મહાપુરૂષમાં તે સંપૂર્ણ રીતે ખીલેલી હોવાથી તેનો ઉપયોગ તેઓ બહુ સહેલાઇથી કરે છે. દુનીયાના માનસશાસ્ત્રીઓ આવી શકિતનું અસ્તિત્વ હવે સ્વીકારવા લાગ્યા છે. આવા સંદેશાને તેઓ Telepathy કહે છે.

અસન્મનથી તેઓ વિચારરૂપ Thought–Forms ઉત્પન્ન કરી સામાન્ય માનવજાતિને તથા સ્વર્ગ લોકોમાં વસતા જીવોને સહાય કરે છે. દુનીયાની વિચાર સૃષ્ટિમાં શુભ વિચારો વધારી તેઓ સામાન્ય સ્થિતિના જીવોને પ્રગતિ કરવામાં મદદ કરે છે.

પોતાની શુભેચ્છાઓ અને પ્રેમ, દયા, ક્ષમા, અને સહાનુભૂતિની લાગણીદ્વારા જગતની વાસના સૃષ્ટિમાં સુધારણા કરે છે. પોતાના વાસના શરીરદ્વારા તેઓ પ્રેતલોકમાં ગયેલા જીવોને તથા આધ્યાત્મવિદ્યાનો અભ્યાસ શરૂ કરનાર નવા શિષ્યોને જ્યારે તેઓ રાત્રિના નિદ્રાવસ્થામાં પોતાના સ્થૂલ શરીરથી છૂટા થાય છે ત્યારે શિક્ષણ આપે છે.

પ્રાણતત્ત્વદ્વારા તેઓ જગતના પ્રાણ પ્રવાહમાં આરોગ્ય, ઉત્સાહ અને શકિતનો પ્રવાહ વ્હેવરાવે છે. સ્થૂલ શરીરથી તેઓ જ્યાં વસતા હોય ત્યાંનું વાતાવરણ શુદ્ધ બનાવે છે અને કર્મના નિયમનો ભંગ કર્યા સીવાય જગતના અનિષ્ટ બનાવો બદલી નાખવા અથવા દાબી દેવા માટે જેટલી સહાય કરી શકાય તેટલી તેઓ કરે છે.

જે મહાપુરૂષોએ અમુક ખંડ, દેશ કે પ્રજાના પ્રજાપતિનું કામ સ્વીકારેલું હોય છે તેઓ પોતપોતાની પ્રજાના ધાર્મિક, સામાજીક, રાજ-કીય, અને શિક્ષણ વિષયક નાયકોને શુભ પ્રેરણા દ્વારા અદૃસ્યપણે સહાય કરે છે. આવા મહાત્માઓ પ્રજાઓની ચડતી પડતી, અને આન્તરપ્રજાકીય કર્મોમાં ખાસ ભાગ લે છે અને તેઓને બની શકે તેટલી આગળ વધારવા માટે ચાલુ પ્રયત્ન કરે છે.

સિદ્ધસંઘના મહાત્માઓ આખા જગતને અને આખી માનવ જાતિને પોતાના કુટુંબરૂપ ગણે છે. તેઓ પોતાને માનવજાતિના મોટા બંધુ ગણે છે, તેથી માનવજાતિ તેને માને કે માને તો પણ પોતે તો પોતાનું બંધુકૃત્ય કર્યા કરે છે. આ ઉપરાંત જગતનાં ઉચ્ચ ભુવનો પર પણ ઇશ્વરી યોજનાનું કાર્ય કરે છે. તેઓની કાર્ય શકિત કેટલી પ્રબળ છે તે તેઓના સંબંધમાં આવનાર તેઓના શિષ્યો પણ પૂરેપૂરી સમજી શકતા નથી તો પછી તે શકિતનો ખ્યાલ આપણા જેવા સામાન્ય મનુષ્યને તો થાયજ કયાંથી ?

જ્યારે જ્યારે જગતમાં કોઇ જાતનો મહાન્ સુધારો કરવાનો હોય છે ત્યારે ત્યારે આ સંઘના કોઇ એક મહાત્મા આ જગતમાં આવે છે, જન્મ લે છે અથવા કોઈ પવિત્ર શિષ્યના શરીરનો ઉપયોગ કરે છે. જગતની જુદી જુદી પ્રજાઓમાં, જગતના જુદા જુદા ધર્મમાં થઇ ગએલા પેયગંબરો, મહાત્માઓ સઘળા આ મંડળનાજ સભ્યો હતા. આનેજ લીધે સૌ કોઇએ દેશકાળ અને સ્થિતિનો વિચાર કરીને પોતાનું કામ કરેલું

છતાં મુખ્ય ધ્યેય તો એકજ રાખેલું. તે ધ્યેય એજ કે જગતના જીવોને તેમની પ્રગતિમાં મદદ કરવી અને સૌને બની શકે તેટલા ઉચ્ચ આશયવાળા બનાવવા. કોઇપણ મહાપુરૂષ તેમના પોતાના સમયમાં સંપૂર્ણ રીતે સમજાયા નથી. દરેક મહાપુરૂષને પોતાના સુધારાના કાર્યમાં ભારે મૂશ્કેલીઓ પડેલી છે. છતાં દરેક મહાપુરૂષે પોતાનો સંદેશ આપેલો છે અને પોતાને સોંપવામાં આવેલું કાર્ય પાર પાડેલું છે. કારણ કે દરેક મહાપુરૂષની પછવાડે આખા સિદ્ધસંઘની શક્તિ અને સિદ્ધસંઘની પછવાડે **પરમેષ્ઠી** Planetary Logos ની શકિત રહેલી છે.

દુનીયાનાં જુદાં જુદાં તીર્થયાત્રાનાં સ્થળો અને જુદા જુદા ધર્મોના પવિત્ર દિવસોનો તેઓ લાભ લે છે અને તે તે સ્થળો અને દિવસોએ પોતાનો જીવનપ્રવાહ જગત્‌માં રેડે છે. આવી જાતની સહાયને લીધે મનુષ્યજાતિ ધીમે ધીમે આગળ વધી રહી છે. જુદી જુદી ભૂમિકા અને જુદા જુદાં તત્ત્વો અને જુદી જુદી જાતનું કાર્ય કરવા માટે એકાન્ત સ્થળમાં રહેવાની જરૂર છે. માટે તેઓ મોટે ભાગે એકાન્ત સ્થળોમાં વસે છે. આવા સ્થળોમાં વસવાનું બીજું કારણ એ છે કે તેઓનાં પ્રબળ આંદોલનો સામાન્ય લોકસમૂહ જીરી શકે તેમ નથી. તેમજ તેઓનાં શરીરો એટલાં પવિત્ર હોય છે કે જગતના ગંદા વાતાવરણમાં રહેવાથી તેઓનું શરીર વધારે વખત ટકી શકતું નથી. મહાપુરૂષો આરોગ્યના સઘળા નિયમો પાળે છે, સુંદર અને આરોગ્યતાવાળી જગ્યામાં રહે છે અને ચોવીશે કલાક—જાગ્રત અવસ્થામાં સ્થૂલશરીરમાં અને રાત્રિના સૂક્ષ્મ શરીરમાં—કંઇને કંઇ કામ કર્યા કરતા છતાં તેઓના મનપર બીલકુલ ચિન્તા જેવું કંઇ રહેતું નથી, તેથી તેઓ પોતાના સ્થૂલ શરીરને લાંબો વખત ટકાવી શકે છે. સ્થૂલ શરીર રાખી રહેલા મહાપુરૂષોની સંખ્યા બહુ મોટી નથી. જેઓ આ સંબંધી વધારે જાણે છે તેઓ કહે છે કે આશરે પચાસથી સાઠ દેહ

ધારી મહાપુરૂષો આ પૃથ્વીપર છે અને આમાંનો મોટો ભાગ બીજા કામમાં રોકાયેલો હોવાથી શિષ્યો સ્વીકારતો નથી.

આ અધ્યાત્મરાજ્યતંત્ર અથવા સિદ્ધસંઘની માન્યતા કંઇ નવી નથી. હિંદુ ધર્મના, બૌધ ધર્મના અને જૈન ધર્મના પુસ્તકો કે જેમાં પૂર્ણતાએ પહોંચવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે તેમાં સિધ્ધસંઘની ભાવના અમુક અમુક રીતે આપેલી છે. પુરાણોમાં સિધ્ધસંઘના મુખ્ય આશ્રમ–**શ્વેતદ્વીપનું**–તથા તેમાંવસતા મહાપુરૂષોના શરીરનું અને શકિતનું વર્ણન પણ આપવામાં આવ્યું છે. કોઇ કોઇ ઉપનિષદોમાં પણ સિધ્ધસંઘના અધિષ્ઠાતા માટે **ઉપબ્રહ્મા** એવું નામ આપવામાં આવ્યું છે. કોઇ કોઇ સ્થળે તેમનું નામ આપ્યા સિવાય

ईशानः सर्वविद्यानामीश्वरः सर्व भूतानाम् ।

'સર્વ વિદ્યાના પતિ–આપનાર–અને સર્વ ભૂતોના રાજા'

नमो हिरण्यबाहवे हिरण्यवर्णाय हिरण्यरूपाय ।

સોનાના જેવા હાથવાળા, સોના જેવા વર્ણવાળા અને સોનાના જેવા રૂપવાળાને નમસ્કાર હો, એમ કહેવામાં આવ્યું છે.

સિદ્ધસંઘના નાયક ભગવાન્ સનત્કુમાર માટે એવું કહેવામાં આવે છે કે તેઓ આ ભૂમંડળ અને તેને લગતાં તેનાં બીજા છ ભુવનો ઉપર શું થઇ રહ્યું છે તે સઘળું પોતાની સામાન્ય સ્થિતિમાં જાણે છે. તેમના પિંડબ્રહ્માંડની ઐકયતા એટલે સુધી થયેલી છે કે તેઓ આખા ભૂમંડળ અને તેના સૂક્ષ્મતર ભુવનો ઉપર રહેલા સઘળા પ્રકારના જીવોના વિકાસક્રમ ઉપર ધ્યાન આપી શકે છે. વિકાસક્રમનો નિયમજ આપણને કહે છે કે આવી સ્થિતિ હોવીજ જોઇએ. એક અણુથી લઇને પરમાત્મા સુધીની સ્થતિમાં જુદી જુદી ભૂમિકાઓ હોવીજ જોઇએ અને ઉચ્ચતર અને ઉચ્ચતર કોટીના મહાપુરૂષો પણ હોવા જોઇએ. મારૂં માનવું એવું

છે કે ભગવાન્ પતંજલીએ ઇશ્વરની જે વ્યાખ્યા તેમના યોગસુત્રમાં આપી છે તે સિદ્ધસંઘના સ્થાપક અને આપણા ભૂમંડળના ઉપબ્રહ્મા ભગવાન્ સનત્કુમાર કે જેમની રજા સીવાય કોઇને યોગદીક્ષા આપી શકાતી નથી, તેઓને માટે છે. પતંજલી યોગસૂત્રમાં ઇશ્વરની વ્યાખ્યાં નીચે મુજબ આપેલી છેઃ-

क्लेशकर्मविपाकशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः।
तत्र निरतिशयं सर्वज्ञर्ष.जम्।
स पूर्वेषामपि गुरुः कालेनाऽनवच्छेदात ।
तस्य वाचकः प्रणवः १-२४-२५-२६-२७ः

'જેનાં કલેશકર્મોનો ક્ષય થઇ ગયો છે એવા પુરુષવિશેષ ઇશ્વર છે. તે સદા સર્વથા સર્વજ્ઞ છે. પૂર્વે થઇ ગયેલા સઘળા મહાપુરૂષના તે ગુરૂ છે કારણુ કે તેમને કાળનો બાધ નડતો નથી. પ્રણવથી તેમનું આવાહન કરી શકાય છે.' (૧-૨૪-૨૫-૨૬-૨૭.) ખુદ પરમાત્મપદ સુધીનો વિકાસક્રમ શકય છે અને જગતમાં એવી વ્યકિત પણ છે કે જે ક્રિયા અને યોગ શકિતથી પોતાનું શરીર બનાવી આ જગતના જીવોને સહાય કરવા આ પૃથ્વીપર રહે છે અને આ તેમજ પર દુનીયામાં જે કંઇ થઇ રહ્યું છે તે તેઓ જાણે છે એવું ભાન થતાં વિકાસક્રમના અભ્યાસીને અપૂર્વ આનંદ આવે છે. તેને તે વખતથી ખાત્રી થાય છે કે પોતાને ખરેખરો અન્યાય કરનાર આ કે બીજી દુનીયામાં કોઇ છેજ નહિ. જગતનું તંત્ર જે મહાપુરૂષના હાથમાં છે તે તેના નાનામાં નાના બાળકનું રક્ષણ કરવા માટે શકિતવાન્ છે. દુનીયામાં જે દુઃખ અને અન્યાય નજરે પડે છે તે દરેક જીવનો, દરેક પ્રજાનો પોતાનો બનાવેલો છે. દરેક દુઃખ, કરેલી ભૂલની યાદ રૂપ છે અને તે સુધારવાની તક આવનાર છે. દરેક અન્યાય તે ભૂતકાળમાં કરેલા અન્યાયના બદલારૂપ છે અને એવો અન્યાય ફરીથી કોઇને ન

કરાય તો સારૂ એવી ચેતવણી આપનાર છે. જગત્‌ની રચના નિષ્પ્રયોજન નથી પણ સૌ કોઇને પૂર્ણતા પ્રાપ્ત કરાવવા માટે છે. ગમે તેવા ભયમાં પણ કોઇ પ્રાણી એકલું નથી. ચરણની નીચે કચરાઇ મોતને શરણ થતી એક નાનામાં નાની કીડીને પણ પ્રભુનો આશીર્વાદ મળે છે અને તેને પ્રગતિને માર્ગે ચઢાવવામાં આવે છે. દુઃખી હૃદયની પ્રાર્થના ઉપબ્રહ્માને કાને પહોંચે છે અને તેનો તેને જવાબ પણ મળે છે. કદાચ તેનાં કર્મો વચ્ચે આવતાં હશે તો તેને અમુક મુશ્કેલી તો ભોગવવીજ પડશે પણ તે મૂશ્કેલી ભોગવવાની શકિત તો પ્રભુ તરફથી તેને જરૂર મળશેજ. કોઇ પણ જીવ કોઇ પણ સ્થળે એકલો નથીજ. તેની સ્થિતિ, તેનાં સંયોગો તેની શકિત શું છે તે આ મહારાજા જાણે છે અને તેને જેટલો આગળ વધારી શકાય તેટલો તેઓ તેને આગળ વધારી રહ્યા છે. આ મહાન્ વિભુતિદ્વારાએ પરમેષ્ઠીની અને પરમેષ્ઠીદ્વારાએ બ્રહ્માંડનાયક પરમાત્માની શકિત આ ભૂમંડળ અને તેના સૂક્ષ્મતર ભુવનો ઉપર પ્રસરી રહી છે. સિદ્ધસંઘના નાયક અને આ ભૂમંડળના ઉપબ્રહ્મા એટલા પ્રબળ હોવા છતાં તેઓ તથા તેમના સંઘના સભ્યો કોઇપણ જીવને તેની ઇચ્છા વિરૂદ્ધ કોઇ કામ કરવાની ફરજ પાડતા નથી. તેઓ દરેક જીવને વિકાસક્રમનો માર્ગ બતાવી રહ્યા છે. એ માર્ગે પ્રગતિ કરવા માટે હજારો જાતની મદદ તેઓ આપી રહ્યા છે. તે મદદ લેવી કે ન લેવી તે દરેક જીવનું પોતાનું કાર્ય છે. જો કોઇ તે મદદ લે છે તો તેથી તેને ફાયદો થાય છે અને વિકાસક્રમમાં તે જલદી આગળ વધે છે અને જો નથી લેતો તો દુઃખ અને મુશ્કેલીઓ સહન કરીને તે પાછો ઠેકાણે આવેછે. આખો સિદ્ધસંઘ એકજ હેતુથી અને એક આત્મારૂપે ઇશ્વરી યોજનાનો અને ઇશ્વરી નિયમોનો અમલ કરી રહ્યો છે. આ સિદ્ધસંઘમાં નહિ માનનારા માણસોમાં પણ આ મહાપુરૂષો માને છે અને તેઓને પણ તેઓ બનતી સહાય આપી રહ્યા છે. આ સંઘ સંબંધી ઘણી માહીતી થીઓસોફીકલ સોસાઇટીના નેતા ડો. બેસન્ટ, બીશપ

લેડબીટર અને શ્રીયુત જીનરાજદાસે છેવટના થોડા વર્ષમાં બહાર પાડી છે. આ માહીતીનો ઘણા લોકોએ સદ્ઉપયોગ કર્યો છે અને આવા સંઘના સભ્યો-મહાત્માઓની-સાથે સંબંધમાં આવવા માટે પ્રયત્ન શરૂ કર્યો છે. અને કેટલાક તો એ મહાપુરૂષો પૈકી એક યા બીજાના સંબંધમાં આવ્યા પણ છે. આ માહીતીનો કેટલાકોએ દુરૂપયોગ કર્યો છે અને સિદ્ધસંઘ અને તેના સભ્યોની માન્યતાને હસી કાઢી છે. પણ પ્રભુ કૃપા તો થોડાં વર્ષોમાં જગતૂની સ્થિતિ બદલાશે અને જેઓ આજે સિધ્ધસંઘને માનતા નથી તેઓ તેમાં માનતા થશે અને આ સંઘના કેટલાક સભ્યો જગતૂમાં જાહેર રીતે કાર્ય કરશે. સિધ્ધસંઘના પાંચમી દીક્ષા પામેલા મહાપુરૂષો પૈકી જે મહાત્માઓ શિષ્યોને સ્વીકારે છે તેઓના સંબંધમાં કોઇ પણ મનુષ્ય, પછી ભલે તે ગમે તે દેશમાં અને ગમે તે જાતિમાં જન્મ્યો હોય અને ગમે તે ધર્મ પાળતો હોય તોપણ આવી શકે છે. માત્ર તે વિકાસક્રમમાં અમુક સ્થિતિએ પહોંચેલો હોવો જોઇએ અને અમુક પ્રકારનું જીવન ગુજારતો હોવો જોઇએ. સિદ્ધસંઘનું બંધારણ અને તેની દીક્ષાઓ સમજવામાં નીચેનો કોઠો ઉપયોગી થશેઃ-

શ્વેતસંઘ (The White Lodge.)

દીક્ષાનો ક્રમ	દીક્ષાનું નામ	સિધ્ધસંઘમાં સ્થાન
દશમી દીક્ષા	પરમેષ્ઠી	ભૂમંડળાધીશ (Planetary Logos)
નવમી દીક્ષા	પ્રજાપતિ	ઉપબ્રહ્મા-ઇશાન (Evolving Logos)

આઠમી દીક્ષા	પ્રત્યેકબુદ્ધ	બુદ્ધ
સાતમી દીક્ષા	મનુ. વ્યાસ. મહ.	મનુ પ્રજા પાલન કરે છે. વ્યાસ ધર્મપાલન-કરે છે. મહાચોહાણુ બંનેની યોજનાનો અમલ કરેછે.
છઠી દીક્ષા	અવધૂત, ચોહાણુ	મનુ વ્યાસ અને મહાચોહાણુના નીચે કાર્ય કરે છે.
પાંચમી દીક્ષા	મહાત્મા, જીવન મુક્ત, તુરીયાતીત, અસેખ	કોઈ દેશ કે પ્રજાના અધિષ્ઠાતા તરીકે કામ કરે છે. અથવા કોઈ અધિકાર માટે તૈયારી કરેછે, શિષ્યો સ્વીકારે છે
ચોથી દીક્ષા	પરમહંસ, અર્હત્	દીક્ષિત શિષ્ય પોતાના ગુરૂના કાર્યમાં સહાય કરે છે અને ઉચ્ચ દીક્ષા માટે તૈયારી કરે છે.
ત્રીજી દીક્ષા	હંસ, અનાગામી	,,
બીજી દીક્ષા	બહૂદક, સકદાગામી	,,
પહેલી દીક્ષા	કુટીચક, સોતાપત્તિ	,,

[ચોહાણુ, અસેખ, અર્હત્, અનાગામી, સકદાગામી અને સોતાપતિ એ બૌધ ધર્મની દીક્ષાના નામો છે. અને તે વેદાન્તમાં બતાવેલી અવધૂત તુરીયાતીત પરમહંસ, હંસ, બહૂદક અને કુટીચકની સાથે મળતી છે. છેવટની ચારદીક્ષાઓ સંબંધમાં વિશેષ હકીકત દીક્ષામાર્ગના પ્રકરણમાં આવશે.]

આ સિદ્ધસંઘનો વિચાર કરતાં એક વાત ખુબ યાદ રાખવાની છે. અને તે એ કે સિદ્ધસંઘના સઘળાજ અધિકારીઓ એક વખત આપણા જેવા મનુષ્યો હતા. તેઓમાં પણ આપણી માફક ગુણ દોષો હતા. તેઓ પણ આપણી માફક વિકાસક્રમની સીડીપરના નીચલા પગથીયાપર ઉભા હતા. જે પૂર્ણતાએ તેઓ પહોંચ્યા છે તે પૂર્ણતાએ પહોંચવું એ આપણે માટે પણ શકય છે એમ બતાવવા તથા આ ભૂમંડળના સર્વ જીવોને મદદ કરવા માટે તેઓ આ પૃથ્વીપર રહયા છે. થીઑસૉફીકલ સોસાઇટીની સ્થાપના પણ બીજા ધર્મોની માફક આજ સંઘને આભારી છે. આ સંઘના બે મહાત્મા—મહાત્મા **મોરીયા** અને મહાત્મા **કુથહુમી**ની પ્રેરણાથી મહાત્મા મોરીયાનાં બે શિષ્ય મેડમ બ્લેવેટસ્કી અને કર્નલ ઓલ્કૉટે આ સોસાઇટી ૧૮૭૫ના નવેમ્બરની ૧૭મી તારીખે અમેરીકાના ન્યુયોર્ક શહેરમાં સ્થાપી હતી. મહાત્મા મોરીયા અત્યારે ઉત્તર હિંદુસ્થાનના એક રજપુત શરીરમાં છે અને તે શરીર મોરીયા રજપુત વંશનું છે માટે તેમને એ નામ આપવામાં આવ્યું છે. મહાત્મા કુથહુમી અત્યારે કાશ્મીરી બ્રાહ્મણ શરીરમાં છે અને આશરે ૭૦ થી ૮૦ વર્ષ પહેલાં તેમણે કેમ્બ્રીજની યુનીવર્સિટીમાં અભ્યાસ કર્યો હતો. તેમનું આખું નામ કુથહુમી લાલસિંહ છે. આ બંને મહાપુરૂષ ટીબેટના **શીગાત્સે** શહેરથી થોડે દુર આવેલી હિમાલયની એક તળેટીમાં પોતાના આશ્રમોમાં રહે છે. આ સોસાઇટીએ ભ્રાતૃભાવનો સંદેશ તથા સર્વધર્મ પ્રભુપ્રાપ્તિના માર્ગ છે એવો સંદેશ જગતને આપ્યા ઉપરાંત જે બીજો મહત્વનો સંદેશ જગતને આપ્યો છે તે સિદ્ધસંઘના અસ્તિત્વનો અને માનવ જાતની પૂર્ણતાને લગતો છે. આ સંસ્થાના નેતાઓએ લોકોની ઠઠ્ઠા મશ્કરી કે અયોગ્ય ટિકાની પરવા કર્યા સિવાય મહાપુરૂષોના અસ્તિત્વનો સંદેશ જાહેર રીતે આપેલો છે. આ સંસ્થાના સભ્યોનો મોટો ભાગ આજે મહાપુરૂષોના અસ્તિત્વમાં માને છે અને કેટલાક સભ્યો તો અમુક અમુક મહાપુરૂષના શિષ્ય પણ થયા છે અને જેટલી ખાત્રી તેઓને પોતાની હૈયાતીની છે તેટલીજ ખાત્રી આ મહાપુરૂષોની હૈયાતીની છે.

શિષ્યપદપ્રાપ્તિમાર્ગ.

માનવજાતિના વિકાસક્રમમાં એક સ્થિતિ એવી આવે છે કે જ્યારે મનુષ્યને વસુ અને વૈભવ સૂકાં લાગે છે અને તેના મનમાં માનવ જીવનના પ્રશ્નો ઉત્પન્ન થાય છે. જીવન શું છે? જીવનનો હેતુ શું છે? આદર્શ જીવન કેવું હોય? જગતની ઉત્પત્તિનું કારણ શું છે? મરણાંતર સ્થિતિ છે કે નહિ? જીવાત્માનો પુનર્જન્મ છે કે નહિ? ન હોય તો પછી એકજ વખત જન્મવાનું પ્રયોજન શું? હું કોણ? કયાંથી આવ્યો? કયાં જવાનો? ઇશ્વર એટલે શું? તેનું સ્વરૂપ શું? નૈતિક અને ધાર્મિક જીવન કેવું હોય? એવા જીવનની જરૂર શું? જીવનો જગતની સાથે સંબંધ શું? જીવ અને ઇશ્વરનો સંબંધ શું? જીવ, ઇશ્વર અને જગતનો સંબંધ શું? દુનીયામાં દુઃખ શા માટે હોવું જોઇએ? કોઇ વખતે અનીતિમાન સુખી જણાય છે અને નીતિને માર્ગે ચાલનાર દુઃખી થાય છે તેનું કારણ શું? આવા પ્રશ્નો દરેક માણસના મનમાં ઉત્પન્ન થતા નથી પણ જ્યારે તે દેહાત્મા, પ્રાણાત્મા, કામાત્મા, અને જ્ઞાનાત્માના ધોરણમાંથી પસાર થઇ વિજ્ઞાનાત્માના ધોરણમાં દાખલ થાય છે ત્યારેજ ઉત્પન્ન થાય છે અને ઉત્પન્ન થયા પછી જ્યાંસુધી તેનો ફડચો ન થાય ત્યાંસુધી તેને શાન્તિ મળવા દેતા નથી અને જગતની વસ્તુઓમાં આનંદ લેવા દેતા નથી. જુદા જુદા સ્વભાવના જીવમાં જુદી જુદી જાતના પ્રશ્નો ઉદ્ભવે છે. પણ સઘળા પ્રશ્નોનું મૂળ તો એકજ હોય છે. ને મૂળ તે સત્યની શોધ. તે પોતાના હૃદયના પ્રશ્નોનો ઉત્તર મેળવવા માટે જુદાં જુદાં પુસ્તકો અને ધર્મ પુસ્તકો વાંચે છે, જુદાં જુદાં મંડળોમાં દાખલ થાય છે, જુદા જુદા પ્રકારના બાવા, સાધુ, સન્યાસી, ફકીર, યતિ, પંડિત, પ્રોફેસર, શાસ્ત્રી, ભકત વગેરેને મળે છે, જુદી જુદી ક્રિયાઓ, પ્રયોગો, મન્ત્રો પુરશ્ચરણો પૂજાઓ વગેરેનો પણ

કદાચ આશ્રય લે છે. પોતાને જણાતા સત્યની શોધમાં તે પૈસાનો ભોગ આપે છે, મોજ મજાનો ત્યાગ કરે છે, બીજી જે કંઇ મુશ્કેલી આવી પડે, લોકોમાં ટિકા થાય, મશ્કરી થાય તે પણ વારંવાર સહન કરે છે. આવી શોધમાં થોડા જન્મ પસાર થાય છે. પછી તે એવી સ્થિતિએ પહોંચે છે કે જ્યારે તે વિચારમાં તો, બહારના કહેવાતા રૂપ, રંગ, જાતિ, અને ધર્મના ભેદોથી પર જાય છે અને સઘળા મનુષ્યોને, માનવજાતિના સભ્યો તરીકે અને એટલા માટે ભાઇઓ અને બ્હેનો તરીકે જોઇ શકે છે. અલબત માત્ર તે આમ વિચારથીજ જોઇ શકે છે હજી તે પ્રમાણે વર્તી શકતો નથી. તેને આ સ્થિતિએ એમ પણ સમજાય છે કે મનુષ્યમાં જીવ જેવું કંઇ છે અને જગતમાં પરમાત્મા જેવું પણ કંઇ છે અને સઘળા ધર્મો તે જીવ અને ઇશ્વરનું ભાન કરાવવાના અને જીવ ઇશ્વરની ભેટ કરાવનારા માર્ગોજ છે. આ માર્ગો પૈકી કોઇપણ માર્ગે પરમાત્મપ્રાપ્તિ થવીજ જોઇએ. માટે પોતે જે ધર્મમાં જન્મ્યા હોઇએ તે છોડવાની અને બીજો ધર્મ સ્વીકારવાની અગર બીજાના ધર્મને ધિક્કારવાની જરૂર નથી. વળી તેની ખાત્રી થાય છે. કે જ્યાંસુધી તે પોતે પોતાને બરોબર જાણશે નહિ ત્યાં સુધી તેને જગત કે પરમાત્મા સંબંધી ખરૂં સત્ય સમજાવાનું નથી. “ જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્ત્યો નહિ, ત્યાં લગી સાધના સર્વ જુઠી. ” અહિંઆ ભકતરાજ નૃસિંહમહેતાનું આ પદ બરોબર સમજાઇ જાય છે.

જ્યારે જીવાત્મા વિજ્ઞાનાત્માના ધોરણમાં આવી, થોડા જન્મો સુધી તેનો અનુભવ લઇ, બની શકે તેટલું નીતિમય જીવન ગુજારી, ઉપર બતાવેલી સ્થિતિએ પહોંચે છે ત્યારે તેને કોઇ પુસ્તકદ્વારા કે કોઇ વ્યકિતદ્વારા ખબર મળે છે કે આ જગતમાં જીવનમુકત પુરૂષો છે, મહાપુરૂષોની ગુરૂ પરંપરા છે, એ મહાપુરૂષોના સંબંધમાં આવી શકાય છે, તેમના શિષ્ય થઇ શકાય છે અને તે પુરૂષો પાસેથી પરમસત્ય પ્રાપ્ત કરી

શકાય છે, કારણ કે તેઓએ તે સત્યનો—આત્માપરમાત્માનો—સાક્ષાત્કાર કરેલો છે. અહિંથીજ શિષ્યપદપ્રાપ્તિમાર્ગની શરૂઆત થાય છે. આવો જીવાત્મા આ માર્ગના પહેલા પગથીયાપર પગ મૂકે છે કારણ કે જગતમાં મહાપુરૂષો છે એવી માન્યતા થવી તે શિષ્યપદપ્રાપ્તિનું પહેલું પગથીયું છે. પરંતુ માત્ર મહાપુરૂષોના અસ્તિત્વની માન્યતાજ બસ નથી. દરેક માન્યતા જ્ઞાન ઉપર રચાવી જોઇએ—માત્ર શ્રદ્ધા ઉપર નહિ. શ્રદ્ધા ઉપર રચાયેલી માન્યતા કોઇ વખતે નબળી પડી જાય છે અને કોઇ વખતે નાબુદ પણ થાય છે. પરંતુ જ્ઞાનના પાયા ઉપર બંધાયેલી માન્યતા દિવસે દિવસે મજબૂત થતી જાય છે અને ગમે તેવા પ્રસંગમાં પણ તેને આંચ આવતી નથી. મહાપુરૂષની માન્યતા થતાં પુનર્જન્મ, કર્મ, અને વિકાસક્રમના નિયમોનાં પુસ્તકો તરફ તેનું લક્ષ ખેંચાય છે. તે પુસ્તકોનો તે અભ્યાસ કરે છે, તે નિયમોમાં તેનો અન્તરાત્મા માને છે પછી તેની ખાત્રી થાય છે કે મહાત્મપદ એ તો પુનર્જન્મ,કર્મ અનેવિકાસક્રમના નિયમનુંજ ફળ છે. દરેક મનુષ્ય એ સ્થિતિએ પહોંચવાનોજ છે. એ પદ તેને માટે નિર્ણિતજ થયેલું છે. માત્ર એ દિશામાં પ્રયત્ન કરવાનીજ જરૂર છે. એટલું સમજતાં તેને મહાત્મા એટલે શું; મહાત્મા કેવા હોય; તે શું કાર્ય કરતા હોય; તે સમજાઇ જશે. તેને ખાત્રી થશે કે **શરીરનું પરમ આરોગ્ય, મનનું પરમજ્ઞાન, હૃદયનો પરમપ્રેમ અને આત્માનું પરમસત્ય જેણે પ્રાપ્ત કરેલાં છે તે મહાત્મા છે.** આ જ્ઞાન થતાં તે શિષ્યપદપ્રાપ્તિમાર્ગના બીજા પગથીયા ઉપર ઉભો રહેશે. આ માર્ગનું પહેલું પગથીયું તે **શ્રદ્ધા** છે અને બીજું પગથીયું તે **જ્ઞાન** છે. પણ આ બેજ પગથીયાં બસ નથી. માત્ર મહાપુરૂષોમાં માનવાથી કે તેઓ કેવા હોય તે સમજવાથી માણસ કોઇ પણ મહાપુરુષનો શિષ્ય થતો નથી. હજી તો તેને બીજાં પાંચ પગથીયાં પર ચઢવાનું છે.

મનુષ્યની પ્રગતિ માટે એકલું જ્ઞાન બસ નથી. સાચું બોલવું જોઇએ, દયા રાખવી જોઇએ, પ્રેમભાવથી વર્તવું જોઇએ, નીતિને માર્ગે ચાલવું જોઇએ એ વાતો આપણને નાનપણથી કહેવામાં આવે છે. કેટલાંક વર્ષોથી આપણે તે વાતો જાણીએ છીએ અને પ્રસંગ આવે તો બીજાઓને તેનો બોધ પણ આપીએ છીએ. છતાં તે પ્રમાણે ઘણી વખત વર્તન કરી શકતા નથી. એનું કારણ એજ છે કે જે સત્યો આપણે જાણતા હોઇએ તેનું જો આપણે ચાલુ મનન ન કરીએ, તેનું ધ્યાન ન કરીએ તો તે સત્યો મગજમાંથી હૃદયમાં ઉતરતાં નથી, જીવન રૂપ થતા નથી. માટે જ્ઞાનના કરતાં ધ્યાન એ વધારે મહત્વનું છે, અને આ માર્ગનું ત્રીજું પગથીયું તે **ધ્યાન** છે. આ પગથીયા પર પગ મુકવા ઇચ્છનારે હમેશાં કોઇ પણ પૂર્ણપુરૂષનું થોડો વખત ધ્યાન કરતાં રહેવાની જરૂર છે. જગતમાં અને દરેક ધર્મમાં ઘણા મહાપુરૂષો થઇ ગયા છે. આ પૈકી જેમના તરફ તેનો અંતરાત્મા દોરાય તેનું ધ્યાન કરવાની દરેક જીજ્ઞાસુને જરૂર છે. જો કોઇના તરફ તેનું હૃદય ન ખેંચાતુ હોય તો ઉપર જણાવેલી ચારે પૂર્ણતાવાળા આદર્શસ્વરૂપનું ધ્યાન કરવું. આવું ધ્યાન પણ કોઇ એક મહાપુરૂષના ધ્યાનના જેવુંજ ફળ આપે છે કારણ કે ધ્યાન ગુણ અને શકિતનું કરવાનું છે, બહારના નામ રૂપનું કરવાનું નથી. જ્યારે કોઇપણ માણસ હમેશાં આવું ધ્યાન કરે છે ત્યારે તેને પોતાના ધ્યાનની વસ્તુ જેવા થવાનું મન થવા માંડે છે. આમ થતાં તે **કર્મરૂપી** ચોથા પગથીઆ પર ચઢે છે. તે પોતાના શરીરનું આરોગ્ય વધારવા માટે આરોગ્ય વિદ્યાના નિયમોનો વિચાર કરે છે અને તે નિયમ પ્રમાણે પોતાનો આહાર વિહાર ગોઠવે છે. પોતાનું જ્ઞાન વધારવા માટે તે હમેશાં, ઓછામાં ઓછો પા અરધો કલાક કોઇને કોઇ મનનીય પુસ્તકનો અભ્યાસ કરે છે. પોતાના હૃદયની પુર્ણતા પ્રાપ્ત કરવા માટે તે હમેશાં અમુક સદ્‌ગુણનું

ધ્યાન કરે છે અને દિવસના તે પ્રમાણે ચાલવાનો નિશ્ચય કરે છે. વખતે અકેક માસ કે વર્ષ સુધી એક સદ્‌ગુણનું મનન અને આચરણ કરે છે અને જ્યારે તે સદ્‌ગુણ તેના જીવનમાં ઉતરે છે ત્યારે બીજો સદ્‌ગુણ ઉપાડે છે. પોતાના આત્માની પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે તે પોતાને દેહ નહિ પણ જીવાત્મા સમજે છે. દિવસના બને તેટલા પ્રમાણમાં તે જીવાત્મા પ્રમાણે જીવન ગુજારવા અને બીજા માણસોમાં પણ પોતાના જેવો જીવાત્મા જોવા તથા તે રીતે તેની સાથે વર્તવા પ્રયત્ન કરે છે અને થોડો સમય પણ સર્વજ્ઞ, સર્વશક્તિમાન્ અને સર્વવ્યાપક પરમાત્માનું અગર તો પોતાના ઇષ્ટ દેવુંનું ધ્યાન કરી તેમનું સાનિધ્ય અનુભવવા પ્રયત્ન કરે છે. આમ કરતાં તેની ખાત્રી થાય છે કે તેણે માત્ર મહાપુરૂષનું ધ્યાન કરીને બેસી રહેવાનું નથી પણ એવા મહાપુરૂષ બનવાનું એટલે કે મહાપુરુષ જેમ જગત્ માટે જીવે છે તેમ તેણે પણ જગત માટે જીવવાનું છે. તેણે પણ પોતાનું બંધુ કૃત્ય માનવ જાતિ પ્રત્યે કરવાનું છે. સાથે સાથે તેને એટલું પણ સમજાય છે કે માનવ જાતિના આત્મા, હૃદય, મન અને શરીરની પૂર્ણતા માટે ધાર્મિક, સામાજિક, શિક્ષણવિષયક અને રાજકીય સુધારણાની જરૂર છે. એટલે તે આ ચારે માર્ગે અગર ચાર પૈકી બની શકે તેટલે માર્ગે માનવ જાતિની સેવા કરવા મંડે છે. એટલે પહોંચતા આવો જીવ શિષ્યપદપ્રાપ્તિનું ચોથું પગથીયું પસાર કરે છે. અહિંયા પહોંચતાં તેને ધ્યાનમાં અગર સ્વપ્નામાં પોતાના ભાવી ગુરૂનાં દર્શન થયાં હોયછે. પોતાના ગુરૂ કોણ હશે તેની હવે તેને શંકા રહેતી નથી. તેથી તે જે કંઇ કાર્ય કરે છે તે પોતાના ગુરૂને નામે કરવાનું શરૂ કરે છે. એમ કરતાં તે કર્મફલત્યાગ નામના પાંચમા પગથીયા ઉપર આવીને ઉભો રહે છે. આ પગથીયા ઉપર પગ મૂકતાં ગુરૂને નામે અને માનવજાતિ પ્રત્યેના પ્રેમને ખાતર કાર્ય કરવું એટલે શું તે તસમજવા માંડે છે. એટલે કે હવે તે ગમે તે કામ, ગમે ત્યારે અને ગમે તે રીતે કરી

શકતો નથી. હવે તો તેને ડગલેને પગલે ગણેશપૂજન કરવું પડે છે એટલે કે વિવેક કરવો પડે છે. પોતે જે કાર્ય કરવા માગે છે તે ઉપયોગી છે કે, પરમાર્થી છે કે, નીતિનું છે કે, પોતાના અગર જગતના વિકાસ માટે જરૂરનું છે કે, ગુરૂદેવનો તે માટે આશીર્વાદ મળી શકે તેવું છે કે વગેરેનો વિચાર કરવો પડે છે. દરેક વૃત્તિ ઉત્પન્ન થતાં એ સારી છે કે, ઇશ્વરી યોજનાને અનુકુળ છે કે, ગુરૂદેવની સમક્ષ કરી શકાય તેવી છે કે તે જોવું પડે છે. દરેક શબ્દ બોલવા પહેલાં, તે સત્ય અને હિતકર છે કે, તે ગુરૂદેવની સમક્ષ બોલી શકાય તેવો છે કે તેનો નિશ્ચય કરવો પડે છે. દરેક વિચાર કરવા પહેલાં તે સાચો, પ્રિયકર અને જરૂરનો છે કે, ગુરૂદેવની સામે રાખી શકાય તેવો છે કે તેની તપાસ કરવી પડે છે. પોતાનું શરીર, વાણી, મન અને પોતાના અન્તરાત્માને ગુરુદેવના અને પરમાત્માના કાર્યમાં અર્પણ કરવા માટે તેને **પ્રસન્નવદન, વીરવચન, સુખકર વિચાર અને શૂરવીર કૃત્ય**ની જરૂર છે એમ તેને લાગે છે. અને શિષ્ય જીવન માટે સાધનચતુષ્ટય-**વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ** (શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન) અને **મુમુક્ષુતા** જરૂરનાં છે એમ તેને સમજાય છે. જ્યારે તે આ સાધનો સમજવા તથા યથાશકિત તે પ્રમાણે વર્તવા તથા ગુરુદેવને નામે યથાશકિત સેવા કરવાનું ચાલુ રાખે છે ત્યારે તેને કોઇ કોઇ વખતે પરમશાન્તિનો અનુભવ થવા માંડે છે; પોતાનાં કાર્યમાં, વિચારમાં, વચનમાં કોઇ કોઇ વખતે ગુરુદેવ તરફથી કંઇ સહાય અને કોઇ નવીન પ્રકારની શકિત મળવા માંડે છે. આ સ્થિતિએ પહોંચતાં તે શિષ્યપદપ્રાપ્તિમાર્ગના છઠ્ઠા પગથીયા પર પગ મૂકે છે. આ છઠ્ઠું પગથીયું તે **ગુરૂદેવની શાન્તિ અને શકિતનો અનુભવ છે.** આ પગથીયે પહોંચતાં તે કહી શકે છે કે " હું મહાપુરૂષમાં માતું છું તેનું કારણ, માત્ર મારાં **શ્રદ્ધા, જ્ઞાન, ધ્યાન**, કર્મ (આચરણ) **અને ફુલ ત્યાગજ** નથી, માત્ર ધ્યાનમાં કે

સ્વપ્નામાં ગુરૂદેવનું દર્શન થયું છે એ નથી પણ મને ગુરૂદેવની જીવન શકિતનો અને શાન્તિનો અનુભવ થયો છે એ સૌથી મોટામાં મોટું કારણ છે. હવે કદાચ આખું જગત્ કહે કે મહાત્માઓ છેજ નહિ તો પણ હું એકલો કહેવા તૈયાર છું કે હું મહાત્માઓમાં માનું છું. મને તેમના અસ્તિત્વનો અને તેમના જીવનનો મારી શકિત પૂરતો અનુભવ થયેલો છે."

પોતાના ગુરૂની શાન્તિ અને શકિતની પ્રસાદી મળતાં તેનું જીવન ફેરવાઇ જાય છે. તેને લાગે છે કે જીવવા જેવું જીવન તો મહાપુરૂષોનુંજ છે. હવે તેના હૃદયમાં માત્ર એકજ ઇચ્છા રહે છે અને તે એજ કે પોતે પોતાના ગુરૂ જેવા થવું, તેવા થવા માટે તેઓના શિષ્ય થવું અને શિષ્ય થવા માટે પોતે પોતાની ઉમેદવારી–પોતાની તૈયારી–ગુરૂ દેવને જાહેર કરી દેવી. આ ઉમેદવારી–Probationership–જાહેર કરવા માટે તેને તાર કરવાની કે પત્ર લખવાની કશી જરૂર નથી. તેના ગુરૂ સ્થૂલશરીરથી ગમે તેટલા દુર રહેતા હોય તો પણ તે પોતાના ભાવી શિષ્યની સ્થિતિ જાણતા હોય છે અને તે શું સંકલ્પ કરે છે તે પણ તેઓ જાણે છે. છઠ્ઠા પગથીયા પર ઉભા રહેલા જીજ્ઞાસુને પણ ખાત્રી હોય છે કે પોતાના ગુરૂદેવની દૃષ્ટિ પોતાના પર છે અને પોતે જે કરે છે અગર કરશે તે પણ તેઓ જાણે છે અને જાણશે. તે જીજ્ઞાસુને એ પણ ખબર પડેલી હોય છે કે મહાપુરૂષો ગમે તેટલી શકિત ધરાવનારા હોવા છતાં તેઓ કોઇની પાસે તેમની મરજીની વિરૂદ્ધ કંઇ કામ કરાવતા નથી. એથી જ્યાંસુધી તે પોતે તેમના શિષ્ય થવાની તીવ્ર ઇચ્છા નહિ બતાવે ત્યાંસુધી તેઓની પોતાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ તેઓ તેને શિષ્ય તરીકે સ્વીકારશે નહિ. આથી તે પોતેજ કોઇ શુભ પ્રસંગે પોતાની મેળેજ શિષ્યપદ માટેની પોતાની ઉમેદવારી જાહેર કરે છે અને પોતાના માનસિક સંકલ્પ દ્વારા ગુરૂદેવને નમ્રતાપૂર્વક પણ સંપૂર્ણ

દઢતાથી કહી દેછે કે "આપે મને શિષ્યપદ માટેના ઉમેદવાર તરીકે સ્વીકારવો કે નહિ તે આપની ઇચ્છાની વાત છે. બાકી હું તો આજથી મને પોતાને તે પદના ઉમેદવાર તરીકે જાહેર કરૂં છું અને આજથી શિષ્યપદના ઉમેદવારે જેવું જીવન ગુજારવું જોઇએ તેવું ગુજારવા માટે મારાથી બને તેટલો પ્રયત્ન કરવાનો સંકલ્પ કરૂં છું. પ્રભુ મને મારો સંકલ્પ પૂર્ણ કરવા માટે શકિત આપો." આવી **ઉમેદવારી જાહેર કરવી** એ શિષ્યપદપ્રાપ્તિમાર્ગનું છેવટનું અને સાતમું પગથીયું છે. આવી ઉમેદવારી જાહેર થતાં અને તે પ્રમાણે જીવન ગુજારવાનો પ્રયોગ શરૂ થતાં ગુરૂદેવ તેના સંકલ્પની નોંધ લે છે અને જો તેનાં બીજાં કોઇ ગતકર્મો વચ્ચે આવતાં ન હોય અને શિષ્યપદની ભાવી મુશ્કેલીઓ સહન કરવાની તેનામાં શકિત છે એવી તેમને ખાત્રી થાય તો તેને શિષ્યપદ માટેના ઉમેદવાર તરીકે સ્વીકારે છે. અને જો તે સ્થૂલશરીરથી નજદીક હોય તો તેને સ્થૂલ શરીરથી પોતાની પાસે બોલાવે છે અગર દૂર હોય તો તેને તેના વાસના શરીર—Astral Body—થી પોતાના વડા શિષ્યદ્વારા પોતાના આશ્રમમાં બોલાવે છે, પછી સુક્ષ્મપ્રકૃતિની તેના જેવી જીવંત આકૃતિ બનાવે છે અને તેને તેના વાસના તથા વિચાર તત્ત્વની સાથે એવી સંબંધિત કરે છે કે તે તેના નિત્યજીવનમાં જે કંઇ વિચારો કે વૃત્તિઓ કરે, તે, તે આકૃતિમાં અમુક અમુક રંગરૂપે પ્રગટ થાય. તે આકૃતિને પોતાના આશ્રમમાં અમુક જગ્યાએ રાખે છે. પછી તેને ઉમેદવાર તરીકે સ્વીકારવામાં આવ્યો છે એવી ખબર આપી, થોડા ઉત્સાહના શબ્દો કહી, આશીર્વાદ આપી ગુરૂ તેને પોતાના સ્થાનમાં રવાના કરી દે છે. પોતાના આશ્રમમાં રાખેલી આકૃતિ તરફ તે મહાત્મા હમેશાં એકાદવાર દૃષ્ટિપાત કરે છે અને પોતાનો ભાવી શિષ્ય જગતમાં કેવા પ્રકારનું જીવન ગુજારે છે તે જોઇ લે છે. આ આકૃતિનો બીજી રીતે પણ તેઓ ઉપયોગ કરે છે. જ્યારે તેઓશ્રી

તેને કોઇપણ જાતની સહાય કરવા ઇચ્છતા હોય છે ત્યારે તેઓ આ આકૃતિદ્વારા કરે છે. આવી ઉમેદવારી સાધારણ રીતે સાત વર્ષ સુધી ચાલુ રહે છે. પણ સાત વર્ષનો તો એક સામાન્ય નિયમ છે. જો તે જીવાત્માની બહુ સારી તૈયારી હોય છે તો સાત વર્ષને બદલે સાત માસમાં કે તેથી ઓછા માસમાં પણ તેની ઉમેદવારી પૂરી થાય છે અને તેને શિષ્ય તરીકે સ્વીકારવામાં આવે છે અને જો તે જોઇએ તેટલો તૈયાર નથી હોતો તો સાત કરતાં પણ વધારે વર્ષ સુધી ચાલે છે.

શિષ્યપદપ્રાપ્તિમાર્ગનાં (૧) શ્રદ્ધા (૨) જ્ઞાન (૩) ધ્યાન (૪) કર્મ (૫) ફલત્યાગ (૬) શાન્તિ અને શક્તિ અને (૭) ઉમેદવારી આ સાત પગથીયાં ચોખ્ખે ચોખ્ખાં છે. આ માર્ગે પ્રવાસ કરનાર પોતે કયા પગથીયા પર છે અને હવે તેને કયા પર પગ મૂકવાનો છે તે જાણી શકે તેમ છે. આ સાત પગથીયાં પુરાં થતાં કોઇ પણ અધિકારી જીવ ઉમેદવાર તરીકે સ્વીકારાય છે અને ઉમેદવારી સફળ થતાં તેની જીવંત આકૃતિનો લય કરવામાં આવે છે અને તેને શિષ્ય તરીકે સ્વીકારવામાં આવે છે.

દરેક મહાપુરૂષ પોતાની શક્તિનો વિચાર અર્થશાસ્ત્રની દૃષ્ટિએ કરે છે. તેમને એમ ખાત્રી થાય કે અમુક મનુષ્યને શિષ્યપદ માટે તૈયાર કરવામાં જેટલી શક્તિનો વ્યય થશે તેના પ્રમાણમાં તે મનુષ્ય જગતમાં વધારે ઉપયોગી થઇ શકશે તોજ તેને ઉમેદવાર તરીકે સ્વીકારે છે. તે સિવાય નહિ. ઉમેદવાર તરીકે સ્વીકારવામાં બીજી એ વાત ધ્યાનમાં રાખવામાં આવે છે કે તે માણસ આજ જન્મમાં પહેલી દીક્ષા લઇ શકશે કે નહિ. જો તે લઇ શકે તેમ જણાય તો તેને ઉમેદવાર તરીકે સ્વીકારે છે. અલબત આ નિયમમાં કેટલાક અપવાદો પણ છે. ખરા. કોઇપણ મનુષ્યને ઉમેદવાર તરીકે સ્વીકારવામાં આવે તો તે પછી તેના આગળના

કાર્યમાં ફતેહમંદજ થશે એવું માનવાનું કંઇ કારણ નથી. દરેક મનુષ્યને તેના કર્મ અને પ્રયત્નના પ્રમાણમાં તક આપવામાં આવે છે. જો તે મનુષ્ય પાછળથી અહંકારને વશ થઇ જાય તો તેનું તે સ્થાનથી પતન થાયછે.

ઉમેદવારીનો વખત નકામો જતો નથી. તે વખત દરમીયાન તેનાં ગતજન્મોનાં જે કર્મો તેને જગતને વધારે ઉપયોગી થતો અટકાવનારાં હોય છે તે ધીમે ધીમે તેની પાસે ભોગવી લેવરાવવામાં આવે છે. કુદરતનાં કેટલાંક ગુપ્ત સત્યો—રહસ્યો—જાણવાની તેને તક આપવામાં આવે છે. તેનામાં સેવાની જે જે શકિત ગુપ્ત રહેલી હોય છે તે પ્રગટ કરવાના સંયોગો આપવામાં આવે છે. જુદા જુદા સંયોગોમાંથી પસાર થતી વખતે તે કેવો મનોભાવ રાખે છે, તે ગુરૂસેવા અને પ્રભુસેવાનેજ મુખ્ય ગણે છે કે પોતાનાં સુખદુઃખના વિચારને પ્રધાન પદ આપે છે તેની પરીક્ષા આ સમય દરમીયાન થઇ જાય છે.

પોતાના ઉમેદવારો અને શિષ્યોને શિક્ષણ આપવાની પદ્ધતિ પોતાના સ્વભાવની પ્રધાનતા પ્રમાણે દરેક મહાપુરૂષની જુદી હોય છે. કોઇ મહાત્મા શિક્ષકની માફક પોતાના ઉમેદવારો અને શિષ્યોને તૈયાર કરે છે તો કોઇ મહાત્મા તેમને જુદું જુદું કાર્ય સોંપીને અને જુદા જુદા સંયોગોમાં મૂકીને તૈયાર કરે છે. કોઇ મહાપુરૂષ આપી શકાય તેટલું બહારથી શિક્ષણ આપે છે તો કોઇ બહારથી મુગા રહી પોતાના ઉમેદવારો અને શિષ્યોના અન્તરાત્માને, અંદરથી પ્રેરણા કરે છે. દરેક મહાપુરૂષનો પોતાના ઉમેદવારો અને શિષ્યો પ્રત્યેનો પ્રેમ બહુ અલૌકિક હોય છે. ઉમેદવાર કે શિષ્યની ગુરૂભકિતના કરતાં તે અનેક ગણો વધારે હોય છે. પરંતુ ઘણી વખતે ઉમેદવારો અને શિષ્યોને આનું પૂરેપૂરૂં ભાન હોતું નથી. જેમ જેમ તેઓ પોતાના ગુરૂદેવના સંબંધમાં વધારે ને વધારે આવે છે તેમ તેમ તેઓને તેઓશ્રીના પરમપ્રેમની ઝાંખી ઝાંખી થાય છે.

કોઇ જીવાત્મા શિષ્યપદ માટે તૈયાર હોય છતાં કદાચ તેના તરફ કોઇ મહાપુરૂષનું ધ્યાન ન ખેંચાય અને તેને ઉમેદવાર તરીકે સ્વીકારવામાં ન આવે તો કેમ? આવી શંકા કરવાનું બીલકુલ કારણ નથી. જે મહાપુરૂષો જગત્‌ના જીવોને મદદ કરવા માટેજ દેહધારી રહ્યા છે અને જેઓ શિષ્યો સ્વીકારે છે તેઓ આખી માનવજાતિ ઉપર ઉચ્ચ ભૂમિકા પરથી દૃષ્ટિપાત કરી રહ્યા છે. પ્રગતિમાં આગળ વધતો કોઇ પણ જીવાત્મા તેમની દૃષ્ટિ બહાર રહેતો નથી. જીજ્ઞાસુ મનુષ્યો ગુરૂના સમાગમમાં આવવા માટે જેટલા ઉત્સુક છે તેના કરતાં તેઓ જીજ્ઞાસુ જીવોને શોધી કાઢી તેઓને સહાય આપવા વધારે ઉત્સુક છે. માટે કોઇપણ મનુષ્ય આ મહાપુરૂષોથી અજ્ઞાત રહી જશે એવો ભય છેજ નહિ.

પોતે ઉમેદવારપદ માટે તૈયાર છે કે નહિ તેની પરીક્ષા જો કોઇપણ જીજ્ઞાસુને કરવી હોય તો તે ખુશીથી કરી શકે છે. તેણે, માત્ર એક દિવસ પોતાના ભૂતાત્માને પોતાના અન્તરાત્મા સમક્ષ ઉમેદવાર તરીકે ઉભો રાખવો અને તેના આખા દિવસના વર્તન, વાસના અને વિચારની નિષ્પક્ષપાતપણે તપાસ કરવી. તેના વિચારો ખરાબ ન હોવા જોઇએ એટલુંજ નહિ પણ તે નકામા, કોઇની વિધ્વંસક ટિકા કરનારા, ચીડવાટ ઉત્પન્ન કરનારા અને આ સઘળા ઉપરાંત કોઇ પ્રકારના સ્વાર્થી ભાવનાવાળા હોવા જોઇએ નહિ. તેની વૃત્તિ અને વાસનામાં કોઇના પ્રત્યે ધિક્કાર, અણગમો, કે રાગ ન જોઇએ. તેનાં કાર્યો નીતિમય અને પરમાર્થ ભાવનાવાળાં અને બને તેટલી પૂર્ણતાવાળા હોવાં જોઇએ. જો કોઇપણ મનુષ્ય પોતાનાં આખા દિવસનાં કર્મ, વચન અને વિચારની તપાસ હમેશાં રાત્રિના કરતો રહેશે તો હજી ઉમેદવારપદનો દીલ્હી દરવાજો કેટલો દૂર છે અને તે મજલ કાપવા માટે કેટલો પ્રયત્ન આરંભવાની તેને આવશ્યકતાછે તેને જરૂર જણાશે. અનુચિત વૃત્તિ અને વિચારોથી દૂર રહેવાનો એક ઉપાય એ છે કે મનુષ્યે પોતાનાથી આગળ વધેલા

કોઇ જીવાત્માના સંગમાં રહેવું અથવા તો પોતાના ગુરૂદેવ કે ઇષ્ટદેવની મૂર્તિને હૃદયમાં વસાવી તેના સંગમાં રહેવું. જ્યાં સુધી ગુરૂદેવ કે ઇષ્ટદેવનો વિચાર તે કરતો હશે ત્યાંસુધી ખરાબ વૃત્તિ કે વિચાર તેની પાસે આવી શકશે નહિ એટલુંજ નહિ પણ તેને કંઇ કંઇ સત્કાર્ય કરતા રહેવાની પ્રેરણા થતી રહેશે. તેને જણાશે કે જેટલો સમય પરમાર્થ કાર્ય કરવામાં અથવા પરમાર્થ કરવા માટેની શકિત પ્રાપ્ત કરવામાં જતો નથી તેટલો સમય માત્ર ગુમાવવામાં આવે છે, અને જેટલો સમય ગુમાવાય છે તેટલું જીવન નિષ્ફળ જાય છે. જીવન ગુમાવનાર માણસને કોઇ મહાત્મા ઉમેદવાર તરીકે સ્વીકારતા નથી.

જો કોઇપણ જીવને કોઇ મહાપુરૂષ સાથે ગતજન્મનો સંબંધ હોય અને તે વળી શિષ્યપદપ્રાપ્તિમાર્ગે મુસાફરી કરવા ઇચ્છતો હોય છે તો તેનું આગલું ઋણ અદા કરવા માટે તે મહાપુરૂષ તેને ઉમેદવાર તરીકે જલદી સ્વીકારે છે, અથવા પાછલો સંબંધ તેવો પ્રબળ હોય કે ન હોય તોપણ જો કોઇ મનુષ્ય આ દિશામાં પ્રબળ પ્રયત્ન કરતો હોય તો તેને પણ તક આપવામાં આવે છે.

શિષ્ય એટલે શું તે સમજવાની જરૂર છે. જેમ મહાત્મા એટલે પરમાત્માના મનરૂપ મહત્ તત્ત્વની સાથે એકરૂપ થયેલો આત્મા છે, તેમ શિષ્ય એટલે પોતાના ગુરૂના મન સાથે એક થયેલો જીવાત્મા છે. એક આત્મા મહાત્મા પદે પહોંચ્યા પછી જેમ ઇશ્વરી યોજના સમજી જાય છે તેમ એક શિષ્ય ગુરૂના મન સાથે એક થયા પછી તેમની યોજના સમજી જાય છે. આવુ ઐકય સાધવા માટે શિષ્ય તૈયાર થયો છે કે નહિ, તેનું શરીર, વૃત્તિ અને વિચાર તદ્દન શુદ્ધ થયાં છે કે નહિ, તેની ખાત્રી કરવા માટેજ તેને પ્રથમ ઉમેદવાર તરીકે રાખવાની આવશ્યકતા છે. જ્યારથી અમુક જીજ્ઞાસુને અમુક મહાત્મા પોતાના શિષ્ય તરીકે

સ્વીકારે છે ત્યારથી તેને પોતાની સાથે એટલો તો જોડી દે છે કે તેના વિચારો અને વૃત્તિઓની અસર તેમના પોતાના ઉપર પણ થાય છે. પછી સ્વાભાવિક પણે તે પોતાના શિષ્યના સઘળા સંયોગો જાણેછે અને તેના આત્માદ્વારાએ પોતાની મહાન્ શક્તિનો પ્રવાહ જગત્માં વર્ષાવે છે. ખરા મહાત્મા, પૂજાવા માટે શિષ્ય સ્વીકારતા નથી પણ ઇશ્વરી યોજનાનો અમલ કરવામાં એક આત્મા વધશે અને એક જીવ વિકાસક્રમમાં એટલો આગળ જશે એમ સમજીનેજ સ્વીકારે છે.

શિષ્ય થયા પછી ગુરૂશિષ્યની વચ્ચે એટલું ઐક્ય જામે છે કે પછી જ્યારે શિષ્યને કોઇ પ્રસંગે સત્યાસત્યનો, વાવધારે ઉપયોગી અને ઓછી ઉપયોગી વસ્તુનો નિર્ણય કરવાનો હોય છે અને જ્યારે તેને શું કરવું અને શું ન કરવું તે બાબતમાં શંકા હોય છે ત્યારે તે પોતાના નિર્ણયને માનસિક રીતે ગુરૂદેવની સામે રાખે છે અને તેઓશ્રી તેમાં શું વિચાર ધરાવે છે તે સહેલાઇથી જાણી શકે છે. ગુરૂદેવ પોતાના સઘળા શિષ્યોને એક સરખી પ્રેરણા કરે છે પરંતુ દરેક શિષ્ય પોતાની શક્તિ પૂરતો તેનો ઉપયોગ કરે છે. ગુરૂનું જ્ઞાન તો અથાગ હોય છે પરંતુ દરેક શિષ્ય તેમાંથી પોતાની શક્તિ જેટલું ગ્રહણ કરે છે. શિષ્યપદે પહોંચેલો મનુષ્ય કદી એકલો હોતો નથી. તેના ગુરુદેવની શક્તિ હમેશાં તેની સાથેજ હોય છે અને તે કર્મના નિયમની હદમાં રહીને તેને સહાય કરે છે. શિષ્યદ્વારા ગુરૂનું જીવન હમેશાં વહન કરી રહે છે. આ જીવનનો ઉપયોગ શિષ્યહજારો રીતે કરી શકેછે. કોઇની સાથે સામાન્ય વાતચીત કરતાં, કોઇને પત્ર લખતાં, કોઇ માંદા માણસ પાસે બેસતાં,

કોઇને કંઇ વસ્તુ આપતાં, કોઇ લેખ લખતાં, કોઇ સ્થળે ભાષણ આપતાં, કોઇને દીલાસો આપતાં તે ગુરૂદેવની શકિત વાપરી શકે છે. જો શિષ્યનું શરીર વધારે પવિત્ર બન્યું હોય છે તો કોઇ પ્રસંગે ગુરૂદેવ તે શરીરમાં થોડીવાર પ્રવેશ કરે છે અને તે દ્વારા શિષ્યથી ન થઇ શકે તેવું કામ કરી જાય છે. પણ આ પ્રવેશ ભૂતપ્રેતના પ્રવેશ જેવે હોતો નથી. જ્યારે ગુરૂ, શિષ્યના શરીરનો ઉપયોગ કરે છે ત્યારે શિષ્યનો જીવાત્મા શરીર બહાર રહી ગુરૂ શું કાર્ય કરે છે તે જોતો હોય છે અને તે કાર્ય કેમ કરવું તે શિખતો હોય છે.

ગુરૂશિષ્યનો સંબંધ વધારે દૃઢ થયા પછી શિષ્યને નવી પદવિ આપવામાં આવે છે. અને તે પદવિ તે ' **ગુરૂપુત્ર** ' ની છે. ' ગુરૂપુત્ર ' બન્યા પછી ગુરુદેવ તેના સંવિત્–Consciousness–સાથે કોઇ પણ વખતે બીલકુલ ભેદ રાખી શકતા નથી. પછી જ્યારે તેઓને ખાત્રી થાય કે હવે તે શિષ્ય જગતનેજ ખાતર જીવે તેવો થયો છે ત્યારે તેને શ્વેતસંઘ (White Lodge) માં દાખલ કરવાની સિદ્ધસંઘને તેઓ ભલામણ કરે છે, અને ભગવાન મહાચોહાણ આગળ તેને રજુ કરે છે. સિદ્ધસંઘના સભ્યોનું અને મહાપુરુષોના શિષ્યોનું રજીસ્ટર રાખવાનું કામ મહાચોહાણ કરે છે. મહાપુરૂષ કોઇને પણ ઉમેદવાર તરીકે સ્વીકારે છે ત્યારે, તેને શિષ્ય તરીકે સ્વીકારે છે ત્યારે, ગુરૂપુત્ર બનાવે છે ત્યારે અને પછી શ્વેતસંઘ (White Lodge or white Brotherhood) ની પહેલી દીક્ષા માટે રજુ કરે છે ત્યારે તેને મહાચોહાણ પાસે ઉભો કરે છે અને તેનું નામ રજીસ્ટરમાં દાખલ કરાવે છે, અને તે કઇ સ્થિતિએ પહોંચ્યો છે તે તેને જણાવે છે. ઉમેદવારપદ પ્રાપ્ત કરવામાં અને ત્યાંથી પહેલી દીક્ષા સુધી પહોંચવામાં સાધનચતુષ્ટયનો અભ્યાસ બહુ મદદરૂપ થાય છે. આથી શિષ્ય પોતાની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયાવસ્થા ઉપ-

કાબુ મેળવતો જાય છે અને દીક્ષિતની સાક્ષી વૃત્તિ પ્રાપ્ત કરવા શકિતવાન્ થાય છે. સાધન ચતુષ્ઠયની ચાર અવસ્થા અને શિષ્યપદની ચાર પદવિની સાથેનો સંબંધ નીચે મુજબ બતાવી શકાય છે.

સાધનચતુષ્ઠય અને ચાર અવસ્થા.

સાધનનું નામ	આત્માની અવસ્થા	શિષ્યપદની પાયરી
વિવેક	જાગ્રત	જીજ્ઞાસુ (ઉમેદવાર)
વૈરાગ્ય	સ્વપ્ન	શિષ્ય
ષટ્સંપત્તિ	સુષુપ્તિ	ગુરૂપુત્ર
મુમુક્ષુતા	તુરીયા	દીક્ષાપાત્ર

થીઑસૉફીકલ સાહિત્યમાં At The Feet Of The Master નું પુસ્તક મનુષ્યને પહેલી દીક્ષા સુધી લઇ જાય છે. Voice Of The Silence નું પુસ્તક ચોથી દીક્ષા સુધી ઉપયોગી થાય છે અને Light On The Path નુ પુસ્તક જીવનમુકતની દીક્ષા પછી પણ માર્ગદર્શક રહે છે. ગુરૂપરંપરાને માર્ગે પ્રગતિ કરવા ઇચ્છનાર બંધુ અથવા બ્હેનને આ પુસ્તકોનું મનન કરવા અને તે પ્રમાણે જીવન ગુજા-

રવા સપ્રેમ વિનંતિ છે. દરેક ધર્મમાં આવાં પુસ્તકો હશે, કેમકે પ્રાચીન કાળમાં કદાચ દરેક ધર્મમાં દીક્ષાનોમાર્ગ હતો પરંતુ તે ગુપ્ત રાખવામાં આવતો હતો. ભગવદ્‌ગીતા, યોગસુત્ર, ઉપનિષદ અને બ્રહ્મસૂત્ર જેવા પુસ્તકનો અભ્યાસ પણ ગુરૂપરંપરાને માર્ગે મુસાફરી કરનારને બહુ મદદગાર થાય તેવો છે. માત્ર તે પુસ્તકોને સારી રીતે સમજાવનારની જરૂર છે.

મહાપુરૂષના સંબંધમાં આવનાર અને તેના શિષ્ય થનાર મનુષ્યને આત્મસાક્ષાત્કાર કરવાનો, ઇશ્વરી યોજના સમજવાનો, તે યોજનામાં સહાયભૂત થવાનો, સિદ્ધસંઘના સંબંધમાં આવવાનો અને પછી ભવિષ્યમાં તે મંડળમાં દાખલ થવાનો અલભ્ય લાભ થાય છે તે વાત ખરી છે. પરંતુ આ માર્ગ તરફ ચાલતાં ભૈતિક દ્રષ્ટિએ તો દરેક પગલે કંઇને કંઇ મૂશ્કેલીમાંથી પસાર થવુ પડે છે, કંઇને કંઇ સ્વાર્થત્યાગ કરવો પડે છે. માનવજાતિનો મોટો ભાગ પ્રેયસ્‌ને માર્ગે–પ્રકૃતિના સુખને–માર્ગે જાય છે. એથી ઓછો ભાગ પ્રેયસ્ અને શ્રેયસ્‌ના મિશ્ર માર્ગે જાય છે અને બહુ થોડો ભાગ **શ્રેયસ્**–આત્મકલ્યાણને–માર્ગે જનારો છે. શ્રેયસ્‌ને માર્ગે આત્માને આનંદ થાય છે, પ્રકૃતિને તપ કરવું પડે છે. શિષ્યપથ, દીક્ષામાર્ગ, યોગમાર્ગ એ સઘળા શ્રેયસ માર્ગછે. તે માર્ગપર પગ મૂકતાં પહેલાં મનુષ્યે વિચાર કરવાનો છે કે તેનામાં શારીરિક માનસિક અને હાર્દિક સખ્ત દુઃખો સહન કરવાની શકિત છે કે? આત્મકલ્યાણને ખાતર પૈસાનો, કીર્તિનો, સગાં સંબંધીનો, મિત્રો અને વખતે શરીરનો ત્યાગ કરવો પડે તો તે કરવાની તાકાત પોતાનામાં છે કે? જો તે ન હોય અને બની શકે તો મૂશ્કેલીમાંથી છટકી જવાની છૂપી ઇચ્છા અંદરથી રહેતી હોય અને મુશ્કેલી દેખીને કાળજુ ધ્રુજવા માંડતું હોય તો તેવા માણસે આ માર્ગ પસંદ કરવાનો નથી.

આ માર્ગને માટે કઠોપનિષદ કહે છે કેઃ-

उत्तिष्ठत जाग्रत प्राप्यवरान्निबोधत ।
क्षुरस्यधारा निशिता दुरत्यया
दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥

" ઉઠો ઉભા થાઓ ! જાગ્રત થાઓ ! ગુરૂવરને પ્રાપ્ત કરી તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો, આ માર્ગ-ગુરૂપરંપરાનો માર્ગ-ઘણો કઠીન છે, આખો રસ્તો બારીક ધારવાળી તલવારોથી છવાયેલો છે, એમ ત્રિકાલદર્શી પુરૂષો કહે છે. "

મુંડકોપનિષદમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કેઃ-

सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा
सम्यग् ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् ।
अन्तःशरीरे ज्योतिर्मयो हि शुभ्रो
यं पश्यन्ति यतयः क्षीणदोषाः ॥

'આ આત્માનો સાક્ષાત્કાર કરવા માટે સત્યની, તપશ્ચર્યાની, બ્રહ્મવિદ્યાની અને બ્રહ્મચર્યની જરૂર છે. શ્વેતરંગનો અને જ્યોતિમય આત્મા અન્તઃ શરીરમાં-હૃદયમાં-રહેલો છે. તેનાં દર્શન તો સઘળા દોષોથી મુક્ત થયેલા યતિપુરૂષો કરે છે.'

વળી ત્યાં કહેલું છે કેઃ-

नायमात्मा बलहीनेन लभ्यः ।

'આ આત્માનો સાક્ષાત્કાર બલહીન પુરૂષોને થતો નથી.'

માટે આ માર્ગે પ્રયાણ કરવા પહેલાં અને કોઇપણ મહાપુરૂષના આગળ શિષ્યપદપ્રાપ્તિમાર્ગના ઉમેદવાર તરીકે પોતાને સ્વીકારવાની પ્રાર્થના કરવા પહેલાં જીજ્ઞાસુ પુરૂષે પ્રથમ પોતાની શક્તિનો વિચાર કરવાનો છે. પરમાત્મસાક્ષાત્કારના શિખર પર

પહોંચવાના બે માર્ગ છે. એક માર્ગ આખા શિખરની પ્રદક્ષિણા કરતો કરતો અને ધીમે ધીમે ઉપર જતો જાય છે તેથી તે બહુ લાંબો છે. બીજો માર્ગ તલેટીમાંથી સીધો ટોચ ઉપર જાય છે. પહેલો માર્ગ બહુ લાંબો છે પણ બહુજ ઓછા વિઘ્નોવાળો છે. બીજો માર્ગ બહુ ટુંકો છે પણ બહુ કઠીન છે, રસ્તામાં ખાયો આવે છે, ટેકરા આવે છે, ઝાડી આવે છે, જંગલી જાનવરો આવે છે, ચોરો આવે છે, પગ લપસી જાય તેવાં અને સાંકડાં પગથીયાં આવે છે. જરા લટકી જતાં હાડકાંનો ભૂકો થઇ જવાનો ભય છે. છતાં આ માર્ગે જનારા વીરસ્ત્રી પુરૂષો પણ જગત્‌માં છે. આવે માર્ગે જનારા જીવાત્માઓએ સત્યને ખાતર જીવતાં બાળી મૂકવાની શિક્ષા સહન કરેલી છે, જીવતા શરીરના ટુકડા થવાનું દુઃખ સહ્યું છે, રાજ્યપાટનો ત્યાગ કરેલો છે, સ્ત્રીપુત્રનો અને સગાંસંબંધીઓનો વિરહ ભોગવ્યો છે, પોતે ચાલુ જન્મમાં કદી નહિ કરેલા ગુન્હા માટે ખોટા આરોપ અને ખોટી નિંદામાંથી પસાર થયા છે. સત્ય શોધનાર અને સત્ય બતાવનાર બંને પોતાના સમયમાં તો દુઃખી જ થયા છે. જો કે પાછળથી તો વીરનરો તરીકે કે પેયગંબરો તરીકે પૂજાયા છે. ગુરૂપરંપરાનો માર્ગ, દીક્ષાનો માર્ગ, સિદ્ધસંઘના સભ્ય થવાનો માર્ગ સાચો છે, પરંતુ અત્યારે તો દુનીયાના મોટા ભાગની દૃષ્ટિએ કલ્પિત વસ્તુઓના કરતા પણ વધારે કલ્પિત જેવો છે. આ માર્ગે ચાલનાર માણસ સેંકડો જન્મમાં ભોગવવાનાં કર્મોને અમુક દસક જન્મોમાં પૂરાં કરવા પ્રયત્ન કરે છે. માટે તે શિષ્યપદ માટે ઉમેદવારી જાહેર કરે ત્યારથી પરમપદે પહોચે ત્યાંસુધી અમુક અમુક પ્રકારની બારીક મુસ્કેલી સિવાયનો એક દિવસ પણ તેને માટે રહેતો નથી. તેના શરીર ઉપર, હૃદય ઉપર, મન ઉપર અને અહંકાર ઉપર સેંકડો પ્રયોગો—વાઢકાપ—થતા હોય છે. આ સઘળી સ્થિતિમાં તેને પ્રસન્નવદની, વીરવચની, સુવિચારી અને શૂરવીર કૃત્યકર રહેવું પડે છે.

નહિંતો મહાપુરૂષના શિષ્ય થવાતું નથી અને દીક્ષાના માર્ગે પ્રયાણ કરાતું નથી આ માર્ગના મુસાફરને દરેક ઉચ્ચતર ભૂમિકાપર જતાં અંદર રહેલા કોઇને કોઇ પશુનો ભોગ આપવો પડે છે, દરેક ઉચ્ચતર ભૂમિકાએ પહોંચતા પહેલાં કોઇને કોઇ બારીક પ્રસંગમાંથી પસાર થવું પડે છે. અલબત આ સઘળી મૂશ્કેલી છતાં અંદરનો આનંદ કોઇ ઓર પ્રકારનો હોય છે અને તેનેજ લીધે આ સઘળી મૂશ્કેલીઓ સ્થૂલ શરીરની દૃષ્ટિએ બહુ અસહ્ય હોવા છતાં આત્માની દૃષ્ટિએ, તે નવીન શક્તિ ખીલવનારી, નવીન જ્ઞાન આપનારી અને પ્રકૃતિના ઉપર આત્માનું સ્વરાજ્ય સ્થાપનારીજ જણાય છે. આથીજ શિષ્ય આ ભયંકર જણાતા માર્ગે નિર્ભયપણે ગતિ કરી શકે છે. તે જાણે છે કે આ માર્ગે તે એકલો નથી. તેના પ્રતાપી ગુરૂદેવનો આશીર્વાદ અને રક્ષક હસ્ત તેની સાથે છે, પણ આ માર્ગે મુસાફરી કરવાનો સંકલ્પ કરવા પહેલાં ઉપરની સ્થિતિનો ગંભીરપણે વિચાર કરવાની તો જરૂર છેજ. આ માર્ગ સૌ કોઇને માટે નથી એ વાત યાદ રાખવાની છે.

———:o:———

नाविरतो दुश्चरितात्
नाशान्तो नासमाहितः ।
नाशान्तमानसो वापि
प्रज्ञानेनैनमाप्नुयात् ॥ मु० उ.

———:o:———

દીક્ષામાર્ગ.

જ્યારે શિષ્ય, ગુરૂપુત્ર બની પોતાના જીવનદ્વારા ગાયત્રીમંત્રમાં કહી છે તેવી આખી માનવજાતિની બુદ્ધિના વિકાસ માટે પ્રાર્થના કરી રહ્યો હોય છે અગર તો ઉપનિષદ્ કહે છે તેમઃ-

असतो मा सद्गमय ।

तमसो मा ज्योतिर्गमय ।

मृत्यो र्माऽमृतं गमय ।

અસત્-શરીર-માંથી, સત્-આત્મા-માં લઇ જાઓ, તમસ્-કામનાઓ-માંથી, જ્યોતિ-બુદ્ધિ-માં લઇ જાઓ, મૃત્યુ-અસન્મન-માંથી, અમૃત-સન્મન-માં લઇ જાઓ, એવી પ્રાર્થના અને તે પ્રમાણે વર્તન રાખવાનો પુરૂષાર્થ કરી રહ્યો હોય છે, ત્યારે એક સમય એવો આવે છે કે જ્યારે તેના ગુરૂદેવ તેને શ્વેતસંઘની પહેલી દીક્ષા માટે ભગવાન્ મહાચોહાણુની આગળ રજુ કરે છે. આવી રજુઆતને બીજા એક મહાત્મા ટેકો આપે છે. પછી જો ભગવાન્ સનત્કુમારની આજ્ઞા મળે છે તો તેને પહેલી દીક્ષા આપવામાં આવે છે. આ દીક્ષાને **ભગવાન્ શંકરાચાર્યે કુટીચક** એવું નામ આપ્યું છે અને **ભગવાન બુદ્ધે** તેને પાલી ભાષામાં **સોતાપત્તિ** અથવા **સોતાપન્ન** કહેલ છે.

હિંદુધર્મમાં આને સંન્યાસ દીક્ષા કહેલી છે. ખરી રીતે આ દીક્ષા સંન્યાસીનેજ આપવામાં આવે છે. પણ જે ભગવાં કપડાં પહેરતો હોય તેજ સંન્યાસી કહેવાય એવું નથી. કહ્યું છે કેઃ-

सन्यासः द्विविधः प्रोक्तो देहतो गेहतो वा ।

સંન્યાસ બે પ્રકારનો છે. એક દેહથી સંન્યાસ અને બીજો ગેહ (ઘર) થી

સંન્યાસ. એક અહંમમત્વનો ત્યાગ કરીને જીવન ગાળવારૂપ સંન્યાસ અને બીજો ઘરબાર સ્ત્રીબાળ છોડી સંન્યાસ ધારણ કરી બહાર ફરવાનો સંન્યાસ પહેલા પ્રકારનો સંન્યાસ સંસારમાં રહ્યા છતાં મનથી લેવાય છે. બીજા પ્રકારનો સંન્યાસ દેહથી ગેરૂઆં કપડાં ધારી, મુંડન કરાવી, હાથમાં દંડ ધારીને લેવાય છે. આ બંનેનો ઉપયોગ છે. બંને જો યોગ રીતે પાળવામાં આવે તો એકજ દિશા તરફ લઇ જાય છે. અહિયાં સ્થૂલ ભુવન ઉપર જ્યારે કોઇને સંન્યાસ આપવામાં આવે છે ત્યારે તેની પાસે કહેવરાવે છે કેઃ–

ॐ भूर्भुवः स्वः संन्यस्तं मयेति ।

'મેં ભૂભુવઃઅને સ્વર્ગ એમ ત્રણ લોકના સુખનો ત્યાગ કર્યો છે.' પરંતુ શ્વેતસંઘની દીક્ષાતો શિષ્યને ત્યારેજ મળે છે કે જ્યારે તેણે માત્ર કહેવાના શબ્દથી નહિ પણ ખરેખરા જીવનથી ત્રણ લોકનાં ભોગનો ત્યાગ કર્યો હોય છે અને માત્ર માનવજાતિનેજ માટે જીવતો હોય છે. અહિયાં સ્થૂલ ભુવન ઉપર જ્યારે કોઇને સંન્યાસ અપાય છે ત્યારે તેની પાસે બોલાવવામાં આવે છે કેઃ–

ॐ विश्वं विष्णुः ।

'વિશ્વ એજ વિષ્ણુ છે.' પરંતુ ઉચ્ચ ભૂમિકા ઉપર દીક્ષિતને એ વાક્યનો સાક્ષાત્કાર કરાવવામાં આવે છે. પછીથી તે **વિશ્વદેવ** અને **વિશ્વરૂપનો** ખરેખરો ભક્ત બની જાય છે. પ્રથમ ભગવાન્ બુધ્ધે અને પછીથી ભગવાન્ શંકરાચાર્યે આ લોકમાં દીક્ષામાર્ગની સ્થાપના કરી હતી અને તે માટે ભિખ્ખુસંઘ અને સંન્યાસમાર્ગની સ્થાપ્યા હતા. ભગવાન્ બુદ્ધના પછી કેટલાક વર્ષો સુધી તેમના ભિખ્ખુઓમાં ખરેખરા દીક્ષિતો થઇ ગયા હતા. તેમ ભગવાન્ શંકરાચાર્યની પછી તેમના સ્થાપેલા ચાર મઠોમાં પણ કેટલાક દીક્ષિતો થઇ ગયા હતા. પરંતુ હાલમાં

જેટલા ભિખ્ખુઓ અને સંન્યાસીઓ નજરે પડે છે તે સઘળા વિકાસક્રમની દૃષ્ટિએ શ્વેતસંઘના ખરા દીક્ષિતો નથી, કારણ કે આજે તો અધિકારી થયા પહેલાં ઘણા લોક સંન્યાસીઓ, યતિઓ અને ભિખ્ખુઓ થઇ બેસે છે.

જ્યારે કોઇ મનુષ્ય શ્વેતસંઘની દીક્ષા લે છે ત્યારે તે, તે દિવસથી અમુક પ્રકારનું ઉચ્ચ જીવન ગુજારવાની પ્રતિજ્ઞા કરે છે અને જ્યારે તે પ્રતિજ્ઞા પૂર્ણ કરે છે ત્યારેજ તેને બીજી દીક્ષાને માટે સિદ્ધસંઘ આગળ રજુ કરવામાં આવે છે; તે પહેલાં નહિ. જ્યારે વિવેક, વૈરાગ્યાદિ સાધનસંપન્ન થાય છે ત્યારે તે દીક્ષા માટે–બ્રહ્મજીજ્ઞાસા માટે–અધિકારી થાય છે અને દીક્ષા લીધા પછી તેને આત્માસાક્ષાત્કારની શરૂઆત થાય છે. જેણે ખરેખરી દીક્ષા લીધી નથી તેવાને માટે તો ભગવાન્ શંકરાચાર્યે કહ્યું છે તેમ:–

कुशला ब्रह्मवार्तायां वृत्तिहीनास्सुरागिणः
तेप्यज्ञानतया नूनं पुनरायान्ति यान्ति च ॥

બ્રહ્મની વાતો કરવામાં કુશળ પરંતુ બ્રહ્માકારવૃત્તિ વગરના અને સંસારની વાસનામાં ફસાયલા પુરૂષો તેઓના અજ્ઞાનને લીધે વારંવાર જન્મ લે છે.

अकृत्वा दृश्यविलयमज्ञात्वा तत्त्वमात्मनः ।
ब्रह्मशब्दैः कुतोमुक्ति हक्तिरेव फलं नृणाम् ॥

દૃશ્ય વસ્તુનો લય કર્યા સિવાય–સર્વત્ર ઇશ્વર દર્શન કર્યા સિવાય–અને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યા સિવાય માત્ર ' બ્રહ્માસ્મિ ' બોલવાથી મુક્તિ મળતી નથી પણ બ્રહ્માસ્મિ બોલતાં જેટલી શકિતનો ક્ષય થાયછે એજ આવા લોકોને ફળ મળેછે.

પહેલી દીક્ષા લીધા પછી ભગવાન બુદ્ધ કહે છે તેમ શિષ્યને ત્રણ બંધન તોડવાં પડે છે. આ ત્રણને પાલી ભાષામાં (૧) સક્કાદિચ્છિ (૨) વિચિકિચ્છા અને (૩) સીલબ્બતપરામાસ કહે છે.

પહેલું બંધન સક્કાયાદિચ્છિ (સ્વકાય દૃષ્ટિ) એટલે દેહ એ હું, સ્ત્રી કે પુરૂષલિંગ એ હું, બ્રાહ્મણ ક્ષત્રિયાદિક વર્ણ તે હું, હિંદુ મુસલમાનાદિક ધર્મી તે હું, અમુક વૃત્તિ અથવા અમુક વિચારવાળો તે હું. આ દીક્ષાથી આવા અહંભાવનો નાશ કરવો જોઇએ. અહંભાવથી પર જઇ, આ દીક્ષા લેનારે તેને પોતાનું હથીયાર બનાવનાર–પોતાનું ઘર બનાવનાર–**કુટીચક** થવું જોઇએ.

બીજું બંધન વિચિકિચ્છા (વિચિકિત્સા) પણ જવું જોઇએ. એટલે કે હવેથી તેને પુનર્જન્મ અને કર્મના નિયમોમાં, માત્ર શાસ્ત્રમાં કહ્યું છે માટેજ માનવું જોઇએ નહિ પણ એ નિયમોનું જ્ઞાન પ્રાપ્ત કરી પુનર્જન્મ હશે કે નહિ હોય, કર્મનો નિયમ હશે કે નહિ હોય એવી શંકાનો છેવટનો નાશ કરવો જોઇએ અને આ બંને નિયમોનો ઉપયોગ પોતાના અને માનજાતિના વિકાસમાં કરવા શિખવો જોઇએ.

ત્રિજું બંધન સીલબ્બતપરા માસ (શીલવ્રતપરામર્ષ), એટલે બહારની ક્રિયાઓ અને સાધનોનું અવલંબન. આ પણ જવું જોઇએ. ભગવાન્ શંકરાચાર્ય કહે છે તેમઃ–

अर्थस्य निश्चयो दृष्टो विचारेण हितोक्तितः ।
न स्नानेन न दानेन प्राणायामशतेन वा ॥

આત્મતત્ત્વનો નિશ્ચય જ્ઞાનપૂર્વક વિચાર કરવાથી અને ગુરૂવરે આપેલા બોધનું મનન કરવાથી થાય છે, દિવસમાં અનેક વખત સ્નાન કરવાથી, અનેક પ્રકારનાં દાન આપવાથી કે હમેશાં સો પ્રાણાયામ ખેંચવાથી થતો નથી.

वदन्तु शास्त्राणि यजन्तु देवान् ।
कुर्वन्तु कर्माणि भजन्तु देवताः ।
आत्मैकबोधेन विनाऽपि मुक्तिः
न सिध्यति ब्रह्मशतान्तरेऽपि ॥

ભલે લોકો શાસ્ત્રો વાંચે, યજ્ઞો કરે, કર્મ ક્રિયા આચરે, દેવદેવીની પૂજા કરે, પરંતુ જ્યાં સુધી આત્મસાક્ષાત્કાર ન થાય ત્યાંસુધી ઉપલાં કાર્યો ભલે ને સો બ્રહ્માવતાર સુધી કરે તો પણ મુક્તિ મળવાની નથી.

આ દીક્ષા લીધા પછી તે ઉપરના ત્રણે બંધનોને પોતાના આત્મજ્ઞાનથી તોડે છે. આ દીક્ષા લેનારનું સંવિત્ (Consciousness) દિવસના આ ભુવનમાં અને રાત્રિના ભુવર્લોક (Astral world) માં સચેતપણે કાર્ય કરી શકે છે. કુટીચકનું વાસના શરીર એટલું શુદ્ધ અને વિસ્તૃત થયેલું હોય છે કે રૂપરંગ, જાતિ, લિંગ અને ધર્મનો બાધ રાખ્યા સિવાય આખી માનવજાતિને તે ચાહી શકે છે અને સૌના પ્રત્યે બંધુપ્રેમ રાખી શકે છે. તે પોતાનામાં માત્ર અમુક પ્રકારની ઉચ્ચ વૃત્તિઓનેજ સ્થાન આપે છે. પોતાના પર કરેલા નાના ઉપકારોનો પણ વિચાર કરી તે ઉપકાર કરનાર પ્રત્યે પોતાનો સદ્દભાવ વધાર્યા કરે છે અને બીજાઓએ કરેલા અપકારને ભૂલી જઇ અપકાર કરનારા પ્રત્યે દયા બતાવે છે. ચીડવાટ અને કચવાટ ઉભો કરે તેવા પ્રસંગોમાં પણ તે શાંત રહી શકે છે અને દરેક મુશ્કેલીમાં તે પોતાના આન્તરજીવનને વધારે ખીલવે છે.

ઉપર જણાવેલા ત્રણ બંધનો દૂર થતાં તેને તેના ગુરૂ બીજી દીક્ષા માટે હાજર કરે છે. આ દીક્ષાને ઉપનિષદમાં **બહૂદક** કહે છે અને બૌધધર્મમાં **સકૃદાગામી** (સકૃદાગામી એકજ વખત જન્મ લેનાર) કહે છે. આ દીક્ષા લીધા પછી તેનું સંવિત્ જાગ્રતાવસ્થામાં આ લોક અને ભુર્વલોકમાં કામ કરી શકે છે અને નિદ્રાવસ્થામાં સ્વર્ગ લોક (Mental World) સુધી પહોંચે છે. નારદપારિવ્રાજકોપનિષદમાં કહ્યું છે કેઃ–

आतुरकुटीचकयो र्भूर्लोकभुवर्लोकौ
बहूदकस्य स्वर्गलोको हंसस्य तपोलोकः
परमहंसस्य सत्यलोक स्तुरीयातीता–
तावधूतयोः स्वात्मन्येव कैवल्यम् ।

આતુર સંન્યાસીનો ભુર્લોક, કુટીચકનો ભુવર્લોક, બહૂદકનો સ્વર્ગલોક, હંસનો તપોલોક, પરમ હંસનો સત્યલોક અને તુરીયાતીત અને અવધૂતને તો પોતાના આત્મામાંજ કૈવલ્ય પ્રાપ્તિ છે. (તેને જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયાનો ભેદ નથી.)

બીજી દીક્ષામાં તે કેટલીક યોગિક શક્તિ ખીલવે છે, અને ત્રણ ભુવનનું જ્ઞાન પણ મેળવે છે માટે તેને બહૂદક–જ્ઞાનરૂપી જલની ઘણી પ્રાણાલીકાવાળો પુરૂષ–કહેવામાં આવે છે. તે જુદી જુદી સ્થિતિના મનુષ્યની મરણાન્તર સ્થિતિ કેવી થાય છે, પ્રેતલોકમાં તે કેવી કેવી સ્થિતિમાંથી પસાર થાય છે, પછી પિતૃલોકમાં તે કેવી સ્થિતિમાં રહે છે, સ્વર્ગલોકમાં તે કઇ જાતનું સ્વર્ગ ભોગવે છે વગેરે હવે તે જાણી શકે છે અને એ ભુવનો ઉપરના જીવોને જુદી જુદી રીતની સહાય આપી શકે છે. હિંદુધર્મમાં (ભુવર્લોકના નીચલા વિભાગનું નામ પ્રેતલોક અને ઉચ્ચ વિભાગનું નામ પિતૃલોક એવું આપવામાં આવ્યું છે.) આ દીક્ષામાં બીજા બંધનો દુર કરવાનાં નથી, અમુક અમુક શક્તિઓ ખીલવવાની હોય છે. તે ખીલતાં તેને ત્રિજી દીક્ષા માટે ઉભો રાખવામાં આવે છે. આ દીક્ષા લેતાં તે ઉપનિષદ્ પ્રમાણે **હંસ** અને બૌધપરિભાષા મુજબ **અનાગામી** કહેવાય છે. આ દીક્ષાથી તપોલોક (Buddhic World) સુધીની ચાવી તેના હાથમાં આવે છે. પરમાત્માની શક્તિ તેના દ્વારાએ હવે આ લોકથી માંડી તપોલોક–બુદ્ધિક ભુવન–સુધીમાં વહન કરે છે માટે તે હંસ કહેવાય છે. આ દીક્ષા લીધા પછી તે પુનર્જન્મ કરાવનારાં પોતાનાં સઘળાં કર્મો પૂરાં કરી નાખે છે. માટે તેને બૌધ પરિભાષામાં અનાગામી–હવે પછીથી જો તેની ઇચ્છા હોય તોજ પુનર્જન્મમાં આવનાર પણ કર્મ દેવના પંજામાંથી મુક્ત થયેલો પુરૂષ–કહે છે. આ દીક્ષામાં તેને જન્મ આપનારાં સઘળાં કર્મો પૂરાં કરવાનાં હોવાથી તેને શારીરિક, માનસિક હાર્દિક વગેરે અનેક પ્રકારનાં દુઃખોમાંથી પસાર થવું પડે છે.

આ દીક્ષામાં તેને બે બંધનો જેને પાલી ભાષામાં કામરાગ અને (૨) પતિઘ કહે છે તે તોડવાનાં હોય છે. આ બંધનો તોડવામાં તેને ઉપર જણાવેલાં દુઃખો બહુ મોટી મદદ કરે છે. કામરાગ એટલે આ પૃથ્વીથી માંડી સ્વર્ગલોક પર્યંતમાં તેને કોઇપણ વસ્તુ તરફનો રાગ સૂક્ષ્મપણે પણ રહ્યો હોય તો તે તેણે દૂર કરવો પડે છે. પતિઘ એટલે તેમાં ગુસ્સાનું બીજ સરીખુ રહ્યું હોય તો તે તેણે બાળી નાખવું જોઇએ. આ બને બંધનોને તે બે રીતે તોડે છે. (૧) પોતાનાં દુઃખો સહન કરીને અને (૨) પોતાનામાં અને સર્વ કોઇમાં ઇશ્વર ભાવનો વિચાર કરીને.

આ દીક્ષામાં તે પોતાના સંવિતૂને તપોલોક સુધી લઇ જઇ શકતો હોવાથી તે પોતાના તથા બીજાના ગતજન્મો તથા જગતનું કેટલુંક ભવિષ્ય જોઇ શકે છે. આ જ્ઞાન, દરેક જીવને આ દીક્ષા લીધા પછીજ આપવામાં આવે છે તેનું કારણ એજ છે કે હવે તેણે પોતાનાં બંધનરૂપ કર્મો ભોગવી લીધેલાં હોવાથી તથા નીચેનાં ત્રણ લોકમાં કોઇપણ જાતનો રાગ રહેલો નહિ હોવાથી તે પોતાની આ નવીન શક્તિનો ઉપયોગ સ્વાર્થ સાધવામાં કરવાનો નથી.

ભૂત, ભવિષ્ય જાણવાની તથા સૂક્ષ્મ શરીરથી આદેહની બહાર જવાની શક્તિ ખીલવવાની રીતિ ગુરૂદેવ કોઇને બતાવે છે ત્યારે તેની પાસેથી ત્રણ પ્રતિજ્ઞા લે છેઃ (૧) આવી શક્તિનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કદી નહિ કરવો. (૨) બીજા કોઇની ખાનગી વાત જાણવા માટે આ શક્તિ કદી વાપરવી નહિ (૩) પોતાનામાં અમુક અમુક પ્રકારની યોગ શક્તિ છે તેની ખાત્રી કરાવવા માટે કોઇની આગળ તેના પ્રયોગો નહિ કરવા. દરેક દીક્ષિત સ્થૂલ ભુવનના કાર્યમાં પોતાની સ્થૂલ દેહની શક્તિ અને સ્થૂલ ભુવનનાજ સાધનોનો ઉપયોગ કરે છે, ઉચ્ચ ભુવનની શક્તિઓનો ઉપયોગ કરતો નથી. આ એક સામાન્ય નિયમ છે.

ઉપર જણાવેલા બે બંધનો દુર થતાં તથા ઇશ્વરી યોજનામાં સહાય

કરવાની અમુક અમુક પ્રકારની યોગિક શક્તિઓ પ્રાપ્ત થતાં તેને ચોથી દીક્ષા આપવામાં આવે છે. આ દીક્ષાનું નામ ઉપનિષદ્ મુજબ **પરમહંસ** અને બૌધધર્મ મુજબ **અર્હત્** છે. આ દીક્ષા લીધા પછી તે જાગ્રત અવસ્થામાં તપલોક પર્યંત અને શરીર નિન્દ્રામાં હોય ત્યારે સત્યલોક (નિર્વાણ) પર્યંત કાર્ય કરી શકે છે માટે તે પરમહંસ–મોટો હંસ–કહેવાય છે. બૌધો તેને અર્હત્–લાયક પુરૂષ–કહે છે. આદીક્ષામાં તેને ભગવાન્ બુદ્ધના કહેવા મુજબ રૂપરાગ, અરૂપરાગ, માનો, ઉધ્ધચ્છા અને અવિજ્જા એમ ચાર બંધનો તોડવાના હોય છે. પરમહંસ ઉપનિષદ્ કહે છે કે આ દીક્ષામાં:—

इषणात्रय, वासनात्रय, ममत्वाहंकारादिकंहेयम् ।

લોકેષણા, પુત્રેષણા, દારેષણા રૂપી ત્રણ ઇષણા; દેહવાસના, શાસ્ત્ર વાસના અને લોકવાસના રૂપી ત્રણ વાસના અને અહંમમત્વનું સૂક્ષ્મ સ્વરૂપ આ સઘળાનો તેણે ત્યાગ કરવો. આદીક્ષામાં પણ તેને ઉપરના રૂપરાગ, અરૂપરાગ, માનો (મગરૂરી) ઉદ્ધચ્છા (પોતે બીજા કરતાં પવિત્ર અને ઉચ્ચ સ્થિતિએ પહોંચ્યાનું અભિમાન) અવિજ્જા (અજ્ઞાન) ના બંધનો તોડવા માટે અનેક પ્રકારની મુશ્કેલી માંથી પસાર થવું પડે છે. માટેજ ઉચ્ચ સ્થિતિના દીક્ષિત પણ અનેક પ્રકારની મુશ્કેલીઓ ભોગવતા નજરે પડે છે.

આજે તો કેટલાક સંન્યાસીઓ પહેલેથીજ પોતાને પરમહંસ કહેવરાવે છે અને શિખાસૂત્રનો ત્યાગ કરે છે જ્યારે નારદપારિવ્રાજ કોપનિષદ્ તો કુટીચકથી હંસ સુધી શિખાસૂત્ર રાખવાનું કહે છે ને પરમહંસને માટે જણાવે છે કે **शिखा यज्ञोपवीत रहितः ।** શિખા અને સૂત્ર હવે તેણે ત્યાગવુ.

યજ્ઞો પવીતનું મુખ્ય કામ જીવાત્માને આત્માનો સાક્ષાત્કાર કરવામાં મદદગાર થવાનું છે. કહ્યું છે કે:—

सूचनात्सूत्रमित्याहुः सूत्रंनामपरं पदम् ।
तत्सूत्रं विदितं येन स विप्रो वेदपारगः ॥

સૂત્ર એટલે પરમપદ અને તેનું સૂચન કરનાર સૂત્ર તે યજ્ઞોપવીત. આ યજ્ઞોપવીતદ્વારા જે પરમ સૂત્રનો સાક્ષાત્કાર કરે તેજ ખરો વેદ જાણનારો બ્રાહ્મણ સમજવો.

બ્રહ્મચર્ય અવસ્થામાં દ્વિજે એક યજ્ઞોપવીત ધારણ કરી તેની ત્રણ શરોને નામે કાયિક, વાચિક અને માનસિક નિગ્રહ સાધવો. ગૃહસ્થાશ્રમમાં બે યજ્ઞોપવીત ધારણ કરી આગલા ત્રણ નિગ્રહ ઉપરાંત શરીરથી કર્મ, વાણીથી ભક્તિ અને મનથી જ્ઞાન સિદ્ધ કરવાં. વાનપ્રસ્થાશ્રમમાં ત્રણ યજ્ઞોપવીત રાખી ત્રણ પ્રકારના નિગ્રહ, અને કર્મ જ્ઞાન અને ભક્તિનાં ત્રણ પ્રકારનાં સાધનોદ્વારા જીવાત્માની જ્ઞાન, ઇચ્છા અને ક્રિયાશક્તિ ખીલવવી અને સંન્યાસી એ (કુટીચકથી હંસની સ્થિતિસુધી) ચાર યજ્ઞોપવીત ધારણ કરી ઉપરના ત્રણ નિયમો, ત્રણ સાધનો અને ત્રણ શક્તિ સાથે આત્માનાં સત્, ચિત્ અને આનંદ એવા ત્રણ ગુણો ખીલવવાં. પછી જ્યારે આત્માનો સાક્ષાત્કાર થાય અને પરમહંસગતિ પ્રાપ્ત થાય ત્યારે

बहिः सूत्रं त्यजेद्विद्वान् योगमुत्तममास्थितः ।
ब्रह्मभावमिदं सूत्रं धारयेद्यः सचेतनः ॥

તે બ્રહ્મવિદે આત્મસાક્ષાત્કારનો ઉત્તમ યોગ પ્રાપ્ત કરીને બહારના યજ્ઞોપવીતને ત્યજવું જોઇએ. પછી તો આવા જ્ઞાનીને સઘળે સ્થળે બ્રહ્મ ભાવથી રહેવા રૂપી અંદરનું સૂત્ર ધારણ કરવું જોઇએ. માટેજ કહ્યું છે કે પરમહંસે શિખાસૂત્રનો ત્યાગ કરવો કારણ કે હવે તેને બહારના કોઇપણ અવલંબનની જરૂર નથી. કોઇ કોઇ ઉપનિષદમાં સંન્યાસ લેવાની સાથે યજ્ઞોપવીતનો ત્યાગ કરવાનું

કહેલું છે. પરંતુ તે તે ઉપનિષદમાં સંન્યાસનુ સ્વરૂપ પણ પરમહંસની સ્થિતિનુંજ બતાવવામાં આવ્યું છે. માટે ઉપનિષદના અભ્યાસીઓએ આ તફાવત ધ્યાનમા રાખવો. વળી સંન્યાસ પણ ચાર પ્રકારનો છે. **વૈરાગ્યસંન્યાસ, જ્ઞાનસંન્યાસ, જ્ઞાનવૈરાગ્યસંન્યાસ,** અને **કર્મસંન્યાસ** એટલે કયા ઉપનિષદમાં કયા સંન્યાસની વાત કરવામાં આવી છે તે પણ વિચારવાનું છે.

પરમહંસની દીક્ષાનુ કાર્ય પુરૂં થતા તેને તેના ગુરૂદેવ પાંચમી દીક્ષા માટે તૈયાર કરે છે. આદીક્ષાનું નામ **મહાત્મા** અથવા **જીવન મુક્ત** અથવા **તુરીયાતીત** છે અને બૌધ લોકો તેને **અસેખ**ની દીક્ષા કહે છે. આ દીક્ષા તથા તે પછીની **અવધૂત**ની દીક્ષા લેનાર માટે તો ઉપનિષદ કહે છે કે **स्वात्मन्येव कैवयल्म्** । પોતાનામાંજ કૈવલ્ય પ્રાપ્ત થાય છે. પછી તે **सर्वं लोकचारः** કોઇપણ લોકમાં ઇચ્છાનુ સાર જનારો થાય છે. તેને આ સાત લોકોમાં કંઇ પણ શિખવાનું રહેતું નથી. હવે તે શિષ્ય મટી, મુમુક્ષુ મટી મહાત્મા થાય છે માટે તે અસેખ કહેવાય છે. અવધૂતને માટે નારદ પારિવ્રાજકોપનિષદ કહે છે કેઃ—

अक्षरत्वात् वरेण्यत्वात् आधूतः संसार बंधात ।

અક્ષરપદ પ્રાપ્ત કરવાથી, આત્મ પ્રકાશ પ્રગટ કરવાથી તે સંસારના સઘળા બંધનોથી મુક્ત થયેલો છે. તેજ ઉપનિષદ છેલ્લી એ દીક્ષા માટે કહે છે કેઃ—

स एव जगद्गुरुः ।

પછી દુનીયાનો ગુરૂ બને છે. આ સ્થિતિના મહાપુરૂષોનેજ થીઓસોફીસ્ટો **મહાત્મા** કહે છે.

આ સ્થિતિએ પહોંચેલા મહાત્મા પ્રભુની અનંતતા પ્રાપ્ત કરે છે: પ્રભુ સાથે સદા સર્વથા યોગ સાધીને રહે છે. આ સ્થિતિ કેવી છે

તેનો અનુભવતો તે સ્થિતિએ પહોંચેલાનેજ થાય છે. તે અનુભવને બૌતિક શબ્દમાં **सोहम्** । અનલ્ હક, નિસ્તહસ્તિ મગર યઝદાં, I and my Father are one એમ કહેવામાં આવે છે. પાંચમી દીક્ષા લીધા પછી તે મહાપુરૂપ નીચેના જેવી કોઇ પ્રતિજ્ઞા લઇ સિદ્ધ-સંઘમાં દાખલ થતા હશે એમ હું કલ્પના કરૂં છુઃ-

आर्द्रं ज्वलति ज्योतिरहमस्मि ॥ ज्योतिर्ज्वलति ब्रह्माहमस्मि ॥
योऽहमस्मि ब्रह्माहमस्मि ॥ अहमस्मि ब्रह्माहमस्मि ॥
अहमेवाहं मां जुहोमि स्वाहा ॥–नारायणोपनिषद्

"જ્યારે અંદરનો ઝાંખો પ્રકાશ મને જણાયો ત્યારે ખબર પડી કે હું પોતે તે જ્યોતિ છું, દેહ નહિ પણ જીવાત્મા છું. પછી તે જ્યોતિના પ્રકાશમાં જીવન ગુજારતાં તેનો પ્રકાશ વધુને વધુ પ્રગટયો. તે પ્રકાશ આખા વિશ્વમાં છવાઇ જતાં મને ભાન થયું કે હું જીવ નથી પણ આત્મા છું, બ્રહ્મ છું. જેને હું 'હું' માનતો હતો તે હું નહોતો પણ બ્રહ્મ એજ હું છું. ખરો હું તે બ્રહ્મ એજ છે. આવું જેને જ્ઞાન પ્રાપ્ત થયું છે એવો હું સઘળા જીવોને આવું જ્ઞાન કરાવવા માટે વિશ્વયજ્ઞમાં મને પોતને હોમી દઉં છું."

આ અદભૂત પ્રતિજ્ઞા પર શું લખવું? તેનુ મનન કરવાની, તેનુ ધ્યાન કરવાની, સ્વાર્થ ત્યાગ કરવાની વૃતિ ઉત્પન્ન કરનાર તેના શબ્દો કોઇ કોઇવાર પવિત્ર મને બોલવાનીજ આ લઘુ પુસ્તકના વાંચકોને સપ્રેમ વિનતિ છે.

ઉપર જણાવેલી સઘળી દીક્ષાઓ એક જન્મમાં લેવાતી નથી. એ દીક્ષાઓમાંથી પસાર થતાં એક કરતાં વધારે જન્મો લેવા પડે છે. કેટલા લેવા પડે છે તે કહી શકાય તેમ નથી. કારણ કે તેનો આધાર દરેક જીવાત્માની શકિત અને પ્રયત્નના ઉપર રહેલો છે. જો ગત જન્મોમાં અને શિષ્યપદે પહોંચ્યા પહેલાના જીવનમાં જેટલું બને તેટલું સારૂ,

નીતિવાન, પવિત્ર, અને પારમાર્થિક જીવન ગુજાર્યું હોય છે તો આ દીક્ષાઓ બહુ થોડા જન્મમાં લઇ શકાય છે અને જો આગળની તૈયારી બહુ સારી ન હોય તો તેમાં વધારે જન્મો લેવા પડે છે.

જીવનમુકતની દીક્ષા અને અવધૂતની દીક્ષા પછી પણ સિદ્ધસંઘની બીજી ચાર મહાન્ દીક્ષાઓ છે. પહેલા સ્વભાવનો–ઇચ્છાપ્રધાન–મહાત્મા જ્યારે સાતમી દીક્ષા લે છે ત્યારે તેણે **મનુનીદીક્ષા** લીધી કહેવાય છે. બીજા સ્વભાવનો–અધ્યાત્મજ્ઞાનપ્રધાન–મહાત્મા જ્યારે સાતમી દીક્ષા લે છે ત્યારે તેણે **વ્યાસદીક્ષા** અથવા **બોધિસત્વદીક્ષા** લીધી કહેવાય છે. બાકીના પાંચ સ્વભાવના મહાત્મા જ્યારે આ દીક્ષા લે છે ત્યારે તેઓએ **મહાચોહાણદીક્ષા** લીધી કહેવાય છે. આ દીક્ષા લેનાર દરેક મહાત્મા **મનુ, બોધિસત્વ** કે **મહાચોહાણ** તરીકે કામ કરે છે એમ નથી કેમકે તેવા અધિકારીઓ એકી સાથે વધારે જોઇતા નથી. પરંતુ તેઓ એ અધિકારીઓની સાથે તેતે દિશાનું કાર્ય કરે છે. પહેલા સ્વભાવના મહાત્મા જ્યારે આઠમી દીક્ષા લે છે ત્યારે તેને **પ્રત્યેકબુદ્ધ** કહે છે. ભગવાન્ **સનત્કુમાર** ની સાથેના ત્રણ **કુમારો** એ આ દીક્ષા લીધી છે. જ્યારે બીજા સ્વભાવના મહાત્મા આઠમી દીક્ષા લે છે ત્યારે તે **બુદ્ધ** કહેવાય છે. બાકીના પાંચ સ્વભાવના મહાત્માઓને જો આ દીક્ષા લેવી હોય છે તો તેઓને બીજા સ્વભાવના મહાત્માના વર્ગમાં જવું પડે છે નહિ તો તેઓ સાતમી દીક્ષા પછી બ્રહ્માંડના કોઇ બીજા વિભાગમાં જાય છે. નવમી અને દસમી દીક્ષા તે માત્ર પહેલા સ્વભાવના મહાત્મા માટે છે. નવમી દીક્ષા તે **ઉપબ્રહ્મા** અથવા **ઇશાન**ની અને દસમી તે **પરમેષ્ઠી** ની છે. જો બીજા સ્વભાવના મહાત્માને આ દીક્ષા લેવી હોય છે તો તેઓ પ્રથમ સ્વભાવના વર્ગમાં આવે છે નહિ તો આઠમી દીક્ષા લીધા પછી બ્રહ્માંડના કોઇ બીજા વિભાગમાં જાય છે, ભગવાન્ બુદ્ધ તે દીક્ષા લીધા પછી આ ભૂમંડળ છોડી ગયા છે. પરંતુ તેઓ આપણી મનુષ્ય જાતિના જીવો

પૈકી પહેલાજ એવા મહાત્મા હતા કે જેઓએ આ દીક્ષા લીધી હતી તેથા તેઓએ આપણી માનવજાતિ સાથે થોડો સંબંધ રાખેલો છે. તેમની પહેલા થઇ ગયેલા બુધ્ધો બીજા ગ્રહની મનુષ્યજાતિના હતા. તેઓ એ તે દીક્ષા લીધા પછી આ ભૂમંડળ સાથેનો સંબંધ બહારની દૃષ્ટિએ છોડી દીધો છે. છેલ્લા થઇ ગયેલા ભગવાન્ બુદ્ધ દર વર્ષે વૈશાખ શુદી પૂર્ણિમાને દિવસે આ ભૂમંડળની મુલાકાત લે છે અને તેના સઘળા જીવોને પોતાનો પરમકલ્યાણરૂપ આશીર્વાદ આપે છે.

અત્યારે આપણે ચોથા મહાકલ્પ (Chain) માં છીએ પહેલા મહાકલ્પમાં માનવ જાતિના વિકાસનું છેલ્લામાં છેલ્લું ધોરણ પહેલી દીક્ષા હતું. બીજા મહાકલ્પમાં છેલ્લા ધોરણ તરીકે બીજી અને ત્રીજી દીક્ષાઓ રાખવામાં આવી હતી. ત્રીજા મહાકલ્પમાં ચોથી દીક્ષા એ માનવ જાતિનું આદર્શ હતું. આ ચોથા મહાકલ્પના અન્તમાં આપણી માનવ જાતિનો મોટો ભાગ જે ધોરણે પહોંચવાનો છે તે પાંચમી દીક્ષા છે. આગળની દીક્ષાઓ માટે આગળના મહાકલ્પોની માનવજાતિનો મોટો ભાગ તૈયાર થશે.

આ ધોરણોનો અર્થ એવો નથી કે તે તે કલ્પમાં કોઇપણ આત્મા તે તે ધોરણથી આગળ નજ જઇ શકે. કોઇપણ પ્રબળ આત્મા ખુશીથી જઇ શકે. પણ માનવજાતિનો મોટો ભાગ તો તે તે કલ્પમાં તે ધોરણથી આગળ જવાને તૈયાર ન થયો હોય એજ ઉપર બતાવેલા ધોરણનો અર્થ છે.

વેદાન્ત તથા બૌધ ધર્મની દીક્ષાના નામો આપણે આગળ જોઇ ગયા છીએ. ખ્રીસ્તી ધર્મમાં આવી દીક્ષાઓની માન્યતા સર્વસામાન્ય નથી પરંતુ જે લોકોને દીક્ષામાર્ગનું જ્ઞાન છે તેઓ કહે છે કે ખ્રીસ્તીધર્મમાં પાળવામાં આવતા ક્રાઇસ્ટ જીવનના પાંચ ઉત્સવો એ પાંચ દીક્ષાના સૂચક છે. આ પાંચ દીક્ષાઓને સહેલાઇથી ધ્યાનમાં રાખવા માટે અત્રે કોઠો આપેલો છે:—

પાંચ દીક્ષાનો કોઠો.

વેદાન્ત દીક્ષા	બોધ દીક્ષા	ખ્રીસ્તી * દીક્ષા	સંવિતનું કાર્યક્ષેત્ર.
(૧) કુટીચક	સોતાપત્તિ	Birth of Christ	ભુવર્લોક સુધી Astral world
(૨) બહૂદક	સકદાગામી	Baptism	સ્વર્ગલોક સુધી Mental world
(૩) હંસ	અનાગામી	Transfiguration	તપલોક સુધી Intuitional world
(૪) પરમહંસ	અર્હત્	Crucifixion	સત્યલોક સુધી Spiritual world
(૫) તુરીયાતીત	અસેખ	Resurrection and Ascension	સર્વલોકચારી

(* જુઓ. Hidden Side of Christian Festivals by C. W. L.)

શિષ્યપદપ્રાપ્તિમાર્ગ અને દીક્ષામાર્ગ એ બે જુદા માર્ગો નથી પણ એકજ માર્ગનાં બે નામ છે. મનુષ્ય ઉમેદવાર, શિષ્ય અને ગુરૂપુત્રની સ્થિતિમાં પસાર થાય ત્યાં સુધીના માર્ગને આ પુસ્તકમાં શિષ્યપદપ્રાપ્તિમાર્ગ એવું નામ આપેલું છે અને પહેલી દીક્ષાથી પાંચમી દીક્ષા સુધીના માર્ગને દીક્ષામાર્ગ કહેલો છે. પછીની સઘળી દીક્ષાઓ સિદ્ધસંઘની છે. પાંચમી દીક્ષા લેનાર મહાપુરૂષની સામે નીચે જણાવેલા સાત માર્ગો ખુલ્લા હોય છે. તેમાંથી તેને યોગ્ય લાગે તે માર્ગ તે પસંદ કરે છે.

સાતમાર્ગો.

માર્ગનું નામ	સામાન્ય રીતે કયા સ્વભાવના આત્માઓ તે પસંદ કરે છે.
(૧) બ્રહ્માંડાધીશના ગમે તે કાર્યમાં સહાય કરવાનો માર્ગ	સેવા ભાવથી આગળ વધેલા આત્મા આ માર્ગ પસંદ કરે છે. પછી તેઓ સ્થૂલ શરીર રાખતા નથી.
(૨) દેવ માર્ગ	વિજ્ઞાન પ્રધાન જીવો આ માર્ગ પસંદ કરે છે અને પછી કોઇ લોક, તત્ત્વ કે કર્મના દેવ થાય છે.
(૩) બીજા મહાકલ્પ માટે તૈયારી કરવાનો માર્ગ	પરગજુ સ્વભાવના જીવો મહાત્મપદ પામ્યા પછી ઘણે ભાગે આ માર્ગ લેછે.
(૪) સિદ્ધસંઘની સભ્યતા	રાજ્યયતંત્રપ્રિય અને શિક્ષણપ્રિય જીવો પાંચમી દીક્ષા પછી ઘણું કરીને આ માર્ગ પસંદ કરે છે.
(૫) નિર્માણકાય	આદર્શપ્રિય પુરૂષોને મોટેભાગે આ માર્ગ ગમ છે. તેઓ ભૂમંડળ માટે આધ્યાત્મ બળ શાંતિથી વધાર્યા કરે છે.
(૬) સંભોગકાય } વિદેહ મુક્ત	નિષ્ક્રિય ભકિત પ્રધાન જીવો મોટેભાગે આ માર્ગ લે છે અને ભકિતરસનો આનંદ અનુભવે છે. તેઓનું કાર્ય શું હોય છે, તે જણાયું નથી
(૭) ધર્મકાય } વિદેહ મુક્ત	સિદ્ધાન્તને ખાતર જીવન અર્પનારા અને શુદ્ધ પ્રેમને ખાતર સર્વસ્વનો ત્યાગ કરનારા જીવો આ માર્ગ લે છે. ભાવી અવતારો આ કોટિના મહાત્માઓમાંથી આવેછે.

શિષ્યપદપ્રાપ્તિમાર્ગ અને દીક્ષામાર્ગથી બનેલો મહાત્મપદ પ્રાપ્તિમાર્ગ એ પરમ સ્વાતંત્ર્યનો માર્ગ છે. આ માર્ગે ગુરૂ તરફથી કોઇ પણ જાતની ફરજ પાડવામાં આવતી નથી. આ માર્ગનો મુસાફર પોતાની સ્વેચ્છાથીજ ત્યાં જાય છે તેને કોઇના તરફથી આમંત્રણ કરવામાં આવતું નથી. પોતાના ગુરૂ પોતાના કરતા અનેક ગણા જ્ઞાની, અનુભવી, સત્યપરાયણ અને પ્રભુપરાયણ છે. તેમને પગલે ચાલવામાં બીલકુલ ભય જેવું નથી એમ તે જાણે છે. તેથી તે પોતાના ગુરૂદેવમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખે છે. શિષ્ય પ્રેમથી, જ્ઞાનયુકત ભકિતથી, અને સ્વેચ્છાથી પોતાના ગુરૂનો સેવક બને છે. ગુરૂ તેને પોતાનો ગુલામ બનાવતા નથી, તેમ જે કંઇ તે ન સમજી શકતો હોય તે અંધશ્રદ્ધાથી માની લેવાનું તેને કહેતા નથી. શિષ્યપદપ્રાપ્તિમાર્ગના પ્રકરણમાં કહ્યું છે તેમ આ માર્ગ ઘણો કઠીન (Path of woe) છે. છતાં સિદ્ધસંઘના પ્રકરણમાં જણાવેલા સાતે સ્વભાવના મનુષ્યોમાં જેઓ સાહસિક છે તેઓને માટે તો આજ માર્ગ શ્રેષ્ઠ અને સૌથી સુંદર છે. આ માર્ગની પસંદગી કરનાર જીવો માટે માર્ગોપદેશક—ભોમીયો—guide—થાય તેવું થોડું સાહિત્ય ભગવાન્ શંકરાચાર્ય અને ભગવાન્ બુદ્ધ જેવા મહાપુરૂષો, સંસ્કૃત તથા પાલી ભાષામાં આપી ગયા છે; અને થીઑસૉફીકલ સોસાઇટીના નેતાઓએ તેનો સાર તથા તે માર્ગ સંબંધી પોતાનો અનુભવ થીઑસૉફીનાં અંગ્રેજી પુસ્તકોમાં આપેલો છે. થીઑસૉફીના શિક્ષણનો જો કોઇ પણ ભાગ મને સૌથી વધારે સુંદર અને આકર્ષક જણાતો હોય તો તે આ સિદ્ધસંઘ અને મહાત્મપદપ્રાપ્તિમાર્ગને લગતો છે. આ શિક્ષણથી મને જે લાભ અને જે આનંદ થયો છે તે લાભ અને તે આનંદ ગુજરાતી ભાષા જાણનાર ભાઇઓ અને બ્હેનોને થાય એવી આશાથી સિદ્ધસંઘ, શિષ્યપદ પ્રાપ્તિમાર્ગ અને દીક્ષામાર્ગનો ટુક હેવાલ આ પુસ્તકમાં લીધો છે.

આધુનિક પરિસ્થિતિ.

વિકાસક્રમ, પિંડબ્રહ્માંડ, મનુષ્ય-મુમુક્ષુ-મહાત્મા, સિદ્ધ સંઘ, શિષ્યપદ પ્રાપ્તિ માર્ગ અને દીક્ષા માર્ગના જ્ઞાનથી જગતની આધુનિક પરિસ્થિતિનું કારણ સમજવામાં અને તેમાં સુધારણા કરવામાં શું સહાય મળે છે તે બતાવવાની જરૂર છે. જે જ્ઞાન જગતની પરિસ્થિતિ સમજવામાં અને તેની સુધારણા કરવામાં સહાયભૂત ન થાય તે ખરૂં જ્ઞાન નથી.

જગતની હાલની સ્થિતિનું કારણ અને તેની સુધારણાનો વિચાર કરવા પહેલાં અત્યારની સ્થિતિ કેવી છે તે ટુંકમાં જોઇ લેવાની જરૂર છે. જગતની ધાર્મિક સ્થિતિ તરફ નજર કરતાં જણાય છે કે માનવજાતિનો મોટો ભાગ પોતાને આસ્તિક કહેવરાવે છે પણ તે ખરેખરો આસ્તિક નથી. ખરેખરા આસ્તિક મનુષ્યો તો બહુ થોડાજ હશે. ધર્મમાં માનનાર દરેક સ્ત્રી પુરૂષ મોઢેથી કહે છે કે પ્રભુ સર્વવ્યાપક છે, છતાં તે પોતે જ્યાં જ્યાં હોય છે ત્યાં તો પ્રભુ ન હોય એમજ સમજીને યથેચ્છ વર્તન કરે છે. લોકો કહે છે કે પ્રભુ સર્વવ્યાપક છે અને સર્વજ્ઞ છે. પણ તેઓ પોતાના દીલમાં તો એવી એવી રાક્ષસી વૃત્તિઓ રાખે છે, મનમાં એવા એવા ભયંકર વિચાર કરે છે અને અંદરથી એવી એવી નીચ યુક્તિઓ રચે છે કે જે વૃત્તિઓ, વિચારો અને યુક્તિઓ ઇશ્વરના સર્વજ્ઞપણામાં માનનાર કદિ કરી શકે નહિ. કહેવાતા આસ્તિક માણસો ઇશ્વરને સર્વ વ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિવાન કહે છે. પરંતુ વ્યવહારમાં ઇશ્વરના કરતાં ભૂતપ્રેતની, પૈસાની, વગસગની, રાજ્યના અધિકારીની અને અનીતિની સંતાને વધારે માન આપે છે અને થોડા સ્વાર્થ માટે જુઠું બોલી દે છે. ખરો આસ્તિક મનુષ્ય તો એજ કહેવાય કે જે પોતાનું જીવન હમેશાં પ્રભુ સમક્ષ રહીનેજ

ગુજારતો હોય. તેને તો ખાતરીજ છે કે પ્રભુ સર્વવ્યાપક છે માટે તેની સામે જે કાર્ય કરી શકાય તેજ કાર્ય કરવું જોઇએ, બીજું નહિ. તે જાણે છે કે પ્રભુ સર્વ સ્થળે રહીને ઉંઘતા નથી પણ જાગે છે માટે પ્રભુની સામે જે વૃત્તિ, વિચાર અને યુકિતઓ ન કરી શકાય તે કદિ કરવી નહિ. તે માને છે કે પ્રભુ સર્વ સ્થળે રહ્યા છે અને સૌકંઇ જાણે છે એટલુંજ નહિ પણ તેઓ સર્વ શકિતવાન્ છે તેથી તે કોઇથી ડરતો નથી, તે કોઇના ભયથી કે કોઇને રાજી રાખવાને ખાતર કદિ ખોટું કામ કરતો નથી. સર્વ જાતના ભયમાંથી બચાવવા માટે પ્રભુ શકિતવાન્ છે માટે કોઇનાથી ડરવાનું નથી અને પ્રભુ પોતે તો પ્રેમરૂપ છે–**रसो वै सः।** એટલે તેમનો ડર હોયજ નહિ. ખરો આસ્તિક કેવો હોય તે ભગવાન્ શ્રીકૃષ્ણે ભગવદ્‌ગીતાના ૧૨ મા અધ્યાયમાં બહુ સારી રીતે બતાવી દીધું છેઃ–

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी॥
सन्तुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः॥
यस्मान्नोद्विजते लोको लोकान्नो द्विजते च यः।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः म च मे प्रियः॥
अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः।
सर्वारंभपरित्यागी यो मद्भक्तः स मे प्रियः॥
यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः॥
समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः।
शीतोष्ण सुखदुःखेषु समः संगविवर्जितः॥

तुल्यनिंदास्तुतिर्मौनी सन्तुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः ॥

૧૨–૧૯

" જે, કોઇ પણ પ્રાણી પ્રત્યે દ્વેષબુદ્ધિ રાખતો નથી, જે સૌ પ્રત્યે મૈત્રી અને કરૂણા રાખે છે, જેણે અહંમમત્વનો ત્યાગ કર્યો છે, જે સુખમાં તેમજ દુ:ખમાં સમાનવૃત્તિ રાખી શકે છે, જે બીજાના અપરાધોની માફી આપવા સમર્થ છે, જે હમેશાં સંતોષથી રહે છે, જે પ્રભુ સાથે એક તાર રહે છે, જેણે પોતાનાં મન, વચન અને કાયાના ઉપર નિગ્રહ મેળવ્યો છે; જે દૃઢ સંકલ્પવાળો છે, જેણે પોતાનાં મન અને બુદ્ધિને પ્રભુને અર્પણ કરેલાં છે તેનો ભક્ત મને (શ્રીકૃષ્ણને) પ્રિય છે. જેનાથી લોકો ડરતા નથી અને જે લોકોથી ડરતો નથી, જે હર્ષથી, ક્રોધથી, ભયથી અને ઉદ્વેગથી મુક્ત છે તે મને પ્રિય છે. જે સ્વાર્થદૃષ્ટિથી કોઇપણ વસ્તુની અપેક્ષા રાખતો નથી. જે પવિત્ર રહે છે, પોતાને જે કાર્ય કરવાનું હોય છે તે કુશળતાથી બજાવે છે, જે ઉદાસીન છે, જે કોઇ પણ જાતિની ચિન્તા કરતો નથી, એવો મારો ભક્ત મને પ્રિય છે. જે કોઇનો રાગ કરતો નથી, તેમ કોઇનો દ્વેષ કરતો નથી, કોઇનો શોક કરતો નથી તેમ કોઇના તરફથી કશી આંકાક્ષા રાખતો નથી, સ્વાર્થ દૃષ્ટિએ કહેવાતા શુભ અને અશુભનો જે પરિત્યાગ કરે છે એવો ભક્તિમાન પુરૂષ મને પ્રિય છે. જે મિત્ર તથા શત્રુ પ્રત્યે તથા માન અને અપમાનના પ્રસંગોમાં તથા ટાઢતડકામાં તેમજ સુખદુ:ખમાં સમભાવ રાખે છે, જે કોઇમાં આસક્તિ રાખતો નથી, જેને મન નિંદા અને સ્તુતિ એક સરખાંજ છે, જે વગર પ્રયોજને બોલ્યા કરતો નથી તેમ નકામા વિચાર કરતો નથી, જે પ્રાપ્ત થયેલી સ્થિતિમાં સંતોષ માને છે, જેણે પોતાના ઘરમાં મમત્વ રાખેલું નથી, જે હમેશાં સમાધાન વૃત્તિમાં રહે છે એવો મારો ભક્ત મને પ્રિય છે."

આવી આસ્તિકતા અને ભક્તિવાળાં સ્ત્રીપુરૂષો આજે બહુજ થોડાં છે, જેમને પોતાની આસ્તિકતાનો ગર્વ હોય તે ભલે ઉપલા શ્લોકોની સાથે પોતાનું નિત્યજીવન સરખાવી લે!

આતો આપણે જગતનું આસ્તિક્ય જોયું. પણ તે આસ્તિક્યના શિખવનારની સ્થિતિ પણ તેટલીજ નિરાશાજનક છે. ધર્મગુરૂ એટલે ધર્મનું જ્ઞાન આપનાર, ધર્મમાં ચઢી જતા અધર્મ અને અનીતિ રૂપ કચરાનો નાશ કરનાર વ્યક્તિ દરેક ધર્મમાં આવા ગુરૂઓનો દુષ્કાળ છે. ઘણે સ્થળે સામાન્ય મનુષ્યો કરતાં ધર્મગુરૂઓનું અજ્ઞાન અનેક ગણું છે. ઘણે સ્થળે ધર્મને નામે દૂકાનો ચાલી રહી છે. ઘણા ધર્મગુરૂઓ મોજ શોખમાં પડી રહ્યા છે. ઘણા ધર્મગુરૂઓ એમજ સમજે છે કે પોતે માને છે તેજ ધર્મમાં જન્મવાથી મુક્તિ મળવાની છે, બીજા ધર્મને માનનારાં લોકો બીચારાં નરકે જવાનાં છે. ધર્મ અને પ્રભુને નામે, દેવ અને દેવીને નામે આજે ઘણે સ્થળે પશુવધ થઇ રહ્યો છે. ધર્મને નામે ઘણે સ્થળે કલહ અને મારામારી થઇ રહી છે. અને તેને ઉત્તેજન આપનાર પણ કોઇ કોઇ ધર્મ ગુરૂઓજ છે. પ્રભુ એક છે તેને ધર્મ ગુરૂઓએ અનેક બનાવી દીધા છે. પ્રભુના સર્વવ્યાપક, સર્વજ્ઞ અને સર્વશક્તિવાનપણાની માન્યતાનો નાશ કરનાર અત્યારના કેટલાક કહેવાતા ધર્મ ગુરૂઓ છે. વહેમ અને અજ્ઞાનને પણ કેટલાક ધર્મ ગુરૂઓનોજ ટેકો છે. ભગવાન્ મનુએ કહ્યું છે કેઃ—

आचिनोति च शास्त्रार्थानन्यानाचरयत्यपि ।
स्वयमाचरते चैव तस्मादाचार्य उच्यते ॥

જે શાસ્ત્રોનો અભ્યાસ કરી તેમાંથી ધર્મની ઉપયોગી બાબતો એકઠી કરે છે, જે બીજાને ધર્મનો બોધ કરે છે અને તે પ્રમાણે વર્તવાનું કહે છે, અને પોતે ધર્માચાર પાળે છે તે આચાર્ય કહેવાય છે. પણ આજે આવા આચાર્યો કેટલા થોડા છે!

દેવમંદિરો, યાત્રાનાં સ્થાનો અને જુદા જુદા ધર્મનાં સ્થાનોમાંથી ધર્મ ભાવના આજે લગભગ બધી ઉડી ગઇ છે અને ત્યાં ત્યાંના પુજારીઓ અને રક્ષકો ધર્મને નામે માત્ર પૈસાજ એકઠા કરી રહ્યા છે. પ્રભુ પણ જાણે કોઇ વસ્તુ અગર પૈસાથી ખુશી થતા હોય એમ સમજીને ઘણા લોકો તેમની માનતાઓ કરી રહ્યા છે. પ્રભુ સૌથી પ્રિય હોવા જોઇએ એવી વાતો કરનારા લોકો આજે ઝીણાં અને ખોખાં સોપારી મહાદેવને મંદિરે મૂકે છે અને સેવરઘની સોપારી પોતે ખાય છે- ખોટો પૈસો મંદીરે જાય છે અને સાચા પૈસાનું શાકભાજી થાય છે. આવો અનેક પ્રકારનો કચરો આજના ધર્મોમાં વધી ગયો છે.

જગતની સમાજભાવના તરફ દષ્ટિપાત કરી શું તો ત્યાં પણ સડોજ માલૂમ પડે છે. પ્રભુએ માનવજાતિ ઉત્પન્ન કરી ત્યારે મનુષ્યોએ પ્રજાઓ, કોમો, જ્ઞાતિઓ ઉત્પન્ન કરી અને અંદર અંદર કલહનાં બીજો રોપ્યાં. પ્રભુએ સમાજની વ્યવસ્થા **गुणकर्मविभागशः** મનુષ્યના ગુણો અને કાર્ય કરવાની શકિત જોઇ કરી; ત્યારે મનુષ્યોએ માત્ર જન્મનેજ મુખ્ય સ્થાન આપી રૂપરંગ, અને વર્ણનો ઉચ્ચનિચ ભેદ ઉત્પન્ન કરી સમાજમાં અવ્યવસ્થા કરી. જગતના પ્રાચીન અનુભવી મહાપુરુષોએ ઉત્તમ પ્રકારની માનવજાતિ બનાવવા માટે સ્રીપુરુષનાં લગ્નની વ્યવસ્થા કરી; ત્યારે મનુષ્યોએ તેમાં બાળલગ્ન, વૃદ્ધલગ્ન, કજોડાં, કન્યાવિક્રય, વર વિક્રય દાખલ કરી પ્રજાને નિર્બળ અને ઘરના સુખ વગરની બનાવી. આજે કોઇ પુરૂષ પોતાની એક સ્રી હોવા છતાં અન્ય સ્રીનો વિચાર કરે છે, તો કોઇ સ્રી પોતાનો પતિ હોવા છતાં અન્ય પુરૂષનો વિચાર કરે છે અને ગૃહસ્થાશ્રમી કહેવાતા છતાં અન્યો અન્ય પ્રેમ નહિ હોવાથી માનસિક રીતે વ્યભિચારાશ્રમજ ગાળે છે. કહેવાતા પ્રેમ લગ્નોની પાછળ છૂટા છેડા ઉભેલા છે. આનું કારણ માત્ર આજની લગ્નની રૂઢીજ છે. જાહેર રીતે પુનર્લગ્ન કરનાર સ્રીપુરૂષો પાપી કહેવાય છે, જ્યારે ખાનગી રીતે ખરાબ જીવન

ગુજારનારાં સ્ત્રીપુરૂષો ધાર્મિકમાં ખપી જાય છે. બીજી કોમના માણસ સાથે જાહેર રીતે અન્નફળશાકનો આહાર કરનાર માણસને જ્ઞાતિ પ્રાયશ્ચિત કરાવે છે અથવા જ્ઞાતિ બહાર મૂકે છે, જ્યારે ખાનગી રીતે નહિ પીવાનું પીનાર અને નહિ ખાવાનું ખાનાર તરફ તે આંખ આડા કાન કરે છે. દોલતવાન પુરૂષો મજૂરવર્ગને કાયમના મજૂરોજ રાખવા માંગે છે ત્યારે મજૂરવર્ગ દુનીયામાંથી દોલતવાન પુરૂષોનો અન્ત લાવવા માગે છે. સમાજરૂપી વિરાટ્ શરીરનાં માથુ, હાથ, ઉદર અને પગના આજે ટુકડે ટુકડા થયા છે અને તેથી આખી માનવજાતિ છિન્ન ભિન્ન થઇ ગઇ છે. આખા સમાજને એક અંગભૂત બનાવનાર ત્રણ સદ્‌ગુણો જેવા કે વડીલ વર્ગ પ્રત્યે માન, સમાનવર્ગ પ્રત્યે મૈત્રી અને નાનાવર્ગ પ્રત્યે દયા આજે કોઇક ભાગ્યશાલી સ્ત્રીપુરૂષમાંજ દર્શન દે છે. જ્યારે સામાન્ય રીતે તો એક માણસ બીજા માણસને થાપ આપવા, એક કોમ બીજી કોમને દાબી દેવા, એક પ્રજા બીજી પ્રજાને ખાઇ જવાનોજ પ્રયત્ન કરી રહી છે. વેપારમાં પણ નીતિનું પ્રમાણ બહુજ ઓછું થયેલું છે.

જગતની રાજકીય પરિસ્થિતિ પણ ધર્મ અને સમાજના જેટલીજ ભયંકર છે. અત્યારે જગતમાં એવો એકે દેશ કે એવી એકે પ્રજા નથી કે જ્યાં સર્વ પ્રકારની રાજકીય શાન્તિ હોય અને ચાલુ રાજ્યવ્યવસ્થા તરફ સંતોષની લાગણી હોય. વંશપરંપરાની રાજ્યગાદી ભોગવનારા રાજાઓ એમજ સમજે છે કે રાજ્ય કરવું તે તેઓનો હક છે; પછી તે ગમે તે પ્રકારે રાજ્યકારભાર ચલાવે તેની પરવા કરવાની નહિ. લોકોનાં સુખો વધારવા અને દુઃખો દુર કરવા માટે રાજ્યની અને અધિકારીઓની વ્યવસ્થા છે. તેને બદલે આજે તો રાજ્યતંત્રો એવી રીતે ચલાવવામાં આવે છે કે જેથી લોકોનાં દુઃખો વધતાં જાય છે અને સુખો ઓછાં થતાં જાય છે. સત્તાધિકારીઓ, લોકોને પોતાનું તંત્ર ચલાવી શકે તેવાં બનાવવાને બદલે તેઓ હમેશાં તાબામાં રહે તેવા બનાવવામાં આનંદ

માની રહ્યા છે. આપખુદ સત્તાના જુલમે આજે ગુંડશાહીને જન્મ આપ્યો છે. આથી સારા લોકોને બંને તરફથી સહન કરવું પડે છે. એક બાજુ રાજ્યસત્તા પોતાની સત્તાનો કોરડો ચલાવે છે તો બીજી બાજુ સ્વાર્થી અને બીન અનુભવી નેતાઓથી ઉશ્કેરાયેલો અજ્ઞાની લોકનો સમૂહ પોતાનો દોર ચલાવી રહ્યો છે. આથી કોઇ કોઇ સ્થળે બળવો તો કોઇ સ્થળે રમખાણો થઇ રહ્યાં છે. કેટલાક લોકો કાયદાપુરઃસરની ચળવળથી રાજ્યતંત્રમાં સુધારો કરવાની વાતો કરે છે તો કેટલાક લોકો સામે થઇને By Direct Action રાજ્યક્રાંતી કરવા માગે છે. એક પ્રજાને બીજી પ્રજાનો એટલો ડર લાગે છે કે તે પોતાનું લશ્કરી બળ વધારે જાય છે અને લશ્કરી ખર્ચનો બોજો કર ભરનારા લોકોના ઉપર ચઢાવતી જાય છે. બધી પ્રજાઓ ઉપર પોતાનુંજ સામરાજ્ય સ્થાપવા અને દુનિયાનો વેપાર પોતાનાજ હાથમાં લેવા માટે દરેક મહાન્ પ્રજા ભગીરથપ્રયત્ન કરી રહી છે.

શિક્ષણખાતુ કે જેના ઉપર જગતનાં બીજાં સઘળાં ખાતાઓનો આધાર છે તે પણ આજે સુધારણા અને સલાહ શાન્તિના આદર્શો પૂરાં પાડતું નથી. વિજ્ઞાનશાસ્ત્રની શોધખોળો ઉત્પાદક દિશાના કરતાં વિઘાતક દિશામાં વધારે થયેલી છે. હાલનાં યુધ્ધો શૂરવીરતાનાં યુધ્ધો નથી પણ વિજ્ઞાનિક શોધખોળોનાં યુધ્ધો છે. કાંતો વિજ્ઞાનશાસ્ત્રને માત્ર માનવ જાતિની સેવામાંજ વાપરવું જોઇએ અથવા તો તેની ભયંકર શોધ ખોળો થતી અટકાવવીજ જોઇએ. પણ અત્યારે આ બંને વાતો અસંભવિત જણાય છે.

મા બાપો અને શિક્ષકોનો બહુ મોટો ભાગ બાળકો પ્રત્યે બહુ જુદી દષ્ટિએ જુએ છે. તેઓ માની લેછે કે તે જીવો પહેલ વહેલાજ તેમને ત્યાં સ્થૂલ શરીરમાં આવેલા છે, તેઓની પાસે તેમનો ભૂતકાળનો અનુભવ કાંઇ નથી, એટલે તેઓને પોતાનાં જ્ઞાન અને અનુભવ તેઓનાં ભેજામાં

રેડવાનાં છે. શિક્ષણ એટલે મનુષ્યનાં સાતે તત્ત્વોની ખીલવણી, શિક્ષણ એટલે આત્માની શકિત અને સદ્‌ગુણોની ખીલવણી અને દુર્ગુણોની નિવૃત્તિ. આને બદલે આજે તો માત્ર અમુક નક્કી કરેલા ધોરણ પ્રમાણે વિદ્યાર્થીને શિક્ષણ અપાય છે, અને ધોરણો મનુષ્યના સાત તત્વોની દૃષ્ટિથી નકકી થયેલાં નથી. વિદ્યાર્થીને કયા શિક્ષણની જરૂર છે તે અત્યારે જોવાતું નથી; પણ અત્યારની શિક્ષણ પદ્ધતિને કેવા વિદ્યાર્થીની જરૂર છે એટલુંજ જોવાય છે. ટુંકામાં કહીએ તો શિક્ષણ વિદ્યાર્થીઓને માટે નથી., પણ વિદ્યાર્થીઓ શિક્ષણને માટે છે. કોઇ પ્રજા પોતાનાં બાળકોને પોતાનો કે બીજી પ્રજાનો ખરેખરો ઇતિહાસ શિખવતી નથી. દરેક પ્રજા પોતાનાં બાળકોને ખોટો ઇતિહાસ શિખવી નાનપણથી બીજી પ્રજાને ધિક્કારવા અને પોતાને માટે ખોટી મગરૂરી લેતાં શિખવે છે. હમણાં થોડાં વર્ષોથી દેશભકિતની ભાવના કેટલાક દેશોના શિક્ષણક્રમમાં દાખલ થઇ છે. પણ તે ક્રમમાં દેશબંધુઓ માટે કેવી જાતનો પ્રેમ રાખવો જોઇએ તે બતાવવામાં આવ્યું નથી. **वंदे मातरम्** । કહેવું સહેલું છે પણ માતૃભૂમિનાં સઘળાં બાળકોને પ્રેમપૂર્વક વંદન કરવું બહુ કઠીન છે..શિક્ષકોના મોટા ભાગમાં શિક્ષકત્વ જોવામાં આવતું નથી પણ માત્ર બહારની ડીગ્રીજ જોવામાં આવે છે. શિક્ષકોનો મોટો ભાગ બાળકો પ્રત્યેના પ્રેમને ખાતર અગર માતૃભૂમિની સેવાને ખાતર શિક્ષકનો ધંધો સ્વીકારતો નથી, પણ પગારને ખાતરજ સ્વીકાર છે; અને બીજી કોઈ જગાએ સારી તક મળી જતાં તે ધંધાનું રાજીનામું આપે છે. આ ખાતું પ્રજાનાં બીજાં સઘળાં ખાતાઓનું પોષક અને પ્રજાનું ભવિષ્ય ઘડનાર ખાતું હોવા છતાં તેનો પગાર એટલો ઓછો છે કે તેમાં બાહોશ માણસો દાખલ થતા નથી, એટલે મોટે ભાગે તેમાં વેઠીયાવેઠ ચાલી રહેલ છે. છેલ્લાં થોડાં વર્ષથી આ ખાતામાં અને શિક્ષણપદ્ધતિમાં સુધારણા કરવાની ચળવળ થઇ રહી છે ખરી પણ તેનું હજી જોઇએ

તેવું પરિણામ આવ્યું નથી. ધર્મઅને નીતિના શિક્ષણની જરૂરીયાત થોડાં વર્ષોથી સ્વીકારાઇ છે પણ જ્યાં સુધી ધર્મ અને નીતિ જાણનારા અને તે પ્રમાણે ચાલનારા પ્રોફેસરો અને શિક્ષકો રાખવામાં ન આવે ત્યાં સુધી તેના સ્વીકારથી બહુ લાભ થવાનો નથી. વિદ્યાર્થીઓને શારીરિક શિક્ષા નહિ કરવાના સરક્યુલરો કોઇ દેશમાં કાઢવામાં આવ્યાં છે પરંતુ હુકમ સરક્યુલરમાંજ રહ્યો છે તેનો અમલ હજી બહુ જગ્યાએ થયો નથી. શારીરિક શિક્ષાથી ભય, અસત્ય, ધિક્કાર અને ધાતકીપણું એવા ચાર દોષો બાળકોમાં પગપેસારો કરે છે. પરંતુ આજે તો માતપિતા અને શિક્ષકોનો મોટો ભાગ આ ચાર દોષોનાં બીજ વાવી રહ્યાં છે અને પોષી રહ્યાં છે. દેશના ભવિષ્યની મોટી જવાબદારી દરેક માતા, પિતા અને શિક્ષકના પર છે. છતાં આ જવાબદારીનો વિચાર સરખો પણ કર્યાસિવાય આજે કરોડો સ્રીપુરૂષો માતાપિતા થાય છે અને લાખો સ્રીપુરૂષો શિક્ષિકા અને શિક્ષક થાય છે. આવી જાતનો ઘણો કચરો જગત્‌ના શિક્ષણ ખાતામાં પણ છે.

ધર્મ એટલે પ્રજાનો આત્મા, સમાજભાવ એટલે પ્રજાનું હૃદય, શિક્ષણ એટલે પ્રજાનું મન અને રાજ્યતંત્ર એટલે પ્રજાનું શરીર. પરંતુ આજે તો પ્રજાના સઘળા અંગોને ક્ષયરોગ લાગુ પડયો છે. સઘળી પ્રજાઓનાં આ ચારે અંગો આગળ જણાવ્યા પ્રમાણે ભયંકર રોગથી પીડાય છે.

જગતની આવી પરિસ્થિતિ જોતાં કોઇને પ્રશ્ન થશે કે માનવ જાતિની ઉન્નતિ થઇ છે કે અવનતિ? જો અવનતિ હોય તો કયાં છે વિકાસક્રમનો નિયમ? જો જગતનું રાજ્યતંત્ર સિદ્ધસંઘના હાથમાં છે તો પછી આ સંઘના કોઇ મહાપુરૂષ જગતમાં પ્રગટ થઇને આવી પરિસ્થિતિનો અંત કેમ નથી લાવતા?

જો આપણે આ પ્રશ્નોને સર્વ બાજુથી તપાસીશું તો જણાશે કે

એકંદરે તો જગતનો વિકાસજ થતો જાય છે અધોગતી થતી નથી. કુદરતમાં માત્ર ચેતનનોજ વિકાસ થાય છે એમ નથી, ચેતન અને પ્રકૃતિ બંનેનો વિકાસ સાથે સાથે થઇ રહ્યો છે. પ્રકૃતિની તમોગણુ અવસ્થામાં ચેતન નિદ્રાવસ્થામાં હોય છે. પ્રકૃતિનો તમો ગુણુ ઓછો કરવા માટે અને ચેતનને જાગ્રત કરવા માટે રજોગુણુની પ્રવૃત્તિની જરૂર છે. આ પ્રવૃત્તિ પ્રથમતો કામ, ક્રોધ, લોભ, મોહ, ઇર્ષા, અસૂયા, મદ, મત્સરાદિક દોષોથીજ થાય છે. તમોગુણુની નિદ્રાવસ્થા કરતાં રજોગુણુની આવેશ અને ધમાલવાળી સ્વાર્થી પ્રવૃત્તિ એ વિકાસ છે, અધોગતિ નથી. રજોગુણુ વધી જતાં તેને તોડવામાટે સત્વગુણુની જરૂર છે. રજોગુણુની દૃષ્ટિ એ તમોગુણુ જેટલો મલીન છે તેટલોજ, સત્વ ગુણુની દૃષ્ટિએ રજોગુણુ મલીન છે. છતાં તમોગુણુ કરતાં તો રજોગુણુ અનેક ગણો ઉત્તમ છે. જગતનો સઘળો તમોગુણુ એકી વખતે તુટતો નથી પણુ થોડો થોડો તુટતો જાય છે. આજ સ્થિતિ રજોગુણુ અને અશુદ્ધ સત્ત્વગુણુની છે. રજોગુણુને તોડવા માટે સત્ત્વગુણુની આવશ્યકતા છે પણુ શરૂઆતમાં તો તે પણુ સ્વાર્થ પ્રધાનજ હોય છે. સારા થવું અને સારૂં કરવું તે પણુ શરૂઆતમાં તો આ લોક અને પરલોકના સુખની ભાવનાથીજ હોય છે. પછી આ અશુદ્ધ સત્વગુણુને પણુ તોડવો પડે છે. તેને માટે નિષ્કામ કર્મ, નિષ્કામ ભક્તિ અને પરમાત્માના જ્ઞાનવાળા શુદ્ધ સત્ત્વની જરૂર પડે છે. પ્રકૃતિના આ ગુણોની વિશુદ્ધિ કુદરતમાં રફતે રફતે થઇ રહી છે. માટેજ કાલમાં જુદી જુદી પ્રવૃત્તિવાળા યુગો (Cycles) ની યોજના થયેલી છે. આ નિયમને ધ્યાનમાં રાખીને વિચાર કરીશું તો જણાશે કે અત્યારે જગતમાં જે અંધાધુંધી સૌ કોઇને જાગ્રત કરી રહી તે સૌ કોઇનો તમોગુણુ તોડી રહી છે. આને પરિણામે સઘળે સ્થળે મૂશ્કેલી અને દુઃખજ જોવામાં આવે છે, અને જ્યાં જ્યાં દુઃખ પડે છે ત્યાં ત્યાં સત્વગુણુની ભાવના ઓછા વત્તાપ્રમાણુમાં જાગ્રત થવા માંડી છે.

રજોગુણની પ્રવૃત્તિ વિના દુઃખ ઉત્પન્ન થતું નથી અને દુઃખ વિના સત્ત્વગુણની જાગ્રતિ થતી નથી. દુનીયામાં સ્વાર્થવૃત્તિ તો હતીજ. પરંતુ છેલ્લાં થોડાં વર્ષોમાં તે વૃત્તિને ઉભરાવીને બહાર લાવે તેવા પ્રસંગો બની રહ્યા છે. લડાઇ, બળવો, અને રાજકીય ચળવળથી રાજકીય પ્રદેશમાં અશાન્તિ, અસંતોષ અને મુશ્કેલીઓ પ્રસરી રહી છે. સામાજીક પ્રદેશમાં પણ, સામાજીક રૂઢીઓ સામેના યુધ્ધે, મુડી અને મજુરીના યુધ્ધે, ઉચ્ચ નીચ ભાવનાવાળી કોમોના અંદર અંદર અને અરસપરસના યુધ્ધે અને સામાજીક દુષ્ટ રિવાજોથી ઉત્પન્ન થયેલી મુશ્કેલીઓએ અશાન્તિ અને અસંતોષ ઉત્પન્ન કર્યાં છે. ધાર્મિક તથા શિક્ષણના પ્રદેશમાં પણ આવુંજ બની રહ્યું છે. દરેક પ્રદેશમાં અંદર સંતાઇ રહેલો રજોગુણ આજે ઉભરાઇ નીકળ્યો છે અને દરેક સ્થળે કેવી કેવી સુધારણાની જરૂર છે તેનું પણ તેજ રજોગુણ ભાન કરાવી રહ્યો છે. આ દૃષ્ટિએ જોતાં જગત્ વિકાસનેજ માર્ગે પ્રગતિ કરી રહ્યું છે અધોગતિને માર્ગે ગયું નથી એમ દરેક વિચારક સ્ત્રીપુરૂષને જણાયા વિના રહેશે નહિ.

જગત્ આવી સ્થિતિમાંથી કંઇ પહેલીજ વખત પસાર થતું નથી. આવા યુગો અને ઉપયોગો (Cycles and Sub-cycles) અનેક ચાલી ગયા છે અને છતાંએ જીવાત્માનો વિકાસ કોઇપણ કાળમાં તદ્દન અટકી પડયો નથી. વધી ગયેલા રજોગુણને કાબુમાં લાવવા માટે સત્ત્વગુણ ઉત્પન્ન કરે તેવો દૈવીસંદેશ આપનાર કોઇને કોઇ દૈવીપુરૂષ જગતમાં પ્રગટ થયેલા છે અને તેણે નવાયુગની સ્થાપના કરેલી છે. વર્ષો જતાં પાછો તમોગુણ વધેલો છે પાછી રજોગુણી પ્રવૃત્તિ થયેલી છે. પાછા કોઇ મહાપુરૂષ પ્રગટ થયેલા છે. આજ નિયમને લઇ ભગવદ્દગીતામાં ભગવાન્ શ્રીકૃષ્ણે કહેલું છે કેઃ—

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगेयुगे ॥

જ્યારે જ્યારે, હે ભારત ! ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ વધે છે ત્યારે ત્યારે હું અવતાર લઉં છું. (કોઇને કોઇ મહાપુરૂષદ્વારા હું મારૂં કાર્ય કરૂં છું.) "

" સાધુ સ્ત્રી પુરૂષોનું રક્ષણ કરવા માટે (નાશ પામતી સંસ્કૃતિમાં જે કંઇ સાર ભૂત હોય તે બચાવી લેવા માટે) પાપીઓનો નાશ કરવા માટે (પાપ રૂપ પ્રવૃત્તિને તોડવા માટે) અને ધર્મ ભાવનાની ફરીથી સ્થાપના કરવા માટે હું યુગેયુગે પ્રગટ થાઉં છું. "

ગીતાના આજ શ્લોકો પર વિચાર કરતાં જણાશે કે વિકાસક્રમના નિયમને અનુસરીને જુદા જુદા યુગો અને ઉપયોગો આવે છે અને જ્યારે જ્યારે દુનિયામાં બારીક પ્રસંગો આવે છે ત્યારે ત્યારે જગતના ખરા મહારાજાધિરાજ અવતાર લે છે એટલે કે કોઇને કોઇ શકિતવાન મહાપુરૂષને જગતમાં મોકલે છે અને તે દ્વારા પોતાની શકિત પ્રગટ કરે છે.

કોઇને પ્રશ્ન થશે કે પરમાત્મા તો સર્વવ્યાપક છે, તો તેનો અવતાર કેમ સંભવે ? અવતાર એક દેશીય આત્માનો થાય સવ દેશીયનો કેમ થાય ? એક દૃષ્ટિએ આ પ્રશ્ન કઠીન લાગે છે પરંતુ જરા શાન્તિથી વિચાર કરતાં તેનો ઉત્તર સહેલાઇથી મળી જાય છે. આત્મા પોતાના પિંડમાં સર્વવ્યાપક છે, પરંતુ જ્યારે કોઇ વસ્તુ જોવાની હોય છે ત્યારે તે પોતાની આંખ દ્વારા વધારે પ્રગટ થાય છે અને જોવાનું કામ કરે છે. જ્યારે તેને કઇ સાંભળવું હોય છે ત્યારે તે કાન દ્વારા વધારે પ્રગટ થાય છે અને સાંભળવાનું કામ કરે છે. જ્યારે તેને બન્ને બાજુ ઉંડી ખીણુવાળી ટેકરીના ઘણા સાંકડા માર્ગ પર ચાલવું હોય છે ત્યારે તે પગ દ્વારાએ વધારે પ્રગટ થાય છે. જ્યારે તેને બોજાને ઉંચકવો હોય છે

ત્યારે તે હાથદ્વારા પોતાની શકિત પ્રગટ કરે છે આ પ્રમાણે જેમ આત્મા પોતાના પિંડમાં સર્વવ્યાપક હોવા છતાં જુદે જુદે પ્રસંગે જુદા જુદા અંગદ્વારા અવતાર લઇને કાર્ય કરે છે, તેમ સર્વ સ્થળે વ્યાપી રહેલો પરમાત્મા પોતાના સિદ્ધસંઘના અમુક પ્રકારનું કાર્ય કરવાની શકિતવાળા મહાપુરૂષ દ્વારા પ્રગટ થાય છે અને નવો યુગ શરૂ કરી જાય છે.

ઇશ્વરી યોજના એવી છે કે તેથી દરેક જીવ આગળને આગળજ પ્રગતિ કરતો જાય છે. કદાચ કોઇ જાતના પાપ કર્મને લીધે કોઇ વખતે કોઇ નીચ કોટિમાં થોડો વખત કેદખાને જાય ખરો. પણ અન્તે તો 'શલ્યા' માંથી 'અહલ્યા' જ થઇ હતી. તેમાંથી વૃક્ષ થઇ, પછી પશુ થઇ અને પછી મનુષ્ય થઇ તેમ ન થયું. કૃષ્ણાવતારમાં બાલકૃષ્ણના સ્પર્શથી પડી ગયેલાં બે વૃક્ષોમાંથી દેવદૂતોજ થયા બીજું કંઇ ન થયું પ્રભુ દરેક જીવને જુદી જુદી સ્થિતિમાંથી પસાર કરાવી વિશેષવ્યાપક, વિશેષ શકિતવાન અને વિશેષજ્ઞ બનાવી રહ્યા છે અને સિદ્ધસંઘ આખો આ કાર્યમાં મદદ કરી રહ્યો છે. જે વખત દુનીયાના મનુષ્યોને અંધાધુંધીવાળો લાગે છે તે વખત સિદ્ધસંઘની દૃષ્ટીએ કોઇ મહાન્ ફેરફાર સૂચક હોય છે અને તે વખતનો લાભ લઇ તે સંઘના કોઇ મહાપુરૂષ જગતમાં પધારવાની તૈયારી કરતા હોય છે.

જગત્‌ની અંધાધુંધીના સમયમાં જુદા જુદા જીવોનાં, કોમોનાં, પ્રજાઓનાં જુદાંજુદાં કર્મોનો હિસાબ થઇ રહ્યો હોય છે. વળી અંદરનો કચરો ઉપર આવતો હોય છે કે જેથી પ્રગટ થનાર મહાપુરૂષ તેનો જલદીથી નાશ કરી શકે.

અત્યારની પરિસ્થિતિ બતાવી આપે છે કે જગતમાં કોઇ મહાપુરૂષ થોડાં વર્ષોમાં પ્રગટ થશે. હાલના જેવી ભયંકર પરિસ્થિતિ દુનીયામાં ઉત્પન્ન થશે એમ ડો. બેસન્ટ ઇ. સ. ૧૯૦૮–૦૯ થી કહેતાં આવ્યાં છે. (જુઓ The Changing World; Immediate Future;

Opening of a New Cycle.) જગતમાં કોઇ મહાપુરૂષ પ્રગટ થશે એવી માન્યતા ધરાવનારૂં અને તેમના આગમન માટે યથાશકિત તૈયારી કરનારૂ મંડળ તેમણે ૧૯૧૧ માં સ્થાપેલું છે અને તે મંડળ The Order of the Star In the East ના નામે પ્રસિદ્ધ છે. ગુજરાત કાઠીયાવાડમાં તેને **તારકસંઘ** કહે છે. જ્યારે તેમણે આ સંસ્થા સ્થાપી ત્યારે ઘણા લોકો હસતા હતા. ઘણા લોકો કહેતા હતા કે 'અત્યારે જગતમાં મહાપુરૂષની શું જરૂર છે ? દુનીયાનો વેપાર ચાલે છે, રાજ્યતંત્રો ચાલી રહ્યાં છે, સ્ટીમરો, રેલ્વેઓ, તારો, કારખાનાંઓ પોતપોતાનું કામ કરી રહ્યાં છે, લોકો ખાઇપીને મજા કરી રહ્યા છે.' પણ થોડા વર્ષમાં સ્થિતિ બદલાઇ.

પહેલાં તો ટર્ક અને ઇટાલી વચ્ચે ચકમક ઝરી અને શમી ગઇ. પછી ૧૯૧૪ માં યુરોપના મધ્ય ભાગમાં અંગારો મૂકાયો. થોડી વખતમાં તો દાવાનળ સળગ્યો અને જે લોકો એમ કહેતા હતા કે દુનીયામાં જે કંઇ છે તે ઠીક છે તેઓની આંખ ઉઘડી અને દુનીયામાં ઘણા ફેરફારોની જરૂર છે એમ તેઓને જણાવા માંડયું. લડાઇ ચાર વર્ષ અને લગભગ સાડા ત્રણ માસ ચાલી. એટલામાં તો દુનિયાની દરેક પ્રજામાં જાગ્રતિ આવી ગઇ; દરેક કોમ પણ પોતાની આસપાસ જોવા લાગી. હર કોઇ પોતાની શકિતનો ચમત્કાર બતાવવા માટે બહાર પડયું. અત્યારે રાજકીય પ્રશ્નો એટલા તો ગુચવાયલા છે કે તે કેમ ઉકેલવા તે કોઇ પણ રાજ્યદ્વારી પુરૂષ હીમ્મતથી કહી શકતો નથી. સામાજીક પ્રશ્નો, ધાર્મિક પ્રશ્નો અને શિક્ષક વિષયક પ્રશ્નો પણ એવા ભયંકર બન્યા છે કે તે ઉકેલ્યા વિના ચાલે તેમ નથી. છતાં તે કેમ ઉકેલવા તે કોઇ કહી શકતું નથી. અને કહે છે તે પોતે કંઇ કરી શકતા નથી. અત્યારે દરેક સમજુ સ્ત્રીપુરૂષ પ્રભુની પ્રાર્થના કરે છે કે 'હે દીનદયાળ અમને આ સ્થિતિમાંથી બચાવ.' આવી પ્રાર્થના એ કોઇ મહાપુરૂષના આગમનની

આડકત્રી માન્યતા છે. ભલે લોકો તારકસંઘની માન્યતા માટે હસે પરંતુ જ્યારે તેઓ આધુનિક પરિસ્થિતિ બહુ કઠીન છે અને તે બદલાવવાની જરૂર છે એમ માને છે અને તે જલદી બદલે તો સારૂં એમ ઇચ્છે છે ત્યારે તેઓ અજાણપણે તારકસંઘનેજ ટેકો આપે છે. કારણ કે કોઇપણ સુધારણા સુધારક પુરૂષના વિના એકાએક થઇ નથી, અને થવાની પણ નથી. માટે સુધારણાની ઇચ્છા એજ સુધારકના આગમનની માન્યતા છે. ૧૯૦૮–૦૯ માં જ્યારે ડૉ. બેસન્ટે મહાપુરૂષના આગમનનો વિચાર જગત્‌માં રજુ કર્યો ત્યારે તો જગતના લોકો તે વિચાર સાંભળવા પણ તૈયાર ન હોતાં, છતાં તેમણે તો પોતાની ચળવળ ચાલુજ રાખી અને ત્રણ વર્ષમાં એક સંસ્થા સ્થાપી. ૧૯૧૪ માં લડાઇ થતાં લોકોની આંખો ઉઘડી અને ૧૯૧૮ પછી તો કોઇપણ મહાનવ્યક્તિની જગતને જરૂર છે એમ સમજાઇ ગયું. કદાચ હવે થોડા સમયમાં એમપણ સમજાશે કે જગત્‌ની સુધારણા લશ્કરી બળથી, રાજ્યનીતિનાં તહનામાથી કે કાયદાઓ ઘડવાથી થવાની નથી પણ માનવજાતિના હૃદયમાં પ્રેમ તત્ત્વ પ્રગટ કરવાનો પ્રયત્ન થશે ત્યારેજ થવાની છે. પછી થોડા વર્ષમાં એમ પણ જણાશે કે પ્રેમ દૃષ્ટિએ જગતના પ્રશ્નોનો ફડચો કરવા માટે કોઇ મહાન્ પ્રેમીની જરૂર છે; ત્યારે **सुहृत् सर्वभूतानाम्**– વિશ્વના મિત્ર એવા સિદ્ધસંઘના એક મહાત્મા જરૂર જગત્‌માં પ્રગટ થશે. મહાપુરૂષના આગમનની માન્યતા શરૂ થયે આજે આશરે ચૌદેક વર્ષ થઇ ગયાં છે અને છેલ્લાં ત્રણેક વર્ષથી તો દુનીયાનો મોટો ભાગ અજાણપણે તે પ્રસંગ જલદી આવવા માટે પ્રાર્થના કરી રહ્યો છે. પરંતુ હજી તેમના આગમન માટે જોઇએ તેવી તૈયારી થઇ નથી. સર્વ પ્રકારની સુધારણા માટે માનવજાતિમાં અરસપરસ પ્રેમની જરૂર છે એમ હજી સમજાયું નથી. કોઇ મહાપ્રેમી આવશે ત્યારેજ ખરી સુધારણા થશે એ વાત પણસમજાઇ નથી. આ બે બાબતો પ્રભુ કૃપા તો

પાંચ સાત વર્ષમાં સમજાઇ જશે અને એક મહાન પ્રતાપી મહાપુરૂષ કદાચ પોતાના થોડા સિદ્ધબંધુઓ સાથે આપણી વચ્ચે પધારશે.

આવા મહાપુરૂષ જગતમાં પધારીને કેવો સંદેશ આપશે તેની આપણે થોડી કલ્પના કરી શકીએ છીએ. જે જુની સંસ્કૃતિ વ્યકિતવાદ Individualism અને સ્પર્ધાવાદ Compitition ના ઉપર રચાઇ હતી, તેની સ્મશાનભૂમિ ઉપર જે નવી સંસ્કૃતિ રચાશે તે સમષ્ટિવાદ Universalism—અને સહકારવાદ–Co-operation ના સિદ્ધાન્ત ઉપર ઘડવામાં આવશે. માટે આગામી મહાપુરૂષનો સંદેશ પણ આજ સિદ્ધાન્ત પર અપાશે. તેઓ જગતના સઘળા ધર્મોનું રહસ્ય બતાવશે અને સઘળા ધર્મોના રહસ્યવાળો કોઇ નવા પ્રકારનો ધર્મબોધ આપશે. એ ધર્મબોધ કોઇપણ ધર્મને તોડનારો નહિ હોય પણ દરેક ધર્મ પ્રત્યે માનભાવના ઉત્પન્ન કરનારો હશે. તેમના ધર્મબોધમાં આખા વિશ્વના પિતા અને આખી માનવ જાતિના એકજ પરમાત્માની વાત હશે. આથી ધર્મને નામે થતી લડાઇઓનો અન્ત આવશે અને ધાર્મિક ભ્રાતૃભાવ જગતમાં શરૂ થશે. તે મહાપુરૂષ આપણને બતાવી આપશે કે પરમ કૃપાળુ પરમાત્મા કોઇપણ જીવને ત્રાસ દેવાથી કે ધર્મને નામે કોઇપણ જીવનો ભોગ દેવાથી પ્રસન્ન થતા નથી પણ સર્વ કોઇ જીવને યથાશક્તિ પ્રેમપૂર્વક સહાય કરવાથી પ્રસન્ન થાય છે. તેઓ આપણને સમજાવશે કે પ્રભુ સૌ ભૂતપ્રાણીના હૃદયમાં છે, દરેક દેહ તે પ્રભુનું મંદીર છે માટે પોતાનું શરીર વિશુદ્ધ રાખવું અને પોતાનામાં રહેલા પ્રભુનો સાક્ષાત્કાર કરવો અને બીજાઓને પણ તેમ કરવામાં સહાય કરવી એ દરેક ધાર્મિક મનુષ્યનો ધર્મ છે. તેઓ આપણી ખાત્રી કરી આપશે કે જો આપણે આપણા પતિત બંધુઓને સહાય નહિ કરીએ તો આપણા પ્રભુને તે કાર્ય કરવું પડશે માટે જો આપણને પ્રભુ પ્રત્યે ભકિત હોય તો આપણે તેમના કાર્યમાં

સહાયભૂત થવું જોઇએ. પતિત બંધુઓની નિંદા કરી, તેઓનો ધિક્કાર કરી પ્રભુના કાર્યમાં વિઘ્ન રૂપ થવું જોઇએ નહિ. વગેરે વગેરે રીતે ધર્મમાં કોઇ નવીન દૃષ્ટિ આપશે.

જગત્‌માં એક બીજી સ્થિતિ ઉત્પન્ન થતી જાય છે. આ ભૂમંડળ ઉપર ભૂતકાળમાં ચાર મહા પ્રજાઓ થઇ ગઇ છે. પહેલી બે પ્રજાનું નામ નીશાન પણ અત્યારે રહ્યું નથી. ત્રીજી પ્રજાનું નામ લેમુરીઅન પ્રજા હતું-તેના વંશજો હજી દુનીયાના જુદા જુદા ભાગમાં નાશ પામતી પ્રજા તરીકે રહેલા છે. ચોથી પ્રજાનું નામ આટલાંટીઅન પ્રજા હતું. ચીન અને જાપાનના લોકો તે આ પ્રજાની સંતતી છે. દરેક મહા પ્રજામાં સાત ઉપપ્રજા થાય છે, અને દરેક મહા પ્રજાની માફક દરેક ઉપપ્રજા પણ જગત્‌ને નવીન જાતની સંસ્કૃતિ આપે છે. અત્યારે પાંચમી પ્રજા જગત્‌માં ચોમેર પ્રસરી રહી છે અને તે પ્રજા તે આર્ય પ્રજા છે. આર્ય પ્રજા આટલાનીઅન પ્રજાની પાંચમી ઉપ પ્રજામાંથી ઉત્પન્ન થયેલી છે. તેણે પોતાનુ મુખ્ય મથક પ્રથમ મધ્ય એશીયામાં રાખ્યું હતું. ત્યાંથી તેની ચાર શાખાઓ જુદે જુદે વખતે અરબસ્તાન, ઇરાન, ગ્રીસ, રોમ અને મધ્ય યુરોપમાં ગઇ અને મૂળ ભાગ મધ્ય એસીયામાંથી હિંદુસ્થાનમાં આવ્યો અને હિંદુ કહેવાયો. આ પ્રમાણે આર્ય મહાપ્રજાની પાંચ ઉપપ્રજાઓ અત્યાર સુધીમાં થઇ ગઇ છે. દરેક ઉપપ્રજા વખતે સિદ્ધસંઘના ધર્મ અને શિક્ષણ ખાતાના અધિકારી મહાત્માએ જુદે જુદે નામે જુદો સંદેશ જગતને આપેલો હતો. અત્યારે ઓસ્ટ્રેલીયા તથા ઉત્તર અમેરીકામાં નવી ઉપપ્રજા-છઠ્ઠી ઉપપ્રજા-જન્મી રહી છે. અમેરીકાના એથનોલોજીસ્ટોએ પણ જાહેર કરેલું છે કે ત્યાં નવી જાતના ચહેરાવાળા બાળકો જન્મવા લાગ્યાં છે. એટલે આગામી મહા પુરૂષનો સંદેશ આ નવી ઉપપ્રજાને વધારે આકર્ષક થશે બલ્કે તે પ્રજા તેને વધારે ઝીલશે.

આર્ય પ્રજાની અત્યાર સુધીમાં કંઇ કંઇ ઉપપ્રજાઓ થઇ ગઇ છે, તેને કયા કયા નામથી સિદ્ધસંઘના ધર્માધિકારી મહાત્માએ સંદેશ આપ્યો હતો અને તે શું હતો તે નીચેના કોઠા ઉપરથી સમજાશે.

ઉપપ્રજાઓ: તેના મહાપુરૂષો: તેમનો મુખ્ય સંદેશ.

પ્રજાનું નામ	મહાપુરૂષનું નામ	મુખ્ય શિક્ષણ
હિંદુ આર્ય	વ્યાસ	ઇશ્વરનું સર્વવ્યાપકત્વ અને સૌ નુ સ્વધર્માચરણ
કેલ્ડીઅન	થોથ અથવા હર્મીસ	જ્ઞાન, વિજ્ઞાન અને તંત્ર
ઇરાનીઅન	જરથુસ્ત્ર	અશોઈ અને એગ્રો મેન્યુસ સામે યુદ્ધ
કેલ્ટીક	ઑર્ફીઅસ	કળા અને સૌંદર્યદ્વારા પ્રભુ પૂજન
ટ્યુટોનિક	જીસસ ક્રાઇસ્ટ	વ્યકિતત્વ અને પ્રેમપૂર્વક ત્યાગ

જેઓ સિદ્ધસંઘના સંબંધમાં વિશેષ જાણેછે તેઓ કહે છે પહેલી ચાર ઉપ પ્રજા વખતે સંઘના ધર્માધિકારીનું પદ ધારણ કરનાર એ મહાત્મા હતા કે જેમણે આશરે અઢી હજાર વર્ષ પહેલાં બુદ્ધની દીક્ષા લીધી અને તે અધિકાર પોતાની સાથે કાર્ય કરનાર બીજા મહાત્મા કે જેમને હિંદુધર્મમાં મૈત્રેય ઋષિના નામથી ઓળખવામાં આવે છે અને જેમને માટે ભાગવત પુરાણમાં થોડો ઉલ્લેખ કરેલો છે તેમને સોપ્યો. પાંચમી ઉપપ્રજાને સંદેશો આપનાર આ નવા અધિકારી હતા. તેમણે તે સંદેશ આપતી

વખતે મહાપુરૂષ જીસસના આયુષ્યના છેલ્લા ત્રણ વર્ષ સુધી તેમના (જીસસના) શરીરનો ઉપયોગ કર્યો હતો. અત્યારે પણ તેજ મહાપુરૂષ ધર્માધિકારી છે અને આગામી મહાપુરૂષ પણ તેઓજ છે.

આગામી મહાપુરૂષ ધર્મનો ભ્રાતૃભાવ શિખવતાં પ્રજાનો ભ્રાતૃભાવ શિખવશે. તેઓ કર્મ અને પુનર્જન્મનો નિયમ જગતને સમજાવશે અને તે નિયમના ઉપર આન્તરપ્રજાકીય ભ્રાતૃભાવ અને સામાજિક સુધારણા આરંભશે. તેમના શિક્ષણથી ભવિષ્યની લડાઇઓ બંધ થશે. પ્રજાઓનો સંઘ મજબૂત થશે અને પ્રજાઓ ઉપરથી લશ્કરી બોજો લગભગ સંદતર નીકળી જશે. શિક્ષણ શાસ્ત્રમાં પણ કોઇ નવીન રીતિ તેઓ બતાવશે. બાળકો જીવાત્મા છે, તેઓ પણ પોતાના ગત સંસ્કારો સાથે લાવે છે અને શિક્ષણ નોકરી માટે નહિ પણ મનુષ્યનાં સઘળાં તત્ત્વો ખીલવવા માટે હોવું જોઇએ એમ સમજાવશે, અને શારીરિક શિક્ષા કાર્યા સિવાય અને વખતો વખત ગુસ્સે થઇ કુમળાં બાળકને કરમાવી નાંખ્યા સિવાય શિક્ષણ કઇ રીતે આપવું તે આપણને બતાવશે. તેઓ માત્ર અંહિ જણાવેલી રીતેજ ધાર્મિક, રાજકીય, સામાજિક અને શિક્ષણ વિષયક પ્રશ્નોના ફડચા કરશે અને બીજી રીતે નહિ એવું કોઇએ માનવાનું નથી. અહિંયા તેમનાં કાર્યની જે રૂપરેખા બતાવી છે તે કાળની નીશાનીઓ પરથી કલ્પેલી છે. તે મહાપુરૂષ તો જ્ઞાન, પ્રેમ અને દયાની મૂર્તિરૂપ હશે તેઓ આપણને હજારો રીતે સહાય કરશે અને અત્યારસુધી નહિ કલ્પેલા અનેક માર્ગો પણ બતાવશે. જ્યારે જગતને કોઇ નવીન સુધારણાની જરૂર હોય છે ત્યારેજ મહાપુરૂષ જગતમાં પધારે છે અને કેટલીક નવીન રીતિઓ અને નવીન દૃષ્ટિબિંદુઓ તેઓ આપી જાય છે.

કાળની નીશાનીઓ પણ કંઇ ગુપ્ત નથી. સર્વ ધર્મને માન આપનારી અને સર્વ ધર્મમાં જે કાંઇ ગ્રહણ કરવા જેવું સત્ય હોય તે ગ્રહણ

ફરનારી અને કોમ, ધર્મ, જાતિ, વર્ણ અને રંગનો ભેદ રાખ્યા સિવાય આખી માનવ જાતિના ભ્રાતૃભાવનું શિક્ષણ આપતી થીઓસોફીકલ સોસાયટી જગતમાં આન્તરધાર્મિક અને આન્તરરાષ્ટ્રીય ભ્રાતૃભાવનો પ્રચાર કરી રહી છે. જગતના ધર્મોપણ પહેલાના કરતાં એક બીજા પ્રત્યે ઘણી સહનશીલતા બતાવવાનું શિખી રહ્યા છે. રાજકીય ક્ષેત્રમાં પણ પ્રજા સંઘનો જન્મ થયો છે. અત્યારે તે બાલક છે, અશકત છે. પણ ભવિષ્યમાં તે અનેક સુધારાઓ કરવા શકિતવાન થશે એમ દીર્ઘદૃષ્ટિવાળા પુરૂષો કહે છે. સમાજસુધારા માટે પણ જુદા જુદા સંઘો અને મંડળો ઉત્પન્ન થવા માંડયા છે. આ મંડળો અત્યારે તો મોટે ભાગે આદર્શજ રાખી રહ્યા છે. જગતની રાજકીય વ્યવસ્થા શરૂ થયા બાદ કદાચ સામાજીક વટોળીયો શરૂ થશે. ત્યાર બાદ અત્યારનાં સમાજસુધારાની ભાવનાવાળા મંડળો સારૂં કાર્ય કરી શકશે. શિક્ષણ શાસ્ત્રમાં પણ અવનવા પ્રયોગો છૂટાછવાયા થઇ રહ્યા છે. વિજ્ઞાનશાસ્ત્ર પણ ધીમે ધીમે ધર્મ તરફ ઢળતું જાય છે. આ સઘળા નવીન આદર્શો અને નવીન ભાવનાઓએ નવા જમાનાની નીશાનીઓ છે. જુની સંસ્કૃતિ તુટતાં આ નવી ભાવનાવાળા મંડળો દ્વારા નવી સંસ્કૃતિ રચાશે. નવી સંસ્કૃતિ રચનાર ભાવી **વિશ્વ કર્મા** માટે જગતૃમાં જુદે જુદે સ્થળે જુદી જુદી સામગ્રીઓ તૈયાર થઇ રહી છે. કાળની આવી નીશાનીઓ સમજનાર મનુષ્ય કોઇ પણ બળવાની પ્રવૃત્તિને ટેકો આપતો નથી. કારણ કે બળવાના નાયકો પાસે રચનાત્મક કાર્યક્રમ મોટે ભાગે હોતોજ નથી. તેઓ જેને રચનાત્માક કાર્યક્રમ કહેતા હોય છે તે માત્ર કલ્પનારૂપ અગર તો જુના જમાનાની સંસ્કૃતિનો હોય છે, નવા જમાનાની સંસ્કૃતિનો નહિ. ઇશ્વરી યોજનામાં વિકાસક્રમ છે, બળવો નથી. અને તે યોજના સમજનાર હમેશાં વિકાસક્રમને ટેકો આપે છે, બળવાને નહિ.

જગતૃમાં કોઇ મહાપુરૂષ પ્રગટ થશે એવી માન્યતા દુનીયાના ઘણા

ધર્મમાં છે. હિંદુભાઇઓ **કલ્કિ** અવતારમાં માને છે. પારસીભાઇઓ **સોશીઓસ**ના આવવાની વાત કરે છે. મુસલમાનભાઇઓ હજરત **ઈમામ મેહદીના** આવવાની વાટ જુવે છે. બૌધભાઇઓ **મૈત્તેય બુદ્ધ** પધારનાર છે એમ કહે છે. ખ્રીસ્તીભાઇઓ **ક્રાઇસ્ટ**ના પુનરાગમનમાં માને છે, જૈન ભાઇઓ **યુગપ્રધાનમાં** માને છે. આ મહાપુરૂષો કયારે જગત્માં પધારશે અને પધારીને શુ કરશે તે દરેક ધર્મમાં પોતપોતાની રીતે બતાવવામાં આવ્યું છે. મુખ્ય મુદ્દો એજ છે કે જગત્ના ધર્મોમાં પણ આવી માન્યતા છે.

જે લોકો જગત્ની આધુનિક પરિસ્થિતિ પરથી કોઇ મહાપુરૂષ જગત્માં પ્રગટ થશે એમ માનતા હોય, તેઓએ તે માન્યતા પ્રમાણે જીવન ગુજારવા પ્રયત્ન કરવો જોઇએ. જે માન્યતા જીવનમાં ઉતરતી નથી તે ખરી માન્યતા નથી. તેમ જે માન્યતા જ્ઞાન ઉપર બંધાયેલી નથી તે વધારે વખત ટકી શકતી નથી. આગમનમાં માનનાર લોકોને નીચેની બાબતો ખાસ લક્ષમાં રાખવાની જરૂર છેઃ-

(૧) કોઇપણ ધર્મ પ્રત્યેનો ધિક્કાર જો પોતાના દીલમાં હોય તો તે દૂર કરવો જોઇએ, કારણ કે સઘળા ધર્મોનું મૂળ એકજ છે અને સઘળા જીવોને તેમના વિકાસમાં સહાય કરવાનું ધ્યેય પણ એકજ છે.

(૨) કોઇપણ પ્રજા કે કોમ માટેનો ધિક્કાર પોતાના હૃદયમાંથી કાઢી નાંખવો જોઇએ, કારણ કે પ્રભુની દૃષ્ટિએ તો આખી માનવજાતિ એક કુટુંબરૂપ છે, અને મહાપુરૂષ પધારશે તે આખી માનવજાતિ માટે પધારશે કોઇ અમુક પ્રજા, કોમ કે સંસ્થા માટે પધારશે નહિ.

(૩) જેટલાને આપણે સમજી શકીએ તેટલાનેજ આપણે પ્રસંગ આવે સહાય કરી શકીએ. જો આપણે ઘણાને સહાયભૂત થવા ઇચ્છતા હોઇએ તો આપણે ઘણાને સમજવા પ્રયત્ન કરવો જોઇએ. મહાપુરૂષ પધારે ત્યારે તેમના કાર્યમાં સહાય ભૂત થવા ઇચ્છનારે ઘણાં લોકોને સમજતાં શીખવું જોઇએ.

(૪) મહાપુરૂષ, જ્યારે જગત તૈયાર થશે ત્યારે આવશે માટે તેમના આગમનમાં માનનારે પોતે તૈયાર થવા અને બની શકે તેવી રીતે બીજાને તૈયાર કરવા માટે અત્યારથીજ પ્રયત્ન ચાલુ રાખવો જોઇએ.

(૫) રાજકીય, સામાજિક, ધાર્મિક અને શિક્ષણ વિષયક પ્રવૃત્તિઓમાં મહાપુરૂષ જગતમાં પધારીને કદાચ અમુક રીતની સુધારણા કરશે એમ જેઓ માનતા હોય તેઓએ તેવી સુધારણા પોતાના જીવનમાં અને ઘરમાં શરૂ કરી દેવી જોઇએ.

(૬) પરમસત્ય, પરમપ્રેમ, પરમસ્વાર્થત્યાગ દરેક મહાપુરૂષમાં હોયજ. તેમના કાર્યમાં તેજ મનુષ્ય સહકાર કરી શકે કે જે ઉપરના ગુણોને હમેશાં ખીલવી રહ્યો હોય.

(૭). મહાપુરૂષ નવા જમાનાને સાથે લાવે છે. એટલે તેમનું આગમન માત્ર અમુક શરીરમાં કે અમુક દેશમાંજ થાય છે એમ નથી પણ નવા જમાનાની નવીન ભાવનાને ઝીલી શકે તેવા દરેક હૃદયમાં પણ થાય છે. જગત્ માટે મહાપુરૂષને આવવાનો વખત હજી કદાચ નથી થયો. પરંતુ જે મનુષ્ય નવી સુધારણાની દિશા જોઇ શકયો છે અને તે પ્રમાણે પોતાનું જીવન ઘડી રહ્યો છે તેના હૃદયમાં તો તેમનો પ્રકાશ પ્રગટી રહ્યો છે. એ પ્રકાશના તેજમાં અંજાઇ જઇ કોઇ ખોટે માર્ગે ન ચઢી જવાય તે માટે પણ સાવધાન રહેવાની જરૂર છે.

પુસ્તકના અન્તમાં લેખકની પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે કેઃ—

उत्तिष्ठोत्तिष्ठ गोविंद !
उत्तिष्ठ गरुडध्वज !
उत्तिष्ठ कमलाकान्त !
त्रैलोक्यमंगलं कुरु ॥
लोकाः समस्ताः सुखिनो भवन्तु ॥

શુદ્ધિપત્ર.

પાનું	૩	पुण्यर्विना	ને બદલે વાંચો	पुण्यैर्विना
,,	૫	લીટી ૨૦ માં વસ્તુ	,,	વસુ
,,	૭	उत्पतिरेव	,,	उत्पत्तिरेव
,,	૭	शाश्वतिः	,,	शाश्वती
,,	૭	લીટી ૮ માં કરવા પડે તેટલાં સહન કરવાં	,,	કરવાં પડે તેટલાં સહન કરવા
,,	૭	લીટી ૧૬ માં સૌ લાખન	,,	સો લાખન
,,	૮	લીટી ૭ માં યજદાં	,,	યઝદાં
,,	૧૬	बुद्धि यो	,,	बुद्धि यों
,,	૧૯	हेतुकन्	,,	हेतुकम्
,,	૧૯	संश्वयः	,,	संश्रयः
,,	૨૦	કોઠામાં ક્ષર પુરૂષ વા અવ્યક્ત	,,	ક્ષર પુરૂષ વા વ્યક્ત
,,	૨૬	લીટી ૨ તપશ્ચર્ય	,,	તપશ્ચર્યા
,,	૨૭	प्रतिकुल्लानि	,,	प्रतिकूलानि
,,	૨૮	मा पार्थ	,,	मां पार्थ
,,	૩૦	સનતકુમાર	,,	સનત્કુમાર
,,	૩૬	લીટી ૧૪ માં તેને માને	,,	તેમનામાં માને
,,	૩૭	લીટી ૧૬ માં જીઝી શકે	,,	ઝીલી શકે
,,	૩૯	લીટી ૮ માં पूवेषामपि	,,	पूर्वेषामपि
,,	૩૯	લીટી ૨૩ માં આવનાર	,,	આપનાર

પાનું	૫૪	લીટી ૨૪ માં તેને	,,	તે
,,	૬૩	લીટી ૧૫ માં **શંકરાચોર્યે**	,,	**શંકરાચાર્યે**
,,	૬૫	લીટી ૯ માં આત્મા સાક્ષાત્કારની	,,	આત્મસાક્ષાત્કારની
,,	૬૬	લીટી ૧૨ માં શિખવો	,,	શિખવું
,,	૬૭	લીટી ૨૦ માં ભુર્વલોક	,,	ભુવર્લોક
,,	૮૦	લીટી ૨૨ માં **भक्तिमान्य:**	,,	**भक्तिमान्य:**
,,	૮૦	**म च**	,,	**स च**
,,	૮૫	લીટી ૧૨ માં સામરાજ્ય	,,	સામ્રારાજ્ય
,,	૮૮	લીટી ૨૨ માં રહી	,,	રહી છે,
,,	૯૪	લીટી ૧૦ માં ધર્યો	,,	ધર્મો
,,	૯૭	લીટી ૧૨ માં કાર્યા	,,	કર્યા
,,	૯૯	લીટી ૨૦ માં માતવજાતિ	,,	માનવજાતિ

કોઇ કોઇ જગ્યાએ યંત્રની ગતિને લીધે રેફ, અનુસ્વાર, માત્રા, ઇ કે ઉ ના ઉપર નીચેનાં પાંખયાં ઉડી ગયાં છે તે સુધારીને વાંચી લેવા માટે વાંચકવર્ગને વિનતિ છે.

થીઓસૉફીકલ કુસુમમાળા.

લેખક

હરજીવન કાલીદાસ મહેતા.

કુસુમ.	નામ.	કીમ્મત.
૧	મહાત્મા અથવા જીવનમુકત (થોડી નકલો બ્લેવેટસ્કી લોજમાં છે.)	૦—૧—૦
૨	મનુષ્યમાંથી મહાત્મા	૦—૧૦—૦
૩	આધુનિક પરિસ્થિતિ અને નજદીકનું ભવિષ્ય (છપાય છે.)	૦—૨—૦
૪	શિષ્યજીવન વા નિત્યજીવન.	ભવિષ્યમાં પ્રગટ થશે.
૫	કર્મ: વ્યકિતગત, રાષ્ટ્રીય અને આન્તર રાષ્ટ્રીય.	
૬	પુનર્જન્મ: કોનો? કેમ શામાટે?	
૭	અષ્ટાંગ યોગ.	

આ પુસ્તકો નીચેને સ્થળેથી મળશે:—

મેનેજર થીઓસૉફીકલ કુસુમમાળા.
રૂમ નં. ૧૯૯, મોરારજી ગોકુલદાસ માર્કેટ ચોલ,
કાલબાદેવી, મુંબઇ ૨.

બ્લેવેટસ્કી લૉજ, થીઓસૉફીકલ સોસાયટી,
૭૨, એપોલો સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

થીઓસૉફીકલ સોસાઇટી, ભદ્ર, અમદાબાદ.

થીઓસૉફીકલ સોસાઇટી, ભાવનગર.

થીઑૉસૉફીકલ સોસાઇટી.

આ સંસ્થા ઇ. સ. ૧૮૭૫ના નવેંબર માસની તા. ૧૭ મીએ અમેરીકા ખંડના ન્યુયોર્ક શહેરમાં સ્થાપવામાં આવી છે અને ૧૯૦૫ના એપ્રીલની તા. ૩ જીએ મદ્રાસમાં રજીસ્ટર્ડ કરવામાં આવી છે. આ સત્યશોધકોનું એક મંડળ છે. આ સોસાઇટીમાં કોઇપણ ધર્મનાં સ્ત્રી પુરૂષો દાખલ થઇ શકે છે. દાખલ થનારને પોતાનો ધર્મ છોડવો પડતો નથી તેમ કોઇ નવો ધર્મ સ્વીકારવો પડતો નથી. આ સંસ્થા આધ્યાત્મ રીતે માનવ જાતિની સેવા કરે છે, જડવાદને પ્રસરતો અટકાવે છે અને ધર્મભાવનાને જાગ્રત કરી પોષે છે. તેના ત્રણ જાહેર કરેલા ઉદ્દેશો નીચે મુજબ છેઃ—

પહેલો ઉદ્દેશઃ—કોમ, ધર્મ, જાતિ, વર્ણ અને રંગનો ભેદ રાખ્યા સિવાય મનુષ્ય જાતિના વિશ્વબંધુત્વનું એક કેંદ્ર સ્થાપવું.

બીજો ઉદ્દેશઃ—સરખામણીની દૃષ્ટિએ ધર્મના અભ્યાસ, તત્ત્વવિદ્યાના અભ્યાસ અને વિજ્ઞાન શાસ્ત્રના અભ્યાસને ઉત્તેજન આપવું.

ત્રીજો ઉદ્દેશઃ—કુદરતના નહિ સમજાયેલા નિયમોની શોધ કરવી અને મનુષ્યમાં ગુપ્ત રહેલી આધ્યાત્મશક્તિઓને ખીલવવી.

આ સંસ્થાના મુખ્ય સ્થાપકો મેડમ બ્લેવેટસ્કી અને કર્નલ ઑલ્કૉટ હતા. આ સોસાઇટીના પ્રમુખઃ ડૉ. એની બેસન્ટ છે અને ઉપપ્રમુખ શ્રીયુત સી. જીનરાજદાસ એમ. એ. (કેમ્બ્રીજ) છે. આ સંસ્થાની શાખાઓ અને મથકો દુનીયાના જુદા જુદા પાંત્રીશ દેશોમાં છે અને તેનું મુખ્ય મથક અડીયાર—મદ્રાસ—માં છે. હિંદવિભાગનું મથક કાશીમાં છે.

આ સંબંધમાં વધારે માહીતી મેળવવા ઇચ્છનારે જનરલ સેક્રેટરી થીઑસૉફીકલ સોસાઇટી, બનારસ સીટીને અથવા તો આ પુસ્તકના લેખકને મોરારજી ગોકુલદાસ માર્કેટ ચાલ, કાલબાદેવી, મુંબઇને શીરનામે લખવું.

PRINTED AND PUBLISHED AT THE "BHARATA-SEVA" PRINTING PRESS. 59, DHASWADI, DHOBI TALAO, BOMBAY, BY HARJIVAN KALIDAS MEHTA.